...તા રે'જો

આ યુગ જાગૃતિનો કહેવાય છે. કહે છે કે "હવે લોકોમાં ...ત આવી છે. લોકો સમજતા બોલતા; વિચારતા થયા ... શ્રીમંતો પૈસા વાપરતા શીખ્યા છે; નિરક્ષરો ભણવાનું ...જ્યા છે; નારીઓ પડદા ચીરીને પ્રકાશની દુનિયામાં આવ... ...નું સમજી છે. પછાતો સ્વ-હકને સમજવા લાગ્યા છે; ...તો યુગના વહેણને ઓળખીને નમતું જોખતા શીખ્યા છે"

કેવા છેતરપીંડીભર્યાં ભયાનક વિધાનો ! સમજણપૂર્વક ...રા મૂકવામાં આવેલા નરદમ જુઠાણાઓ.ના-ભૂખ્યા વરુઓ ...વિચારો !

એક બોલ્યો; બીજો બોલ્યો, ઘણા બોલ્યા. જોઈ લો, ...ગાડરનું ટોળું. કોઈને કશું ય જાણવું નથી; તપસ કરવી ...નથી; ભેદ પકડવા નથી...ફુરસદ જ નથી સહુ સહુની દુનિ...યામાં પડયા છે. વિરાટ બ્રહ્માંડની કોઈને પરવાહ નથી બ્રહ્માં...ડની વાતો જ કરવી છે; નામના જ કમાઈ લેવી છે.

જાગૃતિનો યુગ ? શેની જાગૃતિ ?

આંતરવિકારોની જ ને !

કામનાઓની અને નામનાઓની જ ને ?

સત્તા લોલુપતાની અને સંપત્તિની અગનઝાળ ભૂખની જ ને !

શા...ન હતી આંતરવિકારોની જાગૃતિ ચૌદમી સદીમાં ...વીસમી, એકવીસમી સદીમાં જ આ જાગૃતિ આવી છે. ઓહ! ...તો શા માટે આ "જાગૃતિ" ને ગર્ભિત રાખો છો ?

ઓ, શિક્ષિત ગણાતા લોકો ! ઓ, સત્તાધારીઓ ! તમે પાંચ-પચાસ લાખ લોકો, પંચાવન ક્રોડની પ્રજાને આંખે અવળા પાટા શાને સારુ લગાવો છો ? તમે કહો છો કે

બહ્લુઓની ક્રૂર લડાઇ ક્યારે ય ન હતી. અને છતાં સૌ
મોજમાં હતા. ભેદમાં અભેદની એ ભવ્ય સાધના સદા જીવંત
હતી માટે સ્તો.

મહાસંતો દીધી સંસ્કૃતિના રખોપા સંતો યત્ર, તત્ર
સર્વત્ર સદા રોન મારતા જાગૃત રહેતા; સહુને "જાગતા
રે'જો..." સાદ દઇને જાગતા જ રાખતા.

જવા દો જાગૃતિના યુગની એ જૂઠી છલનાઓ!
ભારતીય સંસ્કૃતિના કયા અંગને છિન્નભિન્ન કરવામાં હવે બાકી
રહી છે? હવે તો થોભી જાઓ... કોકે તમને "સરદારજી"
બનાવ્યા છે. પણ થોભો... ફેર વિચાર કરો... સાચું વિચારવા
સાચા સંતો પાસે જાઓ અને સન્માર્ગે વળો.

ખૂબ વિશ્વાસપૂર્વક ટૂંકમાં જણાવી દઉં કે, "આ કાળ
જાગૃતિનો નથી; અઘોર નિદ્રાનો છે; પ્રગતિનો નથી; ખતરનાક
પીછેહઠનો છે; પનોતા પ્રકાશનો નથી; સળગાવી મારતા
ભડકાનો છે; વિકાસનો નથી, વિનાશનો છે.

હા...જાગૃતિ; પ્રકાશ અને વિકાસ કહેવા જ હોય તો
કહો, અનાચાર; અનીતિ; અન્યાય; અને ઠોસ નાસ્તિકતાના...

સદાચાર, નીતિ; ન્યાય; અને ઇશ્વરભક્તિના ઉપકારક
અંગોને તો લગભગ લકવા જ લાગુ થઈ ગયો છે.

પણ...ના...હજી મરી નથી પરવારી મહાસંતોની એ
આર્ય સંસ્કૃતિ.. શહેરોમાં પણ હજી ઓક્સીજન ઉપર તો
એ જીવી જ રહી છે... ગામડાઓમાં તો એના પ્રાણોની પૂર-
બહાર પણ જોવા મળી છે.

અને માટે જ મોટેથી સાદ દઉં છું. "જાગતા રે'જો"

ઊંઘતા ઝડપાઇ ન જાઓ માટે સદા જાગતા રેજો...

આર્યસંસ્કૃતિના પ્રાણવાન રત્નો તમારા ઘરમાંથી ચોરાઈ
ન જાય માટે જાગતા જ રે'જો... ચોટ્ટાઓ તમારા ઘરની ચાર
તરફ રોન મારી જ રહ્યા છે.

જાગતા રે'જો

સંક્ષિપ્ત અનુક્રમણી

[illegible]

[illegible]

[illegible]

[illegible]

— [illegible]

[૧]

સંસારનું નગ્નસ્વરૂપ

[૧] રૂડી નહિ છાયા છે, આ સંસારની
[૨] સુખ-દુઃખ; પુણ્ય-પાપ; ધર્મ-અધર્મ

દગાબાજ સંસાર

દિમાગથી લડાવેલી વાતો કદાચ નિષ્ફળ વહી જશે શ્રોતાઓના કર્ણપટ ઉપરથી; પરન્તુ દિલના તારેતાર ઝણઝણાવી નાંખીને શુદ્ધિ સાથે વહેતી મુકાતી વાતો કદી નિષ્ફળ નહિ જાય. જરૂર. એમાં ય એ વક્તાની કોઈ વિશેષતા નથી. પણ શ્રોતા આર્યભૂમિના માનવ છે એ જ એ શ્રોતાની વિશેષતા છે.

મને કદી અંતરથી એમ લાગતું નથી કે આ કળિકાળમાં મારો ધર્મદેશનાનો યત્ન વાંઝીઓ બની રહ્યો છે. ભલેને મારા વિચારો શ્રોતાઓના જાગૃત મનમાંથી થોડા જ કલાકમાં રવાના થઈને સુપુપ્ત મનમાં ચાલ્યા જતા. છતાં એક વાતની મને ખાત્રી થઈ ચૂકી છે કે આ સંસાર અત્યન્ત દગાબાજ છે. જીવમાત્રને હેરાન કરવાનો, પછાડવાનો, એકાએક લોહી વમતો કરી દેવાનો જ એનો સ્વભાવ છે. જીવોને જ્યાં સુધી પુણ્યનો સહકાર મળતો રહે ત્યાં સુધી જ એ દગો રમાય નહિ. પણ એક દી તો દરેકના જીવનમાં આવે છે. જેમાં કોક સોનેરી સ્વપ્ન ધૂળભેગું થાય છે. અથવા માટીનો માનવ એકનો એક દીકરો સ્મશાન ભેગો થાય છે; અથવા રૂપવતી પત્ની કોઢના રોગનો ભોગ બને છે; કાં ધંધામાં ભયંકર ફટકો પડે છે અથવા તો કેન્સરની ગાંઠનું નિદાન જાહેર થાય છે.

એ દિવસે હું જરૂર યાદ આવીશ. મારા વિચારો ટપોટપ તમારા જાગૃત મનમાં દોડી આવશે. અને એ જીવાત્મા પોતાના વિનાશના પંથે ધસી જતા જીવનને બ્રેક મારી દઈને એટલા જ વેગથી વિકાસના પંથે વણથંભી દોટ મૂકી દેશે.

મને ખબર છે કે, "સંસાર સહુનો દગાબાજ છે." માટે જ દેશના નિષ્ફળ ગયાની વાતનો હું ઝટ સ્વીકાર કરતો નથી.

સુખી : વર્ત્તમાનમાં ય દુઃખી

સંસારરસીઓ સુખી આત્મા પરલોકમાં તો દુઃખી થાય જ; કારણ અનેક રોગોનો ભોગ બનતો જતો તે મરણ વખતે ય રિબાય; પણ એ આત્મા વર્ત્તમાનકાળમાં ય દુઃખી જ હોય.

જેને સંસારના સુખોના રસનો જોરદાર ચટકો લાગી ગયો હોય તેને જેટલું સુખ પ્રાપ્ત થાય તે ઓછું જ પડવાનું.

આ અતૃપ્તિ એને અત્યન્ત ત્રાસજનક બની રહે. ભોગના કાળમાં પણ આ પીડા એના મનને પજવ્યા જ કરે. આથી જે સુખ એને મળ્યું છે એનો સાંસારિક આનંદ પણ 'જે નથી મળ્યું' એની ચિન્તામાં બળીને ખાખ થઈ જતો હોય છે, ફ્રૅયાટમાં બેસનારને મર્સીડીઝ ન મળ્યાની ચિંતા જ સતાવ્યા કરતી હોય છે. આવી સ્થિતિ સુખના તમામ પ્રકારોમાં ઉદ્ભવે છે.

અતૃપ્તિના આ દુઃખને ક્યાં ય ટપી જાય એવું બીજું પણ દુઃખ જાગી પડે છે. એનું નામ છે ઇર્ષ્યા.

પોતાને ન મળ્યાના અતૃપ્તિના દુઃખ કરતાં બીજાને વધુ મળ્યાની ઈર્ષ્યાનું દુઃખ અત્યન્ત અસહ્ય બની જાય છે.

ચાર માળના મકાનમાં રહેવા જતો શેઠ, બાજુમાં જ પાંચ માળનું મકાન બનતું જુએ તો એનું અંતર બળી ઝળીને ખાખ થઈ જાય છે !

સંસારરસિકો સંસારમાં કદી સુખી હોઈ શકે નહિ. અતૃપ્તિ અને ઇર્ષ્યાની બે આગ એમને બાળી બાળીને ખાખ કરે જ; કરે.

ભોગનો ગુલામ-ભોગી અવશ્ય દુઃખી હોય. ભોગનો સ્વામી-ભોગી પ્રાયઃ દુઃખી ન હોય. તમે કોણ છો ? ભોગોના તાબામાં તમે છો કે તમારા તાબામાં ભોગો છે ?

[illegible]

[illegible]

સર્વે ગુણોમાં કોઈક દુર્ગુણની એકાદ ચિનગારી પડે છે અને બધું જ જલાવતી રહે છે. [illegible] 'ગુણી' ઘણીખરા બની શકતા હોય છે.

શાથી આમ બનતું હશે ?

જન્માંતરના કારણ તપાસીએ તો એમ કહી શકાય કે એ જીવનમાં કરેલા ધર્મો સાંસારિક વાસનાઓના પ્રેમપૂર્વકના હતા. આ જીવનમાં કારણ તપાસીએ તો એમ કહી શકાય કે એને કોઈ ધર્મગુરુનો સાચો યોગ થયો નથી. આ સિવાય બીજું તો કયું કારણ હોઇ શકે ?

કેવો સ્વાર્થી સંસાર ?

સંસાર સુખમય હોય તો પણ અસાર છે. શાથી ?

આ પ્રશ્નનો ઉત્તર અનેક રીતે આપી શકાય. એમાંનો એક ઉત્તર એ છે કે સંસાર આખોય નર્યા સ્વાર્થથી ભર્યો છે. કોઈને જાણે કોઈની પડી નથી. સહુ સહુની દુનિયા બનાવીને બેઠા છે. ભારતની મૈત્રીની વાતો કરનારા ગુજરાતીને ગુજરાતી સાથે કે સૌરાષ્ટ્રવાસી સાથે તો પ્રેમ નથી પરંતુ એકજ ભીંતે અડીને રહેતા પાડોશીની સાથે ય પ્રેમ નથી.

પત્નીને ગરમ પાણીની ઝાળ લાગે તો જે માણસનો જીવ અદ્ધર થઈ જાય છે તે જ માણસ પડોશમાં જ ચીસો પાડતી બળી મરતી સ્ત્રી માટે લેશ પણ હમદર્દી ધરાવતો નથી. એ વખતેય ચાના કપમાં એ મસ્તાન હોય છે. મનોમન બબડી નાંખે છે, "મારે શું ? એવા તો કેટલાય બળી મરતા હોય છે !"

કેવું પતિત્વ ? કે જે પત્ની સિવાયના સર્વ જીવો પ્રત્યેની હમદર્દીને પણ ખતમ કરી નાખે છે. પતિત્વ જેવા જ બીજા ભાવો છે જેને પુત્રત્વ, સાસુત્વ, ફોઈત્વ વગેરે કહેવાય છે. આવા 'ત્વ' થી ભરેલા સંસારમાં સ્વાર્થભાવના કેટકેટલા વર્તુળો છે ? એ સંકુચિત વર્તુળની બહાર જેટલા ગયા એ બધાય મરવા લાયક ! ! !

આગલા દિવસે દીકરાને પરણાવ્યાનો ફોટો સમાચાર સહિત બીજા દિવસના છાપામાં આવવાનો હોય અને સાથે જ કોઈ રાષ્ટ્રીય મહાન વ્યક્તિના મૃત્યુના સમાચાર આવ્યા હોય તો કયા સમાચાર વાંચવાની ઉત્સુકતા હોય ! લગ્નના જ ને ?

આથી જ આ સંસાર અસાર છે. જ્યાં પતિત્વ, પુત્રત્વ વગેરેમાંનું એક પણ વર્તુળ નથી, જ્યાં સર્વ જીવો સાથે ભરપૂર પ્રેમ છે એ સંતજીવન જ સુંદર છે ! તે જીવન કદાચ બાહ્યદૃષ્ટિએ દુઃખમય પણ ગણાતું હોય તો ય સુખમય સંસાર કરતાં અતિશય સુંદર છે; કેમકે ત્યાં સ્વાર્થની ભયંકર બદબુ નથી.

કેવો છે આ સંસાર! કેટલાં દુઃખ વેઠાવે અને કેટલાં કરાવે!

આ બધુંય કરાવ્યા બાદ જે સુખ સાંપડી મળી તેમાં ય માલ નહિં, દુઃખના ભેળવાળા....

ગુલાબનાં પુષ્પની સુગંધ માણી....પણ કાંટા ખાઈને ....જ

કાગદી બદામનો ભુક્કો ખાધો...પણ બે કડવી બદામ વે જ....

સુખના આસ્વાદની સઘળી મજા બગાડી નાખનાર ભાવવાળો આ સંસાર!

અને પછી ય શું? છેવટમાં છેવટ મોત દ્વારા એ ભોગ્ય સુખોથી વિખૂટા પાડીને જ રહેતો આ સંસાર?

ગાઢ આસક્તિ ભલે ને હોય તમારા બાળકો ઉપર તમને, ભલેને અત્યન્ત પ્રિય હોય તમારી પત્ની; ભલેને ખૂબ ગલગલીઆ કરાવતો હોય તમારો પૈસો....પણ બધું ય મૂકી જ દેવું પડશે. મૂકીને ચાલ્યા જ જવું પડશે, ગમે ત્યાં નહિ; ઘનઘોર દુઃખોના વાદળો–જેના અંતરીક્ષ અંધારીઆ બનીને અતિભયાનક બન્યા છે તેવી નારકોની દુનિયામાં!

આ તો બધી દૂરની વાત કરી. સંસારની વિચિત્રતા તો જુઓ કે મરણ થયા બાદ બે જ કલાકમાં સહુને સમાન બનાવી દે છે.

સેન્ટ, અત્તરના લપેડા કરીને દેહને અતીવ સુગંધિત રાખતો એક અબજોપતિ! ગંધાતા પસીનાના રેલા નીતાર્યે જતો એક મજૂર! બેયના શબ સળગી જાય; એની સંપૂર્ણ રાખ બની જાય; પછી છે કોઈની તાકાત કે તે બેયની રાખને ઓળખાવી શકે! અત્તર, પસીનાની ગંધ પણ તે રાખમાં નહિ! જીવનભરના અત્તરના લપેડા રાખમાં સૂંઘવા ય ન મળે! ઓહ! તો માનવ! તું આવા ક્ષણજીવી વૈભવોને વેચાઈ ગયો છે!

હાય! જીવન!

પાણીમાંથી ય આગ ! હવે ક્યાં જશો ?

દુઃખને સહુએ આગ માની લીધી છે ! બધા ય જાણે એનાથી ફફડે છે. એને દૂર કરવા માટે લોકો સુખની સામગ્રી તરફ નજર માંડે છે, તે તરફ દોટ મૂકે છે.

જાણે કે એમણે એવું માની લીધું છે કે, સુખની સામગ્રી એ તો પાણી છે, દુઃખની આગને એ જ ઠારી શકે.

ભલે.........ભવના ભ્રમણને વધારનારા આ ભ્રમને ન જ કાઢવો હોય તો તમે જાણો, પણ એક વાત ચોક્કસ સમજી રાખજો કે, આ જગતના અનેક લોકો ભ્રમના આ વમળમાં ફસાયા છે અને જીવનથી બરબાદ થયા છે. અને મરણથી ખૂબ રિબાયા છે. એવા લોકોએ સદ્ગતિના દ્વારે પોતાની જાતે જ તાળાં મારી દીધાં છે.

આગથી ભડકીને લોકો પાણીના પ્રેમમાં પડ્યા અને પાણી લઇ આવ્યા. પણ અફસોસ ! એ પાણીમાંથી જ આગ ભભૂકી ઊઠી ! પૂર્વની આગથી ઘણી બદતર ! પૂર્વની એ આગને બહેતર મનાવે તેવી !

સુખની સામગ્રીના પાણીમાંથી શું અગન જ્વાળાઓ નથી ભભૂકી ઊઠતી ? ઈર્ષ્યા અને અતૃપ્તિ જીવનને કોરી ખાય છે; કલેશ અને કંકાશ કૌટુંમ્બિક શાન્તિને હણી નાખે છે, ક્રોધ અને કામ સઘળાં ય પાપોનો અખાડો બની રહે છે. આવા સુખી જીવનમાં કશીય સારાવાટ ક્યાં છે ?

સમજાય તો સાનમાં સમજાય તેવી આ વાત છે કે, જો મન સ્વસ્થ રહે તો દુઃખમાં ય સદા દિવાળી છે અને જો મન અસ્વસ્થ બને તો સુખમાં ય સદા હોળી છે.

મનની સ્વસ્થતા પરપુદ્ગલના ઓછામાં ઓછા સંગમાં જ સંભવી શકે છે.

[illegible]

[illegible] આમાંના એક પણ [illegible] ... બોલી ઊઠો કે, "બાપ, આ તે કેવું દુઃખ!"

પણ તમને કહું કે, આ બધાંય દુઃખોને [illegible] એવાં એકબીજાની ચઢે તેવાં સુખના બે દુઃખ છે, તે તમે જાણો છો ખરા?

તમે કોઈ મહાપુણ્યશાળી ગણાતા શ્રીમંતને ત્યાં જઈ જુઓ અને તેમની ખાનગી રૂમમાં બેસીને તેમના સુખદુઃખની વાત પૂછો. જો તમે તેમના અંગત મિત્ર બની શક્યા હશો તો કદાચ એ તમને બધી વાત કરશે.

ક્યાં છે સુખનાં એ બે દુઃખ? જાણો છો? નહિ જ ને? માટેસ્તો આખી દુનિયા દુઃખનાં દુઃખોથી મુક્ત થઈને સુખ પામવા તલસી રહી છે અને બધી દોડધામ કરી રહી છે; નીચમાં નીચ ગણાતા બધા રસ્તે નિર્લજ્જ બનીને દોડી રહી છે, માટેસ્તો મહામૂલા માનવજીવનને હોડમાં મૂકી દીધું છે.

દુઃખ છે— દુઃખના ભયાવહ

...નું એ દુઃખના બે દુઃખ છે— દુઃખના આ દુનિયાને સારી

...સાર મળે તેમાં એક પળની આ દુનિયાને ઘણા બધા લોકો

...તૃપ્તિ આપી દેવામાં આવે તો કદાચ ઘણું બધા શોક

...ની કેટલી પાછા ફરી જાય બધા, અને કદાચ કે ગાજુ

...એમાંથી કેટલા ઉત્સાહ કપાઈને નીકળી જાય છે,

..., અચાનક ઉભરી જાય. તો આ બે દુઃખની અસર જ ન

...હોત તો સુખની તે જીવનમાં સંપત્તિને આપણું દુઃખ કરી

...હેત."

સુખના એ બે દુઃખ છે: અતૃપ્તિ અને ઈર્ષ્યા. જેમ જેમ ...ળ મળતું જાય તેમ તેમ તે ઓછું પડતું જાય. લાખ રૂપિયા ...મળે તો ય લાખની માલિકીનું સુખ: નહીં કાલના કરોડપતિ ઉપર ...ને તો ય લાખની માલિકીનું સુખ: કરોડ ઉપર આવે ય— ...ત્યૂને, ઘણા કરીને ક્રમના વધારવાના ચેં ઉપર ના મળવાની ભૂખ ભૂલી ...કેવા ન મળે. ઓછું તો હવે પાંચ લાખ ન મળવાની ભૂખ તો ભાગતીને રાખ ...છે. એની ઉદાસીમાં લાખની માલિકીનું સુખ તો ... બની ગયું છે. આનું નામ અતૃપ્તિ....

બીજું દુઃખ છે ઈર્ષ્યાનું.......બીજાને પાંચ લાખ મળી ...કયા હોય તેને ન જોઈ શકવાનું. રાત ને દી આ ઈર્ષ્યાની ...રહી બળતી રહે અને દેવાને જલાવતી રહે. આ બે મનના ...જસાનક સંતાપ કરતાં તો મજૂરી કરીને પેટ ભરી લેવાના ...તનના તાપ ઘણા સારા...ઘણી શાન્તિ દેનારા.......

[illegible]

[illegible] નાસી ગયા.

પછી તો પ્રેમ જેવી વસ્તુ છે [illegible] છે. ચા, બીડી, તમાકુ, અફીણ આ બધા [illegible] ક્યાં મીઠાં છે? બધાય કડવા છે પણ એના નશાની ટેવ પડી જવા બાદ જે પ્રેમ ઉત્પન્ન થાય છે એ પછી કડવાશને વિચારવા જ દેતા નથી. આવું જ કાંઈક છે સંસારના કડવા [illegible]. નશાબાજોને એ મીઠાં મધ જેવા લાગી ગયા છે. હા, મોહના નશા ઉતરી જાય તો એ જ પળે એનું કડવું સ્વરૂપ પ્રગટ થઈ જાય અને એ સંસારમાંથી ફેંકાઈ જાય.

સર્પનું ઝેર જેને ચડી જાય છે એને લીમડા પણ મીઠા જ લાગે છે ને? માટે જ ઝેર ઉતર્યાની નિશાની લીમડાના કડવા રસની અનુભૂતિ ગણાય છે.

જેણે સાચું સુખ પામવું હોય તેણે જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા સાધુજીવનના પંથે પગ માંડવો જ પડશે. કાંટાળા અને કાંકરીઓ એને કહીને અવગણના ન કરો. એક જીવન એને જ સોંપી દો. અંતરથી સોંપી દો........પછી સંસારની કાળઝાળ આગવર્ષાથી સદા માટે મુક્ત બની જશો.

શી રીતે ડગ મૂકવો ? સંસારના પથ ઉપર

ભોગસુખના પંથે જેઓ ડગ મૂકે છે એ શું કશા ય સ્વપ્ન વિના ડગ મૂકતા હશે ?

એવો કોઈ માણસ હશે ખરો કે જે વેપાર કરવા નીકળ્યો હોય પણ કશું ય વિશેષ કમાઈ લેવાની ઈચ્છા જ ન હોય !

એવો કોઈ નિશાળે જતો વિદ્યાર્થી હશે, જેને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની તમન્ના જ ન હોય !

એવી કોઈ સુશીલ કન્યા હશે જે પોતાના પતિનો પ્રેમ અને પોતાનું અખંડ સૌભાગ્ય ઇચ્છતી ન હોય !

એવી કોઈ રૂપવતી હશે, જેને પોતાના રૂપનું આછું પાતળુંય ગૌરવ નહિ હોય !

એવો કોઇ પિતા હશે જે સ્વપુત્ર પાસેથી ઘડપણમાંય કોઇ અપેક્ષા કદી નહિ રાખતો હોય !

છતાં ય આ સંસાર કેટલો ભયાનક છે ! કેટલો નિર્દય છે તે તો જુઓ.

કેટલાય વેપાર કરવા નીકળેલા કરોડપતિ થવાની ભાવના-વાળાઓ રોડ ઉપર રઝળતા રોડપતિ થઈ ગયા ! કેટલાય વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થઈને આપઘાત કરી ગયા !

કેટલીયે કન્યાઓના સૌભાગ્ય ભરયૌવનમાં લૂંટાઈ ગયાં ! કેટલીએ રૂપવતીઓના દેહ કુષ્ઠરોગથી કહકહી ઊઠ્યા ! કેટલાય પિતાઓનાં ઘડપણ દીકરાઓએ જ બરબાદ કરી નાખ્યાં.

ભલભલાનાં અરમાનોને ચૂરચૂર કરી નાંખતા આ સંસાર સાથે સ્નેહ કરવો એય પાપ નથી તો શું છે ? શાણો હોય તે સાનમાં સમજી શકે છે કે ધાર્યું નહિ થવા દેનાર, અણધાર્યું ઘણું કરવાની કડક ફરજ પાડનાર આ સંસાર છે. સુખનો ભંગાર પણ નહિ પામવા દેનાર સંસાર પાસે કંસારની અપેક્ષા રાખનાર મૂર્ખ છે.

જાગતા રેજો

આ સુખનો ભંગાર પણ ક્યાં પામે છે ?

સંસારરસિકને ય તમે જઈને પૂછો કે, તારા આદર્શનું
અર્થાત તને જોઈએ તેવું સુખ મળી શકતું હોય તો
ણ ઇચ્છે ?
ઝટ કહેશે કે, તો તો પછી મારે તો ત્રણ શરતોવાળું
જોઇએ. પહેલું તો એ કે મારું સુખ કોઇ પણ દુઃખથી
ન હોવું જોઇએ, સુખ એટલે સુખ; એમાં દુઃખની ગંધ
જોઇએ. દા. ત. પૈસાનું સુખ લઇએ તો તેના રક્ષણાદિની
ભય વગેરે દુઃખ એની સાથે ભેળ પામેલાં ન જોઇએ.
બીજી વાત એ છે કે મને જોઈતા હોય તે તમામ જાતના
મળવા જોઈએ. માત્ર પૈસાનું સુખ ન ચાલે; સાથે સાથે
સ્ત્રીનું, વેપારનું, પરિવારનું તમામ સુખો મળવા જોઇએ.
બધાં દુઃખના ભેળ વિનાના જ હો.
ત્રીજી વાત એ છે કે દુઃખના ભેળ વિનાના સુખો
ર ય વિયોગ પામવા ન જોઈએ. ના, મરણથી પણ
બધા સુખોનો વિયોગ ન જ થવો જોઈએ.
બેશક, આજે તો મારું સુખ, દુઃખના ભેળવાળું જ છે;
ણ પ્રકારના સુખે સુખી છું તો બીજા દસ પ્રકારના સુખોનું
પ્ન પણ આવતું નથી, અને ઢંગધડા વિનાના મારા સુખો
મે ત્યારે વિયોગ પામી જવાના જ છે.
પણ આ તો મારા આદર્શ સુખની કલ્પના તમે પૂછી
માટે જ મેં તમને તેનું ચિત્ર દોરી બતાવ્યું, બાકી ખરી વાત
તો એ છે કે, વો દિન કહાં કી મીયા કે પાઉંમે જૂતી.
કેવું કરુણ અને તદ્દન સાચું બયાન છે સંસારરસિકનું !
બિચારો ! એના આદર્શ સુખનો ભંગાર પણ પામી શકયો નથી !
એ આદર્શ સુખ કયાંય નથી એમ કોઈ રખે માની લેતા ! મુક્તિના
પરમધામમાં એ જ સુખ છે. માટે જ તો મોટા ધનપતિઓ
ભાગ સદ્બુદ્ધિ પામીને નિર્ગ્રન્થ જીવનના કઠોર માર્ગે જાય છે ને ?

[illegible]

આ માટે [illegible] ! [illegible] ભોગો ! ક્યાં એ [illegible] ! [illegible] ગુજરાતના [illegible] !

આજના [illegible] ને તો ગુલામી [illegible] ! ચિંતાઓ કેટલી ? શરીર [illegible] ન તડકો, ન એ [illegible] શકે, ન [illegible] ગરમીમાં [illegible] શકે. આવામાં એક [illegible] ! [illegible] લાગે અને થોડું મોડું થાય તો ય મુશ્કેલી !

લક્ષાધિપતિ પોતાની તમામ મિલ્કતનો માલિક ન બની શકે, રાજકારણના કારણે સ્તો.

'મૂડ' જોયા વિના પોતાની પત્નીને પણ આ બનાવવાનું ન કહી શકે.

દીકરા દીકરીને તો ઊંચા અવાજે જરાક પણ ન બોલાઈ જાય એની ભારે તકેદારી રાખવી પડે !

મુનીમ તો જાણે શેઠનો શેઠ બનીને બેઠો હોય: કરચોરીનું પાપ ઉઘાડું પાડી દેવાની બંદૂક દર વર્ષે બતાડતો રહે અને પગાર વધારતો રહે !

રોગો ય ભયાનક ! ફેમીલી ડોકટરને પણ ન કહી શકાય તેવા !

ઘેનની ગોળી ખાઈને ઊંઘ લેનારા, ભૂખની દવાઓ ખાઈને ભોજન કરનારા, ઉત્તેજક દ્રવ્યો લઈને સંસાર જીવનારા લક્ષાધિપતિ હોય કે કરોડપતિ હોય ! અમારી દૃષ્ટિએ તો કરોડપતિ કરતાં ય વધુ દયાપાત્ર છે !

અપૂર્વ બળદીઓ ! સંસારી માનવ !

જગતના સંસારરસિક જીવોને સંતોની દયા આવે છે. એમને એમ લાગે છે કે, "સંતોને કોઈ ઘરબાર નહિ, કોઈ સ્ત્રી નહિ, બાળબચ્ચા નહિ.... કેવું એકલવાયું ભેંકાર જીવન ! મમતા વિના તે સુખ હોતું હશે ? માણસને ક્યાંક તો પોતાપણાની મમતા હોવી જોઈએ ને ! શી રીતે નિર્મમભાવમાં દિવસ–માસ–યુગો અને વર્ષો આ સંતો પસાર કરતા હશે બિચારા !"

શાબાશ........સંસારરસિક માનવ ! અમને 'બિચારા' કહેનાર તું જ હકીકતમાં બિચારો છે.

સંસારને રણની ઉપમા દઉં તો તને બળદીઆની ઉપમા દેવી પડે, રણની રેતીમાંથી માંડ માંડ તું પસાર થતો હતો તારી કિશોરવયમાં ! પણ તેં મુર્ખાઈ કરીને લગ્ન કર્યું. ઘંટીનું મોટું દૈત પડ તારા ગળે બાઝ્યું ! હવે એ રણની રેત પાર ઉતારવાનું કાર્ય વધુ વિકટ બન્યું. હાંફતાં હાંફતા ઘંટીના પડ સાથે તેં એ રણનો કેટલોક માર્ગ વટાવ્યો ત્યાં 'બાળક' નામના ઘંટીના નાના નાના પડ ગળે વળગતાં ચાલ્યા. એક, બે, ત્રણ, ચાર, પાંચ....!

હવે તારી એ દશા જોઉં છું ત્યારે મને તો ભારે દયા આવી જાય છે ! ચૌદ ચૌદ પગે (૫+૧+૧×૨) તારે ચાલવાનું. એક પણ પગને ગૂમડું જ થાય તો તું ય ક્યાં ય જઈ ન શકે. એક માણસ માંદુ પડે કે તારા પગે જંજીર ! ૧૪૪ મી કલમ તરત લાગુ થઈ જાય !

કહે બળદીઆ ! મને હવે તું જ કહે કે 'બિચારો' કોણ છે ! મમતાવાન્ કે નિર્મમ ! સંસારી કે સંત !

કશા ય બંધન વિનાના સ્વતન્ત્ર જીવનમાં તો મસ્તીનો સાગર ઘૂઘવે છે.

પણ કોઈને એ મસ્તી ન દેખાય તેમાં એ બિરાદરની આંખોનો જ દોષ કાઢવો ને ?

જીવનનું આ તે કેવું ભયાનક લીલામ !

જન્મનો મંડપ જ જોયો ને આ સંસારે ! [illegible] કરીને ૬૦-૬૫ વર્ષ સુધી [illegible] માત્ર [illegible] એ મંડપ ચણવામાં એકાકાર બની ગયો છે ! સ્ત્રી, કુટુંબ, પુત્રાદિ પરિવાર વગેરે પ્રત્યેક એ મંડપનું એકેકું પાનું છે.

પાકટ ઉંમર થતાં થતાં એ મંડપ લગભગ તૈયાર થઈ જાય છે. ત્યાં જ અફસોસ ! એ મંડપના બાંધનાર મસાણમાં જઈને સૂઈ જાય છે.

ઘોર લીલામ !

લીલામ સત્વનું ! શક્તિનું ! સમયનું ! જીવનનું !

શું બાકી રહ્યું ? બધું ન વેચી માર્યું ! કમાયો શું ? પૈસા ? સ્ત્રી ? પરિવાર ? ના. જરાય નહિ. જે વસ્તુ સાથે લઈ જવાની નહિ એ 'કમાયો' કેમ કહેવાય ? કમાયો એ પાપ.

હા. સાથે ગયાં એનાં પાપ !

ધનની કાતિલ મૂર્છાના ! વૈષયિક વાસનાઓના !

એ જ કમાયો.

અય ! માનવ ! કેવો મૂર્ખ બન્યો ! કેટલો બેવકૂફ બન્યો ! કમાએલા પૈસા મૂકીને ગયો. કમાએલા પાપ લઈને ગયો.

સુખ પામવા માટે કરેલા પાપી પ્રયત્નોએ તને વૈતરણીના લોહીઆળ જળમાં ફેંકી દીધો ! પરમાધામીઓના હવાલે કરી દીધો ! તારા નશીબે ટીચાયા એકલાં દુઃખ ! હજારો, લાખો, કરોડો વર્ષો માટે લગાતાર ! ઘણી મોટી અફસોસની વાત તો એ છે કે, આવા " મામા " બની ગએલા બુદ્ધિજીવીઓને હજી આ 'લીલામ' ની સમજણ પણ પડી નથી. મોંઘેરા જીવનનો થતો કરુણ રકાસ હજી નજરે પણ પડ્યો નથી ! ! !

એરકન્ડીશન રૂમમાં બેઠેલા આપણા જગતને ઠંડુ માને તે કેમ ચાલે ?

ચારે બાજુ વૈશાખનો બપોર સળગી ઊઠ્યો છે ત્યારે એક ...ી માણસ 'એરકન્ડીશન' રૂમમાં સૂતો સૂતો કોઈ વાર્તા ... છે. ભલે....

પણ એની નજરમાં એવું તો ન જ બેસી જવું જોઈએ આખું ય જગત આવી ઠંડક માનતું હોવું જોઈએ.

બીજી વાત પણ એના ખ્યાલ બહાર ન જ જવી જોઈએ કે એ બિચારો પોતે પણ જેવો આ રૂમની બહાર પગ મૂકે કે તરત જ એને પણ ભયંકર ગરમી લાગવાની જ છે.

આટલી કાળજીવાળા માણસને કદાચ આધ્યાત્મિક રીતે ઝાઝું નુકસાન ન પણ થાય એ સુસંભવિત છે.

પણ આવો ખ્યાલ જ કેટલાને છે ?

સમગ્ર સંસાર દુઃખનો લાવારસ વમી રહ્યો છે તો ય એ સંસારનો લગભગ દરેક માણસ થોડી પણ મનમાની મજા મળી જતાં જ એ સંસારની સ્વાનુભૂત દુઃખમયતાને પણ વિસરી જાય છે ! સુખનું આ તે કેવું કલોરોફોર્મ.

નાનકડી અનુકૂળતા મળતાં જ આ આત્મા એમાં લેવા... જાય છે. અને થોડી જ પળો પૂર્વેની પોતે જ અનુભવે... પ્રતિકૂળતાને વીસરી જવા ધરાર તૈયાર થઈ જાય છે ! જાણે કાંટાળો પંથ હવે એને એકદમ સુંવાળો લાગવા માંડે છે !

ચાનો કપ મળે કે ધાણાની દાળ મળે, કોઈ કમિટિ... સ્થાન મળે કે ઉઘરાણીની લેણી રકમ પરત મળે એટલા મા... દુઃખમય સંસારના દુઃખોને વીસરી જશો નહિ, અને એ સંસ... સુખમય કલ્પી લેવાના ભ્રમમાં કદી રાચશો નહિ.

સુખનો રસ–જાણે તીક્ષ્ણ " ક્લોરોફોર્મ " !

દુઃખો તો સહ્યાં ન જાય એટલા કાતીલ છે જ; વર્ણવ્યા ન જાય એટલા ભયાનક છે જ; અને કલ્પ્યા ન હોય એટલા બિહામણા છે જ.

પ્રત્યેક સંસારીની કલ્પનામાં દુઃખનું બિહામણું ચિત્ર સ્પષ્ટ રીતે અંકાયેલું હોય જ છે.

સહુ કોઈ જાણે છે સંસારની આધિઓ, દેહની વ્યાધિઓ અને જીવનની ઉપાધિઓ ! મનના તીવ્ર તાપ અને હૈયાના સંતાપ; કોઈથી ય અજાણ્યા નથી.

છતાં આ વાત નજર બહાર થઈ જાય છે એ વાત પણ એટલી જ સાચી છે.

દુઃખ હોવા છતાં એ ભુલાઈ કેમ જતું હશે ? જો દુઃખ કાયમ માટે યાદ રહી જાય તો એક પણ સમજદાર માણસ આ સંસારને ત્યાગ્યા વિના રહે ખરો ?

હવે સમજાયું.

દુઃખ હોવા છતાં એની અનુભૂતિ કાયમ રહેતી નથી. એનું કારણ કોઈ પુણ્યથી મળી જતા કોઈ સુખની મોજનું ક્લોરોફોર્મ ચડી જાય છે તે જ છે.

ઓપરેશન કરાવતા દર્દીને દુઃખ તો છે જ પણ ક્લોરોફોર્મની અસરને કારણે જ એ અનુભવાતું નથીને ? આવું જ અહીં છે. સુખની કોઈ રસદાર પ્રાપ્તિ એ જ ક્લોરોફોર્મ છે. મનપસંદ " કાંઈક " બની જાય તો તરત આત્મા પોતાની સભાનતા ગુમાવે છે અને બધા ય દુઃખોને વીસરી જાય છે !

કેવી મોહમાયા છે ! શી રીતે સંસારીજનોને આ વાત સમજાવવી એ જ મોટો કોયડો બની ગયો છે !

ત્રણ ગતિના દુઃખને જાણ્યા વિના માનવગતિના મૂલ્ય નહિ સમજાય

માનવગતિના તો સર્વ શાસ્ત્રોએ પેટ ભરીને ગુણ ગાયા છે.

પણ માનવને તો જાણે આ મૂલ્યાંકનની કશી પરવા જ નથી. એનું બેશરમ જીવન જ આ વાતની સાક્ષી પૂરે છે.

નિર્લજ્જ વર્તન, ઉઘાડો અનાચાર, અન્યાય, અનીતિ, જૂઠ અને પ્રપંચોની જીવનમાં ચાલતી મહેફીલો !....આ બધું ય કાનમાં કહી જાય છે કે વિજ્ઞાનયુગના માનવને માનવતાનો ય ખપ નથી; જો એના ભોગસુખોની આડે એ આવતી હોય તો ! શી રીતે માનવગતિના મૂલ્ય સમજાવવા ?

મને તો લાગે છે કે બાકીની ત્રણ ગતિની દુર્દશાઓ સમજાવવામાં આવે તો કદાચ કોઇકને માનવગતિનું મૂલ્ય સમજાય.

નારક અને તિર્યંચગતિની દુઃખમયતા અને કારમી પરાધીનતા સમજાવવી જોઇએ.

બિલાડી બનીને ઉંદરો અને કબૂતરો જ મારવાના અધ્યવસાય કેળવ્યા; બગલો બનીને માછલા માર્યાં, ગરોળી બનીને જીવાતો જ માર માર કરી, ભૂંડ બનીને વિષ્ટા ખાધી, બળદ બનીને પરોણા ખાધા....

નારક બનીને તરસ્યા મર્યા; પાણીની ઇચ્છા વ્યક્ત કરતાં ધગધગતા સીસાના રસ પીવાના મળ્યા. દેવગતિમાંય અતૃપ્તિ અને ઇર્ષ્યાની આગે જલ્યા.... આમાંનું કોઈ નથી આ માનવગતિમા.... અહીં જે મોક્ષમાર્ગની પૂર્ણ આરાધના છે તે બીજે ક્યાંય નથી. આવી વાતો કરતા કાંઇક સમજાઈ જાય તો કામ થઈ જાય.

અસંખ્ય દેવો પણ મહાદુઃખી છે !

કષ્ટ વેઠી વેઠીને કેટલાક દેવ થઈ જતા જીવોની સં
ઘણી મોટી છે !

બાળતપ કરનારા પણ કેટલાક દેવ થઈ જાય છે !

દેવોની વિપુલ સંખ્યામાં "સારા" ગણી શકાય તે
દેવોની સંખ્યા તો ખૂબ જ ઓછી ગણાય.

ઘણી મોટી સંખ્યાના દેવો તો નારકના જીવો કરતા
વધુ દુઃખી જીવન પસાર કરતા હોય છે.

હા; સુખસમૃદ્ધિની સામગ્રીનો ત્યાં કોઈ પાર નથ
નાનામાં નાનો દેવ પણ રત્નના મહેલમાં વાસ કરતો હોય છે
પણ નારકના જીવો દેહના દુઃખે દુઃખી છે; જ્યારે દેવો બિચા
હૈયાના બળાપાથી દુઃખી છે.

દેહના દુઃખ કરતાં હૈયાના દુઃખ બેશક વધુ ભયાનક છે.

વધુ વૈભવી દેવોને જોઈને નાના દેવો ઇર્ષ્યાથી બળ
બળીને રાખ થાય છે; અને ભોગસુખોથી તૃપ્તિ જ ન થત
અતૃપ્તિની બીજી આગ એમના સુખોને ય સળગાવી મારે છે
માનવલોકનો માનવી અતૃપ્તિને સહી ન શકે તો ઝેર ખાઈ
પણ જીવન પૂરું કરે; બીજાના સુખ દેખી ન શકે તો ઘર છોડી
પરદેશ પણ ચાલ્યો જાય. આટલું ય એને ભાગ્ય મળ્યું છે અને
બિચારો દેવ ! અરે ! એનું તો કર્મ જ એવું છે કે ન ઝેર ખા
શકે; કદાચ ખાય તો ન મરી શકે; ન ક્યાંય નાસી જઈ શકે !

સારો તો નારકમાં ય સુખી ! ભૂંડો દેવલોકમાં ય
દુઃખી !

ભડકા કરતાં તડકા અવશ્ય સારા !

ધોમધખતી ધરા ઉપર ઊભા રહીને સૂર્યનારાયણના તડકા વેઠવાનો એક વિકલ્પ હોય અને ભડકે જલતી આગ પાસે ઊભા રહેવાનો બીજો વિકલ્પ હોય. આ બેમાંથી જ એક વિકલ્પની પસંદગી કરવાની તમારા માથે ફરજ પડે તો તમે શું પસંદ કરો ? તડકામાં ઊભા રહેવાનો વિકલ્પ જ પસંદ કરો ને ?

ભડકાં તો કોને ગમે ?

આટલી સીધી સાદી વાતને સમજનારો આજનો બુદ્ધિજીવી માનવ ભડકાં તરફ ધસી રહ્યો છે એ કેવી આશ્ચર્યજનક બાબત છે ?

ઝુંપડાના દુઃખ એને અકારા થઈ પડ્યા છે. એ તડકા એનાથી સહ્યા જાતા નથી અને કોઈ વિચિત્ર નશાના જોરે એ ધસી ગયો છે ધન, બંગલા, સ્ત્રી વગેરેના વૈભવો તરફ કે જેમાંથી એકલી જવાળાઓ લબકારા દેતી બહાર નીકળી રહી છે.

બંગલાના ધોળા બગલાનું જીવન જીવનારા કોઈકને તો જઈને પૂછો કે એના અંતરમાં કેટલી કેટલી હોળીઓ ખાબકી છે ? એ કેટલો જલે છે ?

રે ! કોક તો બંગલાવાસી, ધનપતિ પોતાની કરુણ-કથની જગતને સંભળાવે ! એ કથા સાંભળતાં ઘણાં ઘણાં લોકો એ તરફના ધસારાથી પાછા હટી જશે; મનમાં કંડારેલા જૂઠા ગણિતોને રદ કરી દેશે; વૈભવી જીવનના કલ્પેલા સુખદ ભ્રમોનો ભાંગીને ભુક્કો કરી નાખશે.

અને.... એમનો આત્મા પુકારી ઊઠશે, "આવા હૈયાનાં ભડકા કરતાં તો ગરીબીના, ઝુંપડાના દુઃખના તડકા બેશક સારા છે."

[illegible]

[illegible]

શકિત ન મળે !

કુટુંબના બધા ય 'બિચારાઓ' સિનેમા અને કલબો તથા પાર્ટીઓના પાણી ડોળવામાં જીવન બરબાદ કરી દેતા હોય !

ન જોવા મળે મંદિર ! ન કદી સાંભળવા મળે ધર્મોપદેશ ! ન કોઈ દી બે મિનિટના ય પામી શકે ધર્મગુરુના સમાગમ !

પરમાત્માને વારંવાર કહેવાનું મન થઈ જાય છે કે, "પ્રભુ ! મારા ધર્મથી જે પુણ્ય બંધાય છે એના ફળરૂપે આવું ભયાનક સુખ મને કદી ન મળજો. મારે તો ઝૂંપડાં ય બસ છે જો મને 'તુ' મળતો હોય તો ! 'તુ' વિનાના બંગલા ઉપર તો હું રોજ થૂંકું છું !

"મારા નાથ ! નિયાણું કરીશ કે એવી પુણ્યાઈ તો મને ભવોભવ ન મળજો."

સુખી અને દુઃખી : પ્રત્યેક બે પ્રકારના

ધન, સ્ત્રી, સત્તા વગેરેથી સંપન્ન આત્માઓ સુખી કહેવાય છે. એવી સુખસામગ્રીથી વિહોણા લોકો દુઃખી કહેવાય છે. આ તો જગપ્રસિદ્ધ વિભાગ છે.

પરન્તુ આ બન્નેય ના બે બે પ્રકાર છે. સુખી પણ બે જાતના; દુઃખી પણ બે જાતના.

સુખી; સુખી અને દુઃખી.
દુઃખી; સુખી અને દુઃખી.

જરા લાંબી નજર નાખશો તો આ પેટાભેદો પણ બરોબર જોવા મળી જશે.

સુખીઓમાંના કેટલાક સંતોષ અને પ્રમોદના કારણે સુખી દેખાય છે તો ઇર્ષ્યા અને અને અતૃપ્તિના કારણે કેટલાક સુખીઓ દુઃખી પણ દેખાય છે.

એમ દુઃખીઓ પણ એ જ કારણે સુખી અને દુઃખી જોવા મળે જ છે ને ?

હવે આપણે જરા ઊંડા ઊતરીએ.

શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે સંસારના સુખમાત્ર પુણ્યથી જ મળે; અને પુણ્યકર્મ ધર્મ કરવાથી જ મળે.

દુઃખમાત્ર પાપથી જ મળે અને એ પાપકર્મ અધર્મ કરવાથી જ ઉત્પન્ન થાય.

હવે પ્રશ્ન થાય છે કે જો ધર્મથી જ સુખ મળતું હોય તો એવા સુખના કાળમાં ઇર્ષ્યા–અતૃપ્તિના દુઃખ કોણે ઊભા કર્યા ? ધર્મે ? એમ તો કેમ કહેવાય ?

તેમ જો અધર્મથી જ દુઃખ મળે તો એવા દુઃખના કાળમાં સંતોષ વગેરે સદ્ગુણો કોણે આપ્યા ? એ અધર્મે ? એમ તો કેમ કહેવાય ?

આનો ઉત્તર એ છે કે ધર્મની અને અધર્મની ક્રિયાઓ તો સુખ અને દુઃખ જ આપે. પરન્તુ એ ક્રિયાની પાછળના સ્વાર્થના કે પરાર્થના ભાવો જેવા હોય તેવી માનસિક સ્થિતિ ભાવીમાં મળે. સાંસારિક રસથી કરાતા ધર્મો સુખના કાળમાં ઇર્ષ્યાદિ ઊભા કરે; તીવ્ર દુઃખ સાથે કરાતા અધર્મો, દુઃખના કાળમાં સંતોષ વગેરે ઊભા કરવામાં મદદરૂપ બને.

ભોગી અને ભોગનો ગુલામ

જગતના શ્રીમંતો તરફ નજર નાંખતા સામાન્ય રીતે ેમ લાગે છે કે એ લોકોને ભોગી ન કહી શકાય એમને ાગોના ગુલામ જ કહેવા જોઇએ.

ખરો ભોગી તો તે કહેવાય કે જેની પાછળ ભોગો હોય; એ કદી ભોગોની પાછળ ભમ્યા કરતો ન હોય. જ નહિ પણ એના ભોગ–વૈભવોમાં ય અનાસક્તિ ા મારતી હોય; આવા છતાં એ લાપરવાહ દેખાતો હોય; છતાં એ ત્યાગી જેવો નિઃસ્પૃહી લાગતો હોય.

આજના વૈભવો! ઓહ! વાત જ જવા દો એ લોકોની! ં દી ભોગ પાછળ પાગલ બનેલા! જેટલું મળે તેમાં ઊણપ ાનારા! બીજાઓનું હડપ કરી લેનારા.

વગર ભણ્યે વાંદરાવેડામાં નિષ્ણાત બનેલા! દીનદુઃખિતો મરેલા હૈયાવાળા! હાયવોયભર્યા એ સંસારમાં ભગવાનનું પણ નહિ લઇ શકનારા! શાસ્ત્રવાણી કદી નહિ સાંભળી રા!

આમને તો ભોગી કેમ કહેવાય? ભૂતની જેમ ભોગોની ા ભમ્યા કરે એને તો ભોગનો ગુલામ જ કહેવો ઘટે!

આવા લોકોને મધ ઉપર બેઠેલી માખી જેવા કહી ! મીઠાશ માણે પણ સદ્‌ગતિના દ્વારે કદી જઇ ન શકે! એ મીઠાશમાં ય કેટકેટલી કડવાશો હોય છે એ તો એ જ સમજી શકે!

ભોગી તો રાજકુમાર મેઘ, શાલિભદ્ર કે ધન્નાને કહી શકાય! ભોગવી પણ જાણે, લાત મારીને સંસારમાંથી નીકળી પણ ! આજના કેટલાક વૈભવીઓ! ગમે તેટલી લાતો પડે તો ાત મારનારના પગ ચૂમે! નીકળવાની વાત જ ક્યાં રહી?

હાય! ગુલામી!

૨

[illegible]
તમારા શાન્તિને સળગાવી મારી છે.

અમારી સંસ્કૃતિની રક્ષા કરનારા ના આને બેઠા છીએ પણ તમારાં સુખશાન્તિનો કોઈ રક્ષક નથી. એ જ બાબત ખટકે છે.

આ વાત કેટલી સાચી છે એનો કોઈ પુરાવો આપવાની જરૂર નથી.

એ આવેશોએ ઘરઘરમાં હોળીઓ પ્રગટાવી છે. કોઈ પણ ઘરમાં જરાક વાર ડોકિયું કરો : બધું ય સમજાઈ જશે. તમારું ખુદાનું ઘર પણ કદાચ એમાંથી બાકાત નહિ જ હોય.

સુખરાગીઓએ તો પોતાને સારા બનાવનારને ખરાબ કરી નાખ્યા !

સંસારનાં સુખોનો ભારે રસિયો પોતાને કે પોતાના કુટુંબીજનોને તો ખરાબ બનાવે જ છે પણ ભારે ખેદની બીના તો એ છે કે, એને 'સારો' બનાવી શકે એવી જે વસ્તુઓ આ જગતમાં વિદ્યમાન છે એને ય એ ખરાબ બનાવે છે. એનું સચોટ દૃષ્ટાન્ત આ રહ્યું.

સુખ સગવડોમાં રાચતા લોકોએ જ તારક એવાં તીર્થ-સ્થાનોને હવાખાવા માટેના ધામ બનાવરાવ્યાં. રોજબરોજની સગવડ માટેની એમની ફરિયાદોનું એ પરિણામ આવ્યું છે કે, એ તીર્થસ્થાનોના ભગવાન પણ ભુલાઈ જાય એવી આકર્ષક ભોજનશાળા વગેરે ઊભાં થયાં છે.

આવું જ કાંઈક ત્યાગી ગુરુવર્ગ સંબંધમાં બન્યું લાગે છે. ભૌતિક સુખના ભયાનક રાગીઓના રાગના સતત ધમપછાડા આગળ એ વર્ગ પણ કાયર બનીને ઝુકી રહ્યો છે. એમની ભોગેપણા પૂર્ણ કરવા માટે "જમાના"ના જૂઠનો આશ્રય પણ લેવા લાગ્યો છે. દેશનામાં ય "પેલાઓને" ખુશ રાખવાની કે નાખુશ ન કરવાની ઇચ્છાની અસર જોવા મળે છે.

હાય ! આથી વધુ હડહડતો કળિયુગ કયો હશે ! ખરાબને સારા બનાવનારાને પણ ખરાબ લોકો ખરાબ બનાવી દે એથી વધુ કરુણ બીજું શું હોઈ શકે ?

સાચું છે કે આંબા–લીંબડાના સંગે આંબો જ કડવો થાય.

દુઃખીનાં દુઃખ કરતાં પાપીનાં પાપ વધુ વિચારણીય નથી શું !

સર્વને સુખી કરી દેવાની મહાકરુણાના સ્વામી તીર્થંકર ભગવંતોએ દુઃખીઓનાં દુઃખની ચિન્તા જેટલી નથી કરી તેટલી પાપીઓનાં પાપની ચિન્તા કરી છે.

દુઃખનું એક ઝાડ ઊગ્યું છે. એનું મૂળિયું પાપનું બનેલું છે. માત્ર ડાળા કાપવાથી શું ? ફરી ડાળા ઊગી જ નીકળશે. 'ત્રણ સાંધતાં તેર તૂટે' એવી સ્થિતિ પેદા થશે. 'દુઃખો નથી જોઈતાં' એ વાત સર્વદા માન્ય છે પણ એ દુઃખોને દૂર કરવા ડાળા કાપવાની વાત યોગ્ય ન ગણાય. એ માટે તો પાપનું મૂળ જ ખેંચી કાઢવું જોઈએ. પછી ત્રણ દીમાં જ ઝાડ ધરતી ભેગું થયું જ સમજો.

દેવાધિદેવ ભગવાન મહાવીરે પોતાના ચિત્પ્રકાશમાં દુઃખનું ઝાડ જોયું; પાપનું મૂળ જોયું અને પાપનો જ નાશ કરવાની દેશના આપી.

જો દુઃખનાં ડાળા છેદનારમાં કરુણા કહેવાતી હોય તો દુઃખના મૂળિયાં ખેંચી નાંખવાનો કીમિયો બતાડતા પરમાત્મા મહાવીરમાં મહાકરુણા કહેવી જ પડશે.

આ વિચારમાંથી એ વાત ફલિત થાય છે કે, અનાથ બાળકોનાં દુઃખ દૂર કરવા કરતાં 'અનાથ' ને ઉત્પન્ન કરતું પાપ જ ધરતી ઉપરથી દૂર કરવું જોઈએ. જો એ પાપને દૂર કરવા જોગી યોજનાઓ હાથ ઉપર લેવામાં નહિ આવે તો એ પાપ સો માઈલની ગતિએ દોડશે. અને 'અનાથ' નાં દુઃખની ચિન્તા કરતા અનાથાશ્રમો ગાડાના વેગે દોડીને અન્તે તો થાકી જ જશે. પાપનો વેગ તો બમણો-બમણો થતો જ રહેશે.

આ વાત પાંજરાપોળ, હોસ્પિટલ અને બેકારીનિવારણમાં પણ સમજી લેવી.

ઓ, સુખી લોકો! તમે તો આ લોકમાં ય દુઃખી જ છો

જેની પાસે ઠીક ઠીક ધનસામગ્રી હોય તેને જગત સુખી કહે છે. બંગલા, મોટર, રેડિયો, વગેરે સાધનસામગ્રીના સ્વામીઓ દુનિયાની દૃષ્ટિએ સુખી કહેવાય છે.

પણ ભાગ્યે જ કોઈને ખબર હોય છે કે, એ દુનિયાના ઘણાખરા લોકો મહાદુઃખી હોય છે. સૌ પ્રથમ તો દુઃખની વાત કરું. એમની ભોગસુખોની વાસના સદા જાગતી જ હોય છે. કદી એ શાન્ત પડતી નથી. આથી ઘણી માનુનિઓમાં બીજાના કુલીનોનું શિયળ લૂંટાઈ જતું હોય છે. બીજા નંબરમાં, આ લોકો બીજાના વધુ સારા વૈભવોને કદી જોઈ શકતા નથી. એથી ઈર્ષ્યાની હોળી બળે છે.

આવા લોકો તમાચા મારીને મોં લાલ રાખતા હોય છે. 'સારા' તરીકેનો દેખાવ જ કરતા હોય છે. એમનાં અંતરના એ ભડકાઓ છતા ન થઈ જાય તે માટે બેહદ કાળજી અને સાવધાની રાખતા હોય છે.

મરણનાં દુઃખોની પછી વાત! પરલોકનાં દુર્ગતિનાં દુઃખોની તથા ભવભ્રમણની ભયાનક પરંપરાનાં દુઃખોની પણ પછી વાત!

સુખીઓના તો વર્તમાન જીવન જ એ આગના ભડકે પ્રજળતાં હોય છે.

વળી, આ લોકો બીજી રીતે પણ ખૂબ દુઃખી હોય છે. સરકારની એમની ઉપર સદા ય ચાર આંખો રહેવાથી, ભયથી ફફડતા જ રહેવું પડે છે. ગરીબોના નિસાસા લઈને રોગ, અકસ્માત અકાળ મરણની આફતોમાં સપડાયેલા જ રહેવું પડે છે. મિત્રોમાં કદી કોઈ સાચો મિત્ર એમને મળતો નથી, કુટુંબ પણ આખું ય પૈસાનું જ સગું બનેલું હોય છે.

આ શ્રીમાનોને ડનલોપની ગાદી મળવા છતાં ઊંઘ મળતી નથી; ભોજન મળવા છતાં ભૂખ મટતી નથી; સંપત્તિ મળવા છતાં શાન્તિ મળતી નથી.

કેટલા દુઃખી? કદી કોઈ ઇચ્છશો મા! વૈભવી આવા જીવનને!

[illegible]

ભૂખ્યાને, નિર્ધનને કે બેકારને તો ભોજનનો જ પ્રશ્ન છે. પરન્તુ પેટ ભરેલાને, ધનવાનને કે સત્તાધારીને તો ભોગવાસનાની પીડા ભારે પરેશાની કરતી હોય છે. ભોજનની ભૂખ કરતાં ય ભોગની વાસનાભૂખ વધુ ખતરનાક છે. એને તો ગમે તેમ શાન્ત કરવી જ રહી. પેટ તો ક્યારેક પણ ભરાય છે; વાસનાને ક્યારે ય તૃપ્તિનો ઓડકાર હોતો નથી. શાન્તિનું કાર્ય અતિશય કપરું બને છે.

આવી કપરી કામગીરી સંસારત્યાગી સાચા સંતો જ બજાવી શકે છે, બીજું કોઈ નહિ. માટે જ સંતોને જીવવા દો. એમના આ 'મિશન'થી એમને ચ્યુત કરીને એમને સમાજ-સેવક ન બનાવો.

ગીરમાં સિંહની અછત હોવાથી જો એનું રક્ષણ કરાતું હોય; એની ઓલાદ વધુ સારી બનાવવાના પ્રયોગ થતા હોય તો સંતો માટે આ વાત શું ન વિચારવી જોઈએ ?

...છતાં દુઃખ આવે...

...ા થવાની સુવિધા છતાં દુઃખ...

એમ સંભળાય છે કે, હવે વિજ્ઞાન બધાં ય દુઃખોને
કરી નાખશે. સુખની કે સામગ્રીની જરૂર પડશે તે બધી
પાડશે, તેને ફરિયાદ કરો કે તમારે શું જોઈએ છે?
જ વારમાં એ વસ્તુ તૈયાર થઈ જઈ શકશે.
...એક કલાકમાં એક
કેટલી વધતાં ... થાય છે? હા.... એરકન્ડીશન
ર કેટલી વધી દેવું જન્મ દેવાર! ... લાગે છે? હા.... એવા પ્રકારના
ઉનાળામાં ખૂબ ... પીવી છે? હા....
ાર છે. સૂતા ... ય ... થઈ ચૂક્યો
ાર પલંગો છે. ... ભડકો ...

આવી સુખની સામગ્રીઓનો જંગી ભડકો ... જાય છે.
. દરેક મિનિટે એ ભડકો મોટો થતો જાય છે.
એક્વીસમી સદીના માનવોને માટે અર્ધી જ એક ચીમટી
આપવી છે. માટે સહુને કહેવું છે કે, સામગ્રીના ભડકા કરી
દેવાની વૈજ્ઞાનિક સિદ્ધિનાં દર્શને તો કરોડો અભાગીઆ નિર્ધનાના
અંતર જલી ઊઠ્યા છે. એમને આ સુખ ન મળ્યા બદલતો.
કોઈ કારમાનું ઊંધું કરીને વિજ્ઞાને એમના ભાગ્યનું પણ
સર્જન કરી નાખ્યું હોત તો?
વળી, જે ભાગ્યવંતો એ સામગ્રી પામશે તેમના શું
બધા ય પ્રશ્નો ઊકલી જવાના છે? મરણ અને ઘડપણ મટી
જવાના છે? રોગ અને ક્લેશ સદાના શાન્ત થઇ જવાના છે?
સામગ્રીના ભોગવટાથી વધુ ને વધુ પ્રજ્વલિત થઈ જનારી
કારની અતૃપ્તિને કોણ ઉકેલશે? વધુ સુખી જોઇને દાઝી
બળતી ઇર્ષ્યાને કોણ શમાવશે?
દવાઓના કબાટના માલિકને શું રોગ નથી થતા?
શ્રીમંતોને શું અશાન્તિ નથી? મોટરવાળાઓ શું ચિંતાતુર
નથી? પૌષ્ટિક ખાનારા માંદા પડતા નથી?
આવા દુઃખો આવી પડશે ત્યારે વિજ્ઞાન શું કરશે?
અંતરની અશાન્તિ, અતૃપ્તિ અને ઇર્ષ્યાના ભડકાને જો એ
શમાવી શકાતું ન હોય તો માટે સ્પષ્ટ કહી દેવું જોઈએ કે
અધૂરું વાટીને વિજ્ઞાને માનવજાત ઉપર ઘોર અપકાર કર્યો છે.
અમેરિકન માતપિતાઓને સાંભળો તો ખરા! એ લોકો કહે છે કે
"જેટલો ભય અણુબોમ્બનો કે સામ્યવાદનો છે તેથી ઘણો વધુ ભય
અમારી ભાવિ પેઢીની ભોગભૂખમાંથી જન્મેલા પાગલપણાનો છે."

આર્યદેશનો કોઇ પણ માનવ મહાન છે

શાસ્ત્રકાર ભગવંતોએ એકી અવાજે કહ્યું છે કે, માનવ જીવન મળવાનું સૌભાગ્ય પણ અઢળક પુણ્યના ફળરૂપે જ પ્રાપ્ત થાય છે. અને આમાં ય જો આર્યદેશમાં માનવ તરીકે જન્મ મળ્યો તો એ પુણ્ય બેવડાઈ ગયાનું સમજવું. એવી બેહદ પુણ્યરાશિ તો જેમને માનવજીવન મળ્યા નથી, અથવા તો માનવજીવન મળ્યા પછી પણ જેમને આર્યદેશ મળ્યો નથી એમની પાસે ય નથી. ભલે તેઓ પાસે અબજોપતિ બનવાનું, વિશ્વના માંધાતા બનવાનું પુણ્ય હોય, પણ આર્યદેશના માનવના પુણ્ય પાસે એ પુણ્ય તો ખાબોચીયા જેવું છે. એનું કારણ એ છે કે આર્યદેશના માનવનું જે બીજ છે એ જ અત્યુત્તમ કક્ષાનું હોય છે. સહજ-રીતે જ એનું વલણ જીવન-શુદ્ધિ તરફ રહે છે. આ માનવને માટે પાપાચાર અકુદરતી ગણી શકાય, જ્યારે બીજી દુનિયાના માનવોને સદાચાર અકુદરતી ગણાય.

આ દૃષ્ટિએ વિચાર કરતા એમ કહી શકાય કે આર્ય-દેશના માનવનું જીવન જીવતો હરીજન પણ ઘણો મહાન છે.

જ્યાં ધર્મ શબ્દનું શ્રવણ પણ મળતું નથી તે દેશને શાસ્ત્રકારોએ અનાર્યદેશ કહેલ છે. એ દેશના માનવોના જીવનમાં ગવાન કે તેના ભજનિયાં તો હોય જ ક્યાંથી ?

આર્યદેશની ભૂમિનો માનવ દુઃખોમાં ય નામ તો ભગવાન લેવાનો. બેશક, અપવાદ સર્વત્ર હોય છે. આર્યદેશમાં અનાર્યને ટપી જાય તેવા કેટલાક નીકળી જાય એવું ય બને પરન્તુ તેટલા માત્રથી રાજમાર્ગનો વિચાર મિથ્યા કરાવી ન શકા

માટે સૌ પ્રથમ પાપ પ્રત્યેની નિર્ભિકતાને દૂર કરો. પાપોથી ડરવા લાગો; પાપોના પડછાયાથી ત્રાસી ઉઠો; પાપની કલ્પના માત્રથી કંપી ઉઠો.

અરે ! પાપના સાધનોથી પણ સદૈવ બાર ગાઉ છેટા રહો.

જો આવી પાપભીરુતા જાગશે તો તમારા જીવનમાં કેટલાક પાપો કરવા પડતા હશે તોય તમારો મોટો બચાવ થઈ જશે.

અન્યથા ધર્મો કરીને પણ તમે આ ભવચક્રમાંથી ઉગરી શકનાર નથી એ વાતની પૂરી ગંભીરતા સાથે નોંધ લઇ રાખજો.

ઘર સારું ! શરીર પ્યારું ! સૌથી ભયાનક પ્રેમ :

સર્વ પાપનું મૂળ અવિરતિભાવ છે. શાસ્ત્રોક્ત ત્યાગની પ્રતિજ્ઞા વિનાનું જીવન છે. પછી તે હિંસક જીવન હોય, નહિ અહિંસક જીવન હોય !

સતત ય પાપોના ભેદો પાણિ આત્મામાં અનાયાસે પ્રવેશ......ક્યારે ય તેનો વિરામ જ નહિ......તેનું નામ અવિરતિ.

બાર એના પ્રકાર છે.

(મન સહિત) ૬ ઇન્દ્રિયોની ૬ અવિરતિ: પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવો સંબંધિત ૬ અવિરતિ:

૬ ઇન્દ્રિયોની અવિરતિ શરીર સંબંધિત છે. એટલે એમ કહી શકાય કે જેને શરીર ખૂબ પ્યારું લાગે તે આ ૬ ય અવિરતિનાં ઘોર પાપોને સેવતો રહે.

પૃથ્વીકાયાદિ ૬ કાયની અવિરતિનું મૂળ સ્થાન ઘર કહી શકાય. ત્યાં જ ષટ્કાયની હિંસાના ઘોર પાપો થાય છે ને ? આથી એમ કહી શકાય કે, જેને ઘર પ્યારું લાગે તે ષટ્કાયની ૬ અવિરતિના ઘોર પાપો મજેથી સેવતો રહે.

આમ, બારેય પ્રકારની અવિરતિ, "ઘર સારું ! અને શરીર પ્યારું" એ ભાવોમાંથી પ્રગટે છે એમ કહીએ તો કદાચ તે અશાસ્ત્રીય કથન નહિ હોય.

બીજી રીતે ય વિચાર કરતાં એમ લાગે છે કે, ઘરના સંબંધમાં અવિરામ પોષાતો અર્થપુરુષાર્થ જોરદાર રીતે વકરતો હોય છે; જ્યારે શરીરના પ્રેમના કારણે કામપુરુષાર્થ વકરી જતો હોય છે.

આમ, સર્વ પાપના ઉગમસ્થાન સમા 'ઘર સારું, શરીર પ્યારું' એ બે ભાવો છે એમ સ્પષ્ટ જણાય છે. કેમકે આ બેના કારણે જ અર્થ, કામની વાસનાઓ બળવાન બને છે; ધર્મ અને મોક્ષ પુરુષાર્થ નિષ્ફળ બની જાય છે.

જેને ઘર ગમે અને શરીર ગમે તેને સર્વ પાપો ગમે.

તમે બધા પાપો કરો છો ? એમ સીધું તો અમે નહિ પૂછીએ પણ, તમને ઘર અને શરીર ખૂબ સારાં લાગે છે ? એટલું જ પૂછી લઈએ. એના જવાબમાં બધું ય સમજાઈ જાય.

સુખ પુણ્યથી; અને પુણ્ય બિનભરોસાદાર ચીજ

[illegible] ભાગી જતા [illegible] નથી. [illegible] કોઈને દુનિયા [illegible] સંપન્ન [illegible] નથી [illegible] એવી માટી [illegible] છે.

એનું કારણ એ છે કે આ લોકોને કોઈ સદ્ગુરુ પ્રાપ્ત થયા હોતા નથી જેમણે તેમને એ વાત સમજાવી રાખી હોય કે, "સુખ તો પુણ્યકર્મના ઉદયથી આવનારી ચીજ છે. વળી, એ પુણ્યકર્મ વંઠેલી સ્ત્રી જેવું રિસામણું છે. જ્યારે એ રૂઠી પડે ત્યારે તંદુરસ્ત સુખના પણ એક જ સેકન્ડમાં રામ રમી જાય! મોટો બંગલો સળગીને રાખ થઈ જાય; એકનો એક દીકરો એક્સીડન્ટમાં કૂચ્ચે ઊડી જાય; પેઢી ડૂલ થઈ જાય....ગમે તે થઈ જાય. માટે આવા પુણ્ય ઉપર નભતા સુખનો જરા ય ભરોસો રાખવો નહિ. ગમે તેટલું વિપુલ સુખ મળી જાય તો ય તેના વિશ્વાસમાં કદી રહેવું નહિ કે હવે આટલું બધું સુખ તો પગ કરીને નહિ જ જતું રહે. ના....વિચાર સદૈવ એ જ કરતા રહેવો કે ભલે આજે આ સુખ આવ્યું પણ એને ચાલી જતા જરા ય વાર ન લાગે. કેમકે એ ઊભું રહે છે તે પુણ્ય ઉપર કે જેને રિસાઈ જતા એક સેકન્ડ પણ લાગતી નથી."

જો કોઈ સદ્ગુરુ સુખની સામગ્રીવાળાઓને આ વાત બરોબર સમજાવી દે તો પ્રાપ્ત સુખોમાં તેઓ પૂર્ણ વિશ્વાસ મૂકી ન દે. એથી જ્યારે એ સુખો રવાના થાય ત્યારે પાગલ ન થઈ જાય. છાતી–માથાં કૂટવા ન લાગે. બલ્કે ખૂબ સ્વસ્થ રહે. અને આશ્વાસન દેવા આવનારને એ કહે કે, "તમે આટલું ય સમજતા નથી ? સુખ ઉપર ભરોસો મુકાય જ નહિ. મેં ક્યારે મૂક્યો નથી. ગયું તો ભલે ગયું. હું તો એ પળ ધારીને જ બેઠો હતો એટલે મને તો એમાં કશી નવાઈ લાગી નથી."

સુખ પુણ્યથી; અને પુણ્ય તદ્દન બિનભરોસાદાર ચીજ—એ બે વિચાર તમારી પાસે હશે તો જ તમે અમંગળ આગમનોમાં ય મંગળમય મસ્તીના સમ્રાટ બનવાનું જાદુ કરી શકશો.

સુખની સામગ્રીનો સ્વભાવ તો પાપો કરાવવાનો જ.

સંસાર દુઃખમય હોય તો ય અસાર; સંસાર સુખમ હોય તોય નકામો. કેમકે સુખની સામગ્રીઓનો સ્વભાવ તે આત્મા પાસે પાપો કરાવવાનો જ છે. સંપત્તિ, સ્ત્રી, કુટુંબ વેપાર, વગેરે તમામ પદાર્થો માણસના જીવનને એકદમ ઝડપથ પાપમય બનાવી દીધા વિના રહેતા નથી. સંસારની સુખ સામગ્રીથી પણ ગુણસાગર, પૃથ્વીચન્દ્ર કે ચક્રવર્તી ભર કેવળજ્ઞાન પામી ગયા એમાં એ સામગ્રી તો નિમિત્તમાત્ર બન ગઇ છે. એમનું ચાલત તો એ બધાય તેમને સાતમી નારક ભેગ જ કરી દેત. પણ એ સહુ ખૂબ સાવધાન રહ્યા માટે એના નિમિત્તમાં મોક્ષ પામી ગયા.

અગ્નિનો સ્વભાવ તો દઝાડવાનો અને બાળી મારવાનો છે. છતાં કોઈની ટાઢ પણ એનાથી ઊડે છે અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે પણ તેમાં અગ્નિની શાબાશી નથી પરન્તુ એ વ્યક્તિ સાવધાનીની શાબાશી છે.

ઝેરનો સ્વભાવ તો મારવાનો જ છે; પણ હોશિયાર ડોક્ટ એના જ દ્વારા દમના દર્દીને જીવન આપે છે. અહીં–'ઝેર જીવ્યા' એમ કદી ન કહેવાય. એ વખતે ડોક્ટરે જીવાડ એમ જ કહેવાય.

જૈનને આ વાત બરોબર સમજાતી હોય માટે જ અજૈ દુઃખથી જ ડરે ત્યારે પણ જૈન તો સુખથી પણ એટલો જ ડ કેમકે પાપો કરાવનાર સુખ પણ છે. એ વાત એને બરોબ સમજાણી હોય.

આવા દુઃખમય અને પાપમય સંસારમાં રહેવાનું ક બુદ્ધિમાનને ગમે તેવું છે ? દુઃખ પણ ખરાબ....પાપ એથી વ ખરાબ.

માટે જ જ્ઞાનીઓએ સંસારના બે જ સ્વરૂપ બતાડ છે : સંસાર દુઃખમય અને સંસાર પાપમય. સુખમય ક્યાં ય કહ્યો જ નથી.

જેને પાપનો ડર નથી એને સાધુનો ખપ શા માટે ?

સાધુ એટલે ત્યાગી.

ભગવાન જિનેશ્વરદેવ [illegible] પાપાત્મા-ઓનો નાશ કરનાર અને પાપાત્માઓનો નાશ કરવા માટે જ [illegible] તે સાધુવેશ હોવા [illegible].

આવા સાધુ પાસે કોણ જાય ? અર્થકામની વાસનાઓને પાપ કહીને વખોડી નાખનારા મહાત્માઓ પાસે અર્થકામના ખાટે પ્રેમીઓ તો ન જ ટકે ને ? એમનો વર્ગ પણ કાયમ માટે ઘણો મોટો જ હોય. તીર્થંકરભગવાનોના કાળમાં પણ એ જ વર્ગ મોટો હતો.

આથી જ સાચા સંતો પાસે ટોળાં ભેગા થતા નથી.

સુસાધુનો ખપ તો તેમને જ પડે જેમણે પાપને પાપ તરીકે હૈયાથી સ્વીકારી લીધું હોય અને અત્યન્ત ઝેરી કાળોતરા નાગ કરતાં ય ભયાનક સમજી લીધું હોય. એથી જ તેઓ પાપમાત્રથી ફફડતા હોય.

જેને પાપનો ડર જ નથી એને સાધુ પાસે દોડી જવાની જરૂર શી ? સાધુ તો પાપનાશનું કાર્ય કરનારા છે. દુઃખનાશની એમને ઝાઝી ચિંતા હોતી જ નથી. આવા સાધુ પાસે તો તે જ દોડી શકે, ખોળામાં માથું મૂકીને તે જ શરણું લઇ શકે જેને રુંવાડે રુંવાડે પાપનો ભય પેસી ગયો હોય.

તમને પાપનો ભય છે ? જો ના.... તો પ્રશ્ન થાય છે કે, તમે લોકો સાધુઓ પાસે કેમ આવો છો ? તમારે સાધુનો શો ખપ ? સંસારનાં સુખોમાં તો એ કદી સીધા સહાયક બનનાર નથી. છતાં તમે કેમ એમની પાસે દોડયા ? આના બે જ ઉત્તર વિચારી શકાય. કે કાંતો ભૂલા પડીને દોડી આવ્યા છો અથવા તો અર્થકામદાતા સમજીને દોડયા છો. જો આમ હશે તો એક આવતી કાલ આવશે જ જ્યારે તમે એવા સુસાધુને કાયમના રામરામ કરી જશો.

સુખ-પુણ્ય અને ધર્મ : દુઃખ, પાપ અને અધર્મ

તમે નવરા પડો ત્યારે શેની વાત કરો! કદાચ વાતોનો એ પ્રકાર જાણવાથી તમે કયા પ્રકારનો આત્મા છો એનો કાંઈક નિર્ણય થઈ શકે ખરો.

નવરાશના સમયમાં ઘણા બધા લોકો સુખ દુઃખની જ વાતો કરતા રહે છે.

સાસુ, સસરા, પતિ, બાળકો, વગેરેની વાતો કરતાં સ્ત્રીઓ થાકતી નથી; વેપાર-ધંધો, રાજકારણની વાતો કરતા પુરુષો થાકતા નથી; સિનેમા, ક્રિકેટ, રાજકારણી પુરુષોની વાતોમાંથી યુવાનો ઊંચા આવતા નથી; ગરીબ વર્ગ પોતાની આજીવિકાની ચિન્તામાંથી નવરો પડતો નથી. મધ્યમ વર્ગ વ્યવહારો કરવાના વિચારોમાંથી અવકાશ પામતો નથી.

લગભગ બધે સૌ પોતાના સુખ-દુઃખની વાતો કરતા જોવા મળે છે. ૯૫ ટકા લોકો આ પ્રકારના હશે એમ કહું તો તે કદાચ ખોટું નહિ હોય.

બીજા ૪ ટકાના લોકો એવા હોય છે જેઓ થોડા આગળ વધીને સુખદુઃખના પ્રસંગોમાં પોતાના પુણ્ય-પાપ કર્મોનો વિચાર કરતા હોય છે. આ લોકો આ વિચારથી 'કાંઈક' શાન્તિ પામી શકતા હોય તેવું જોવા મળે છે.

૧ ટકા જેટલો જ ત્રીજો વર્ગ એવો છે, જે દરેક બાબતમાં ધર્મ-અધર્મની દૃષ્ટિએ વિચાર કરતો રહે છે. ધર્મ તરફ એ આગેકૂચ કરે છે; અધર્મથી એકદમ પીછેહઠ કરે છે. ભયાનક ઝંઝાવાતી રાજકારણાદિની વચ્ચે પણ આ વર્ગ અડોલ બનીને સ્વસ્થ ઊભા રહેવાની અનુપમ કળા સિદ્ધ કરી ચૂકયો હોય છે.

મહામિથ્યાત્વી, મંદમિથ્યાત્વી અને સમ્યગ્દૃષ્ટિ એવા ત્રણ પ્રકારો અનુક્રમે ઉપરોકત માણસોના આપણે પાડીએ તો કદાચ તેમાં કોઈ અશાસ્ત્રીયતા નહિ હોય એમ મને લાગે છે.

કેવા સુખીઓ ? દુઃખી અને ત્યાગી યાદ પણ ન આવે ?

જગતમાં અનેક આશ્ચર્યો બની રહ્યાં છે તેમાં આ હકીકતનો પણ આશ્ચર્ય તરીકે જ સમાવેશ કરવો જોઈએ ને કે ૨૧મી સદીના સુખી માણસોને આ જ ધરતીના દુઃખી માનવો પણ કદી યાદ આવતા નથી અને આ જ ધરતીના સુખત્યાગીઓ સ્મરણમાં પણ આવતા નથી.

જે સુખમાં કશો માલ નથી; દુઃખોથી જે દાઝેલા છે, દેખાવમાં જ માત્ર આકર્ષક છે, નાશ પામી જવાના સ્વભાવવાળા છે, રક્ષણાદિની કારમી ચિંતા કરાવનારા છે, અતૃપ્તિ અને ઈર્ષ્યાની અગનજવાળાઓને કારણે સુકાઈ ગયેલા પ્રાણવાળા છે તેવા સુખમાં આજનો સુખી એટલો બધો તો પાગલ બની ગયો છે કે એને ન તો કોઈ દુઃખીઆરો યાદ આવે ? એ કદી કોઈના દુઃખનાં આંસુ લૂંછવા ય ન જાય ! મોટરમાંથી નીચે ઊતરીને કોઈ ઘાયલને પોતાની મોટરમાં લઈ લેવા ય લાચારી બતાડે ! કોઈની લેણી નીકળતી રકમ, એની અરજીની આજીજી છતાં માફ ન કરી શકે ! એવા તે શા માલ છે એમના સુખોમાં કે એ લોકો આટલા પાગલ થઈ ગયા ? ખેર....જો એ સુખની મોહિનીએ એમને આવા સજ્જડ રીતે જડી દીધા હોય તો એવી મોહિનીને પણ લાત મારીને ચાલી નીકળનારા ત્યાગી સંતો એમને યાદ તો આવી જાય ને ? લખલૂટ ભોગસુખો મળવા છતાં એને લાત મારીને સંસાર ત્યાગી દેનારા બાળકો, કુમારો, કુમારીકાઓ અને સુખી પરિણીત યુગલોનો આજે કાંઈ તોટો નથી. કોઈ દિવાળીએ સુખી લોકોને આવા ત્યાગીઓ યાદ આવે ખરા ? મોટરમાં બેઠા હોય ત્યારે પણ ઉઘાડે પગે હજારો માઈલો ચાલી નાંખતા એ સંતો યાદ ન આવે ? ઠંડા પીણા પીનારાઓને ઊકળેલા પાણીનું પાન કરનારા યાદ પણ ન આવે ? સ્વેટરો, મફલરો અને બ્લેંકેટોમાં વીંટળાઈને મહા માસની રાત પસાર કરનારાને અલ્પવસ્ત્રધારી સંતોની સ્મૃતિ પણ ન થાય ? વિકારોના વાયરે પળે પળે પછડાઈ જતા ધનપતિઓને બાળ બ્રહ્મચારી શ્રમણ શ્રમણીઓનું સ્મરણ પણ ન થાય ? અહો આશ્ચર્ય ! એવા તે કેવા પોલાદી હૈયા હશે એમના?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ગુણનું અજીર્ણ [illegible] ગુણનું [illegible] ઉપર [illegible] [illegible] દેખાતાં જ ન આવે [illegible] ગુણી ન બને [illegible] [illegible] અભિમાન બને.

[illegible] ગુણનું [illegible] ગુણવાન બને.

જ્યારે [illegible] ત્યારે [illegible] અજીર્ણ [illegible] પરિસ્થિતિ [illegible] પાચન જ [illegible] છે.

…ખી થવાની કે સારા બનવાની ઇચ્છા…

…, છતે પરિણામે, છતી આણશે શાન્તિ નહિ
…સુખી માણસોની ફરિયાદ છે.

…સંપત્તિની નશાબાજીમાં ડૂબેલા શ્રીમંતોને કોણ
…ા શબ્દ કહી દઉં કે સુખી જ બનવાના સ્વપ્નમાં
…ાય તે કદાચ થાય તો સુખી જ થઈ શકે, શાન્તિ
…માંય શોધી ન જડે.

…તો બહુ સીધી વાત છે. સુખી થવાની આગભરી
…શાન્તિ રહી શકતી જ નથી. આગ અને પાણી કદી
…કે ખરાં?

…ી થવાની તીવ્ર ઇચ્છાના પરિણામે કોઈ માણસ ધન
…સંપન્ન બની જાય અને તેથી લોકદૃષ્ટિમાં એ સુખી
…ાય. પરન્તુ એને સુખી બનાવનારી પેલી ઇચ્છા એને
…બેસવા તો ન જ દે. માણસ જેમ વધુ સુખી થતો જાય
…ા વધુ સુખી બનવાની ઇચ્છા વધુ પ્રબળ બનતી જાય.
…ાની આગના ભડકામાં શાન્તિના તો દર્શન જ ક્યાંથી હોય?

…શાન્તિ જોઈતી હોય તો એનો રસ્તો સાવ ન્યારો છે.
…ખી માણસો પણ શાન્તિ પામી શકે; પરંતુ તે માટે સુખી
…ી તીવ્ર ઇચ્છાને શાન્ત કરીને 'સારા' બનવાની ઇચ્છાને
…ઈને તેને તીવ્ર બનાવવી જોઈએ. ભલે પછી પુણ્યોદયના કારણે
…માણસ સુખી બની જાય. પરન્તુ એના સુખો એને ખરાબ
…નહિ જ બનાવે. જ્યારે એની ઇચ્છા જ 'સારા' બનવાની છે
…ખરાબ બનાવનારા સુખ-સાધનો પણ એને ખરાબ બનાવી
…કે નહિ. માણસની ઇચ્છા જ એને સારો કે ખરાબ બનાવવામાં
…ત્વનો ભાગ ભજવે છે. સુખેચ્છા સર્વ પાપની જન્મદાત્રી! સારા
…બનવાની ઇચ્છા સંતોષી બનાવીને સર્વગુણોની જનેતા! સારો
…સુખી હોઈ શકે પણ સુખરાગી કદી સારો ન હોઈ શકે.

સારો માણસ કોને કહેવો ?

લુચ્ચા સહુને ન ગમે; ક્રોધી કોઈને ન ગમે. જૂઠા સાથે પ્રેમ ન જ બંધાય. દુરાચારી તરફ મીઠી નજર ભાગ્યે જ હોય.

પણ આમ છતાં દુનિયાના ઘણાખરા માણસો એવા હોય છે કે એમને લુચ્ચાઓ ન ગમવા છતાં લુચ્ચાઈ તો ખૂબ જ ગમતી હોય છે, ક્રોધી ન ગમવા છતાં ક્રોધ જરૂરી લાગતો હોય છે; જૂઠો ન ગમવા છતાં જૂઠાણું ગમતું હોય છે; દુરાચારી અપ્રિય છતાં દુરાચાર તો પ્રિય હોય છે.

ભારે નવાઈની આ વાત છે ને ?

આથી તો જગતમાં 'સારા' માણસની સંખ્યા નહિવત્ છે ને?

'સારો' તો તેજ કહેવાય જેને લુચ્ચા ય ન ગમે તેમ લુચ્ચાઈ પણ ન જ ગમે. ક્રોધ, જૂઠ અને દુરાચાર વગેરે પણ [illegible] ન ગમે.

[illegible] લુચ્ચાઈ વગેરે તેનાથી થઈ પણ જાય છતાં [illegible] ગમતા તો ન જ જોઈએ. એવા પાપ સેવાતા [illegible] અંતરમાં બળતરા ઊંડો હોવો જ જોઈએ.

[illegible] પોતાને [illegible] ઝેર દે તો દેનાર સાથે [illegible] તેની [illegible] કરે તો [illegible]

સુખનો રસ અને પાપનો રસ

માનવજાતને જો માત્ર સુખનો રસ હોય તો? માત્ર પેટ પૂરતું ખાવાનું સુખ મળી જાય, એબ ઢાંકવા માટે જરૂરી કપડાનું સુખ મળી જાય એટલું જ જો અપેક્ષિત હોય તો આ વિશ્વના ઘણાં દુઃખો નિર્મૂળ થઇ શકે તેમ છે. પણ વસ્તુસ્થિતિ આવી નથી. કેટલાક ભેદી લોકો ભલે એવી વાતો હવામાં ફેલાવ્યા કરતા હોય કે લોકોને ભોજનની જરૂર છે; મકાન અને કપડાંની જ જરૂર છે. એ જરૂરિયાત પૂરી પાડવા માટે તમામ શ્રીમંતો, સહુ વિદ્વાનો અને બધા ધર્મગુરુઓએ કામે લગી જવું જોઇએ!

હકીકતમાં લોકોને સુખના રસ કરતાં પાપોનો જ રસ અતિ વધુ છે. સુખના રસને હજી પહોંચી શકાય પરન્તુ પાપના રસને તો કયારે ય ન પહોંચાય; કેમકે પાપની વાસનાઓ વધુ ને વધુ અતૃપ્ત જ બનતી હોય છે.

રોટલી–દાળના ભોજનથી જ પેટ ભરી લેવાનું અને તૃપ્તિનું સુખ પામવાનું કેટલા માણસોને મંજુર છે? શા માટે ભજીયાં, ચટની અને અથાણામાં લોકો પાગલ થયા છે?

સિનેમા, કલબો અને નાઇટોની ઉજવણીમાં પાપના રસ સિવાય બીજુ કયું તત્ત્વ કામ કરે છે? આવા અર્થહીન–અત્યન્ત અનર્થકર તત્ત્વોને કેમ નાબુદ ન કરી દેવા જોઇએ?

ચાર માણસો ઉપર રૂવાબ કરવા ન મળે એવું સત્તાનું સુખ કોને મંજુર છે?

એક જ બાજુથી મોંમા મમરાવ્યા વિના બાસુંદી પૂરીનું જમણ સ્વીકારવાનું કોને મંજુર છે?

માણસને માત્ર સુખ જોઇતું જ નથી, એને એની આસક્તિઓના આશ્લેપ પણ જોઇએ છે.

આસ્તો એના વિકાસની આડી પડેલી મોટી શિલા છે.

સુખનો ગાઢ રસઃ સર્વદુઃખ પચાવેઃ સર્વ પાપ કર

બેશક, દુઃખ તો કોઈનેય ગમતું નથી. નાનામાં
દુઃખ પણ કોઈને પચતું નથી. પેટમાં થતાં કૃમિને પણ
તો ન જ ખમાય.

પણ છતાંય એ વાત ચોક્કસ છે કે જેને જેને
ખૂબ જ ગમી જાય છે; સુખની પાછળ જે લોકો પાગલ
જાય છે; એ લોકો તો જીવલેણ દુઃખોને ય પચાવી નાખે
ભારે ત્રાસ વેઠવા માટે પણ મધરાતે તૈયાર થઈ જાય છે.

'મધુબિંદુ'ના દૃષ્ટાન્તમાં ઉપકારીઓએ આ જ વાત
છે ને કે મોતના અને રોગ વગેરેના કાતીલ દુઃખોની જાળ વ
રહેલો એ અભાગિયો માનવ, મધના ટીપાના સ્વાદના સુખ
લપેટાઈ જઈને એ બધા કાળઝાળ દુઃખોને ય વીસરી ગયો
અરે! વિમાન લઈને નીચે ઊતરેલાં પેલા દેવ-દેવીની શીખ
પણ એણે લગભગ અવગણી!

સુખના રસનો જેને ચસ્કો લાગ્યો એની વધુ મોટી
કમનસીબી તો વળી બીજી જ છે.

તે એ છે કે એ સુખના રસ ખાતર એ આત્મા આ
[illegible]નું કોઈ પણ પાપ કરતા જતા જરાય પાછી પાની કરતો
નથી.

ઇચ્છિત પ્રાપ્ત કરવા માટે પાપ કરતા એને ધર્મ પણ
[illegible] શકતો નથી.

લૌકિક સુખ માટેનું દુઃખોનું પાચન પણ ખરાબ છે!

પાપોનું આચરણ એથી ય વધુ ખરાબ છે! સુખના
[illegible] આ [illegible] જાણે છે; માટે જ સુખના રસ જેવું બીજું
[illegible] નથી એમ શાસ્ત્રોમાં કહેવાયું છે.

[illegible]

સુખના રાગે તો માનવતા ય મારી નાંખી

શાસ્ત્રકાર પરમર્ષિઓએ સુખ પ્રત્યેના કારમા પ્રેમભાવને ખૂબ ખૂબ વખોડી નાંખ્યો છે એ તદ્દન વાસ્તવિક છે.

જેને સંસારનાં સુખ ખૂબ ગમી ગયાં, ખૂબ ભાવી ગયાં, ખૂબ ફાવી ગયાં એ માણસોમાં આધ્યાત્મિકતા કે સુજનતા તો ન જ જોવા મળે, પણ એમની માનવતા ય મરી પરવારેલી જોવા મળે છે.

એમના જીવનમાં સદાચાર શોધ્યો ન જડે, હૈયે કરુણા ન મળે અને વેપારમાં કે વ્યવહારમાં નીતિ ન મળે.

એ લોકોને મળેલી બુદ્ધિ બીજાઓને છેતરવામાં જ પરિણમતી રહે, એમની જાતના પેટ અને પટારા ભરવામાં જ કામે લાગી જતી હોય, એમની સંપત્તિ સ્વાર્થાન્ધતાની ધારને વધુ તીક્ષ્ણ બનાવવાનું જ કામ કરતી હોય.

હાય! જગતમાં એ કોઈના નહિ, એમનું ય કોઈ નહિ!

જગતથી સાવ વિખૂટો પડેલો, હૈયાથી સાવ રૂક્ષ બનેલો અભાગી બુદ્ધિજીવી માનવ! જેના મરણ પછી કોઈ એનું સ્મરણ પણ ન કરે!

કેવો ભનાયક છે સુખનો રાગ! માનવને માનવ મટાડી દે! મહામાનવ બનવા ન દે.

ઈન્સાનને હેવાન બનાવી દે! ભગવાન બનવા ન દે!

જે માનવ જીવનમાં માનવ બનીને ભગવાન બનવાની એક જ સાધના કરવાની છે તે જીવનમાં માનવ મટી જઈને હેવાન બની જવા દેવાની પ્રેરણા સતત કરતા રહેતા સુખ પ્રત્યેના તીવ્ર રાગ જેવું પાપ આ જગતમાં બીજું એકય નથી.

અફસોસ! આજનું જગત દુઃખીના દુઃખની જ ચિન્તા કરે છે. સુખીનાં પાપો તરફ કોઈની નજર ગંભીર બની નથી!

સહુને જેલ જોઈને દયા આવે છે; મહેલ જોઈને કોઈ બોલી ઊઠતું નથી કે બિચારાનું શું થશે?

આ ભૂત તમને વળગ્યું છે?

ભૂવા તરીકે ઓળખાતો કોઈ પણ ભૂવો–મોટો રૂસ્તમ પણ–જે ભૂતને કાઢી શકવા સમર્થ નથી તેવા ભૂતની આ વાત છે. તમને એ ભૂત વળગ્યું છે ખરું?

અરે! આ દુનિયાના લગભગ તમામ માણસોને એ ભૂત વળગ્યું છે. પેલા ભુવાઓને બધાને વળગી પડ્યું છે. શ્રીમંતો, ધીમંતો, સત્તાધારીઓ, પહેલવાનો, બધાય આ ભૂતના વળગાડથી ખતમ થયેલા છે. એ ભૂતના અપાટાની તો શી વાત કરું? હાય! કેટલાક સંતોને ય એ વળગી પડ્યું છે!

સંતો એટલે? જાણો છો? આ ભૂતને કાઢવા માટેના સાચા ભૂવા! એમનેય કેટલાકને એ વળગી પડ્યું છે.

ભૂત કોને વળગે તે તો જાણો છો ને? જે ભડકે તેને ભૂત વળગે. આ ભૂતનુંય એવું જ છે. જે ભડકયા તેને બાઝ્યું.

હવે કહો, તમને આ વિચિત્ર ભૂત વળગ્યું છે? હજી ન સમજ્યા? ભૂતનું અને ભડકવાનું સ્વરૂપ પૂછો છો? સાંભળો ત્યારે. આ ભૂતનું નામ છે સુખરાગ. સુખો પ્રત્યેની આસક્તિ. સુખો પ્રત્યેનું પાગલપણું. સુખની સામગ્રી જોઈને જે ચમકયો તે અહીં ભડકયો કહેવાય. જે ભડકયો તેને આ ભૂત અવશ્ય વળગ્યું સમજજો.

સંભૂતિ નામના ઘોર તપસ્વીને ય આ ભૂત વળગી ગયું હતું ને? ચક્રવર્તીની મહારાણી-સ્ત્રીરત્નના વાળની લટનો માખણીઓ સ્પર્શ થયો અને એ મહામુનિ ચમકી ગયા. પેલું ભૂત–આસક્તિ–(અહીં સ્ત્રી પ્રત્યેની)–વળગી પડ્યું. હાય! પછી તો પૂછવું જ શું? ભૂત વળગે એના તો લવારા કેવા હોય? "ક્યાં સાધુ થયો? સ્ત્રી જ મારું સ્વર્ગ, એ જ મારો મોક્ષ! મારે બીજાં કોઈ સ્વર્ગાદિ ખપતાં જ નથી. આ બધી જંજાળ મારે ન જોઈએ. વગેરે." ચિત્ર મુનિની કોઈ વાત ન માની સંભૂતિમુનિએ. 'ચક્રી' બનવાનું નિયાણું કર્યું! ચક્રી બનીને સાતમી નારક ભેગા થઈ ગયા!

[illegible]

વસ્તુનું નામ છે ગુણ...ગુણ [illegible] ગુણનો કાતીલ રાગ ! અને

એને જન્મ દેતી ગુણની સામગ્રી.

કેવું સુખ ? બધાં દુઃખો સહાવે, તમામ પાપો કરાવે

સચ્ચિદાનંદનો ઘન આત્મા ! એને વળી દુઃખ શાં ? કર્મના કોઈ અપરાધે દુઃખો આવી પડે તો ભલે સહી લે; પણ દુઃખને ખોટી રીતે ઊભાં કરવાનો તો એ પ્રયત્ન ન જ કરે ને ?

દુઃખને જે તાણી લાવતા હોય; ઘરમાં ઘાલતા હોય તેને આપણે સારા તો કેમ જ માનીએ ? કેટલાક એ વાત તો જાણે છે કે દુઃખ તો પાપકર્મના ઉદયથી આવે છે; આથી કર્મ તરફ તો કેટલાકને નફરત થાય છે પરન્તુ ઘણાખરાને એ વાતની ખબર નથી કે દુઃખને તરત ને તરત ઊભી કરનાર 'સુખ' નામની એક વસ્તુ પણ છે. પાપ કર્મના ઉદય વિના દુઃખ આવે જ નહિ એ વાત તદ્દન સાચી છે પરન્તુ ઘણાં દુઃખો તો ઊભા જ કરવામાં આવતાં હોય છે. અને એવાં ઊભા થતાં દુઃખોની મુખ્ય માતા તો સુખનો કાતીલ રાગ જ હોય છે.

જેને સુખ ગમી ગયું તે બધાં ય દુઃખો પામે....એ તો ઠીક; પણ સુખના રાગનો જેને નશો ચડી ગયો એ પાગલોને દુઃખ પણ સહવા જેવું; પ્રેમ કરવા જેવું લાગે. સુખને મેળવવા માટે એ લોકો ખૂબ આનંદ સાથે દુઃખોને સહે; ભૂખ્યા રહે, ટાઢ તડકાં વેઠે, કેટલાય ભુખ્ખુઓને પોતાના શેઠ બનાવીને એમની ગુલામી કરે; લાત મારનારના પગ ચાટે; ગઈ કાલે ગાળો દેનારા સાથે આજે મૈત્રી સાધે.

ખરી ચિંતાજનક ગંભીર બાબત તો એ છે કે, સુખના કાતીલ રાગવાળા લોકો પાપો કરવામાં ય પીછેહઠ કરતા નથી. સુખ મેળવવા માટે અનીતિથી માંડીને અનાચાર સુધીના તમામ પાપો [illegible] કરતા રહે. એમાં જરા ય ખોટું ન માને. દુઃખ [illegible] નથી એટલી વાસનાઓની ચળ, અતૃપ્તિ વગેરેનાં [illegible] દુઃખદ છે.

વિશ્વમાં શાન્તિ ફેલાવવાની વાતો જ કરે છે પણ [illegible] 'પાપનાશના માર્ગે' કદમ મૂકતા [illegible] નથી ! કેવું આશ્ચર્ય !

સુખનો રાગ ખરાબ કે સુખની સામગ્રી ખરાબ ?

સુખ એટલે સુખની સામગ્રી. એ જ ખરાબ.

સુખનો રાગ ખરાબ કે સુખની સામગ્રી ખરાબ ? સુખનો રાગ ન કરાવે–અનાસક્ત રાખે તો એ સામગ્રી ખરાબ શેની ? સુખની સામગ્રીમાં રહીને ય કેવલ્ય પામ્યાના દાખલાઓ તો મળે જ છે ને ? માટે સામગ્રીને ખરાબ ન કહેતાં રાગને જ ખરાબ કહેવો જોઇએ ને ? આવા અનેક પ્રશ્નો પુછાયા કરે છે.

નિશ્ચયનયની દષ્ટિએ તો રાગ જ ખરાબ; પરન્તુ જે આત્માઓ હજી સાંસારિક વ્યવહારોમાં જ ઊભા છે; હજી જેમને પત્નીમાં પત્નીનું જ; અને માતામાં માતાનું જ દર્શન થાય છે, આગળ વધીને આત્મા તરીકેનું સમદર્શન નથી થતું તે લોકો તો વ્યવહારોની ભૂમિકામાં જ ઊભેલા ગણાય. આવા લોકોએ ધાર્મિક બાબતોમાં પણ વ્યવહારનયની ભૂમિકાને પૂરેપૂરું માન આપવું જ જોઈએ,

વાત તદ્દન સાચી છે. આગને અડકવું અને ઝાળ લાગવા જ ન દેવી એ તો ખૂબ જ અશક્ય છે. હા, મન્ત્રાદિનું કોઈ બળ હોય તો તે માણસ માટે તે ય શક્ય છે પરન્તુ તેવા કેટલા ? આપણો નંબર તો શેમાં લાગે ?

જનમજનમના પાપસંસ્કારોનો દારૂગોળો આત્મામાં તૈયાર જ પડેલો છે. સુખની કોઈ સામગ્રીના સમાગમનો તણખો એમાં પડે એટલી જ વાર....ભડભડ જલી ઊઠે એ પાપસંસ્કારો.

જો જીવનને વિશુદ્ધ બનાવી જ રાખવું હોય તો ‘ રાગથી જ પાપ, સામગ્રીના રાગથી પાપ નહિ ’ એવી દલીલો કરવામાં બુદ્ધિને બગાડશો નહિ. ઝેર ખાઈને જીવવાની વાત કરશો મા ! ના, કોઇ આવી વાત તો કરતું ય નથી. આગ અને ઝેર સાથે કોઇ ચેડા કરતું જ નથી. ભોગરસિકોને ધર્મની વાતોમાં જ ચેડ કરવાનું સૂઝે છે !

[illegible]

...નિષ્પાપ બનવા માટેની [illegible] ...

[illegible] સુખી બનેલો [illegible] ... સુખી બની જાય. બેઉ બને. પરન્તુ એ સુખી [illegible] ...ી જાય તો ? ઓહ ! એ તો અત્યંત ગંભીર બાબત બની ! ...ી મરીને સુખી બનેલો જો એના રાગના ડંખે પાપી બની ...ા હોય તો એમ કહી દેવું ઉચિત લાગે છે કે તે દુઃખી જ બની ... તે સારૂં.

વળી બીજી વાત. સુખના કાતીલ રાગના ડંખે પોતે તો ...ી બન્યો. પણ પોતાના સ્વાર્થોને પોષવા માટે દગા, કેટકો, ...વિશ્વાસઘાત, વગેરે કરીને કેટકેટલાને એ દુઃખી પણ બનાવી દે ! ...રે ! આ દુનિયામાં દોજખ ઉતારે! મને તો લાગે છે કે, જો ... જગતમાં સુખ રસિકોના મહેલ ન હોત તો કદાચ જેલ ...ુ ન હોત. સુખના જો આવા જ લોહી ખરડ્યા હાથ હોય તો ...ખ જ શું ખોટું ? "પણ દુઃખી તો પળે પળે એના દુઃખે મરે ... એનું શું ?" એમ પૂછો છો ? તો હું કહીશ કે સુખી તો ...ો પળે અનેકોને મારે છે ! હવે બેમાંથી જ એક વિકલ્પમાં તમે ...ઠવાઇ જાઓ ! મારનારા બનશો કે મરનારા ?

ભોગસુખોના રસને 'સારા' તો કેમ જ કહેવાય ?

આધ્યાત્મિક દુનિયાના સંતોએ ધર્મ વિનાના નરને પશુ જેવો કહ્યો; ભોગરસી લોકોએ ભોગસુખ વિનાના નરને પશુ જેવો કહ્યો. ખેર ! એ ચર્ચામાં હાલ આપણે ન ઊતરીએ. હમણાં એટલું જ નક્કી કરીએ કે આ જગતના લોકોને કાં ધર્મ જોઈએ છે, કાં સુખ જોઈએ છે. કેટલાકને વળી બે ય જોઈએ છે.

મારો પ્રશ્ન એ છે કે ધર્મ કે સુખ મળે શી રીતે ? શું પાયાની નીતિ વિના ધર્મની ઇમારત ખડી થઈ શકશે ખરી ? શું જીવમાત્ર પ્રત્યેની દયાભાવના વિના સુખ પ્રાપ્ત થશે ખરું ?

નીતિ વિના ધર્મ કેવો ?

દયા વિના સુખ શેનું !

ભોગસુખોના તીવ્ર રસ જેની દાઢે વળગ્યા એના જીવનમાં ભયાનક સ્વાર્થભાવ જન્મી ચૂક્યો. પોતાની તૃષ્ણાઓ અને એ ભૂખોને તૃપ્ત કરવા માટે એને પુષ્કળ સંપત્તિ વગેરેની જરૂ પડી. એના પરિણામે એણે નીતિની કબર ખોદી નાખી.

જે સંપત્તિ મળી એ ય ઓછી પડી એટલે બીજાઓ એના ભાગીદાર બનાવતી દયાને પણ એણે મારી નાખી.

નીતિવિહોણા અને દયાવિહોણા કોઈ ભોગરસી માનવો મોટી હવેલીઓ જોઈને અંજાશો મા ! એ હવેલીઓ જ એમ સુખોને નીચોવી નાખશે; મોજશોખમાં ભાનભૂલેલો સ્વજનવર્ગ એને ઝેર આપવામાં કદાચ નિમિત્ત બનશે; 'કીલ્લર કાર' કદાચ એને પરલોકભેગી કરી દેશે.

જીવનને સંકુચિત બનાવનારા અને જીવનના અન્ત ભિક્ષામણો બનાવનારાં ભોગસુખોને તો કોઈ પાગલ જ 'સા કહી શકે.

તમે પાગલ છો ખરા ?

[illegible] આત્માઓના [illegible]! [illegible] દુઃખમાં [illegible] નાખનાર [illegible]!

[illegible]

આસક્તિને મારવા માટે [illegible] આવી જ [illegible] પાપ! [illegible] ધર્મના [illegible] ભોગસામગ્રી [illegible] જરૂર નથી. [illegible] ભોગસામગ્રી પણ એમને ભયાનક દુઃખોની ઊંડી ખીણોમાં [illegible] નાખવા માટે જ બનનારી હોય છે. જીવતી રાખીને [illegible] બનાવેલી આસક્તિ જ એ ભોગસામગ્રીની વચમાં નૃત્ય કરે [illegible] માઝા મૂકીને નાચ કરે છે. એથી પાપકર્મોનો જંગી બોજ [illegible] આત્મા ઉપર ઝિંકાય છે. આ બધા ય પાપો અને પૂર્વે [illegible] કરતાં જિવાડેલી આસક્તિનું ઘોર પાપ—એ બધાં ય [illegible] મળીને એ આત્માની અનંતકાળ માટે માનવ જીવનમાંથી હકાલ[illegible] પટ્ટી કરી નાખે છે. ભૂંડ, કુક્કર, વગેરેના પશુજીવનોનાં દુઃ[illegible] દીર્ઘ કાળ સુધી ભટકે બળે છે.

અનીતિ, આસક્તિ આદિથી પૈસા કમાયેલો આત્મ[illegible] બંગલા પામીને શું પામ્યો? અરે! એવા બંગલા કરતાં તે ઝૂંપડાં સારાં કે જ્યાં ઘોર પાપકર્મો જાતે કરવાનાં નહિ અને સંપત્તિના જોર ઉપર બીજા અનેક આત્માઓના જીવન બરબાદ કરવાનાં નહિ.

દુઃખીઓના દુઃખના કાંઈ કોઈને ચેપ થોડા જ લાગે છે? સુખીના જીવનના પાપજંતુના [illegible]

મંતો ખૂબ દયાપાત્ર છે; એમને ધિક્કારો મા.

પરમાત્મા તીર્થંકર ભગવંતોની એકાંત કલ્યાણ-
નું મણુબંધ કે ટનબંધ શ્રવણ કરવા છતાં જે
ના જીવનમાંથી મહાઆરંભ અને મહાસમારંભનાં
ામતાં નથી; બલ્કે એમાં વૃદ્ધિ જ થતી રહે છે;
જ જીવનને ભ્રષ્ટતાના પંથે દોરી જાય છે એવા
તોને લોકો ખૂબ ધિક્કારે છે. એમની કાવાદાવાની
રમાં પોસ્ટમોર્ટમ કરે છે.

આ બધું ય બરોબર ન ગણાય. આવા ધનવાનો
ષ્ટિએ અત્યન્ત દયાપાત્ર છે.

વા સફાઇભર્યાં પાપો કરનારાઓ માટે તો દુર્ગતિઓના
ાર પડયા છે. એ દુર્ગતિઓ ક્યારની એમને સાદ
છે. આંખ મીંચાય એટલી જ વાર....પછી તો એમની
વીતવાની છે એની કલ્પના કરતાં ચક્કર આવી જાય
એકલી ચીસાચીસ ! નરી પરાધીનતા ! કારમી ગુલામીઓ !
દરિદ્રતા ! ભયાનક આક્રમણો ! પૂરી અજ્ઞાનતા ! પરિપૂર્ણ
' અવસ્થા !

એવા લોકોની તો ખૂબ દયા ખાવી જોઇએ. એમને
વાને બદલે એમ બોલવું જોઇએ કે, "આ બિચારાઓનું
મમાં શું થશે ? આજના ઉદ્દંડ માણસોનો ત્યાં કોઇ ભાવ
ર પણ નહિ હોય ! ઓહ ! એમનું શું થશે ?"

સર્વત્ર સારા શ્રીમંતો ભલે ઊભા રહે; વિશ્વમાં વધતા
રહે. ખરાબોની દુનિયામાં તેવા શ્રીમંત-વડલાઓની તો
ુલ સંખ્યામાં જરૂર છે; તેઓ જ દુઃખીનાં દુઃખને ફેડશે;
પીનાં પાપોનો નાશ કરતા સંતોના પરમ ભકત બનશે. ભારતને
ાવા શ્રીમંતોની આજે ખૂબ જરૂર છે. પણ જે શ્રીમંતોના
ંગલાઓ પાપના જ અખાડા બન્યા છે તેમની જ આપણે
યા ખાવાની છે.

જરાક દૃષ્ટિ બદલો. નહિ તો તમારી એ ધિક્કાર ભાવના
તમને ય દુર્ગતિના અખાડાઓમાં ફેંકી દેશે.

[illegible]

[illegible] પામેલાઓનું !

વર્તમાન સમયના [illegible] ગરીબોનાં દુઃખો [illegible] શ્રીમંતોના આધિ [illegible]

માટે જ ગરીબો કરતાં તવંગરો [illegible] હોય છે.

શ્રીમંતોના, શિક્ષિતોના અને સત્તાધારીઓના વર્ગ આ વાત જેટલી વહેલી સમજી લેશે એટલું તેમનું વધુ હિત થશે.

કોઈ અંજાશો મા ! એ [illegible] ચમકદાર [illegible] દર્શનમાં ! અરે ! અંદરથી તો એ સાવ જ કોહવાયેલું છે !

શ્રીમંતાઈનો પ્રેમી ! કેટલો દયાપાત્ર !

ના, શ્રીમંતોને સર્વથા દયાપાત્ર ન કહી શકાય. વિશુદ્ધ પુણ્યથી જેઓ શ્રીમંત બને છે તેઓ તો આ જગત માટે આશીર્વાદરૂપ બને છે. એમની લક્ષ્મી પરાર્થ કાજે જ વપરાતી રહે છે.

આપણે તો શ્રીમંતાઈના પ્રેમીઓને દયાપાત્ર કહેવા છે. લક્ષ્મીના નશાથી જેઓ દીવાના બની જાય છે; લક્ષ્મીની રાઈ જેમના દિમાગ સુધી ચઢી જાય છે, એથી જેઓ આ જગતના માંધાતા બનીને 'સ્ટીમરોલર' ની જેમ ફરતા રહે છે. અડફેટમાં જે આવે તેને કચડતા રહે છે અને પછી ખડખડાટ હસતા રહે છે. એવા દિલ અને દિમાગ-વિહોણાઓ બેશક દયાપાત્ર છે.


પૈસાનું એક જ બળ એ લોકો પાસે એવું હોય છે કે એમની બેવકૂફીઓને કોઈ સમજાવી ન શકે. ધર્મગુરુઓ પણ એમની ઉપેક્ષા કરી દે. અક્કલનો છાંટો ય ન હોય તો પણ 'શેઠ સાબ'! કહીને સહુ ખુશામત કરે.

હાય! જેના કારણે સાચું કહેનારો કોઇ નજદિકમાં ય ન ફરકે એ શ્રીમંતાઈનો નશો કેટલો ભયાનક કહેવાય? એ નશાબાજને કેટલા બધા દયાપાત્ર કહેવાય? ઉન્માર્ગે ધસી જતી એમની જીવન-ગાડીને કોઈ બ્રેક મારનાર જ ન મળે! જીહજૂરિયાનું ટોળું એમના જીવનને વધુ ને વધુ ઉન્માર્ગે ધકેલતું રહે.

આના કરતાં તો ગરીબી સારી....ત્યાં સત્સંગ તો છે; ચાર ડાહ્યા સલાહકારો તો જીવે છે....બીજા ગરીબોનાં આંસુને સમજવા માટે હૈયું તો મળે છે. દુઃખના નાશ માટે પણ ઇશ્વરનું નામસ્મરણ તો મળે છે.

લોકો ગરીબોને દયાપાત્ર કહે છે પણ મારી દૃષ્ટિએ તો તે નશાબાજ શ્રીમંતો જ દયાપાત્ર છે!

વિવિધ પ્રેરણાઓ



[illegible]

[illegible]

[illegible] તે તો કદી ન [illegible].

તમારી [illegible] નથી શું? તમને કપડાં, મકાન, મોટર, ખાનપાન, [illegible] બધું જ સરસમાં સરસ [illegible] ખરાબ બની ગયા છે તો તેનો જરા ય [illegible] નથી ને?

બધું જ 'સરસમાં સરસ' બનાવવાની [illegible] કારણે જ માણસ ખરાબ બની ગયો છે.

'અલ્ટ્રા મોડર્ન' જીવન જીવવા માટે ઘણો પૈસા તો જોઈએ જ. નીતિથી જ કમાણી કરવા જાય તો એટલો પૈસો મળે જ નહિ. માટે અનીતિની ખરાબી મંજૂર બની ગઈ!

સદાચારથી જ સ્વર્ગ સાથે જીવે તો તેમાં આ લોકનું સ્વર્ગ (!) દેખાતું ન હોય એટલે દુરાચારની કાતીલ ખરાબીઓ જીવનમાં ઘર કરી ગઈ.

એમ ક્રમશઃ દરેક બાબતમાં ખરાબીઓ જ પેસતી ગઈ!

અફસોસ! બધું જ સરસ બની ગયું! ઘરબાર, રાચરચીલું, વાસણ, મોટર, બૂટ અને સંડાસ બધું ય!

પણ માણસ જ ખરાબ થઈ ગયો!

ઘણા બધા નોકરો ઘરમાં પેઠા પણ અફસોસ! માલિકને જ બહાર નીકળી જવું પડ્યું!

સર્વત્ર વસવાટ કરી ચૂકેલા ઓ માનવ! તારી તારા ઘરમાંથી જ હકાલપટ્ટી! શાબાશ!

સુખી બનવું છે કે સારા ?

જન્માન્તરનાં કર્મોના બંધ તો માણસને સુખી કે દુઃખી બનાવીને મૂકી દે—સુખ કે દુઃખની સામગ્રી જ આપી દે...પણ એમાં સારા બનાવવાનું કે ખરાબ બનાવવાનું એ કર્મોના બંધનું કાર્ય નથી; એ કામ તો અનુબંધનું છે. સારાં કે નરસાં કર્મ બાંધતી વખતે આત્માનો જેવો ભાવ તેવો અનુબંધ.

સુખ કે દુઃખ એ કોઈ મહત્ત્વની બાબત નથી: મહત્ત્વની બાબત તો સારાપણાની કે ખરાબપણાની છે. આથી જ બંધ કરતાં અનુબંધનું મહત્ત્વ વધુ મનાય છે.

સુખી પણ જો 'ખરાબ' હોય તો તેનું લેશ પણ મૂલ્ય નથી. એના કરતાં તો સાચો એવો દુઃખી માણસ ઘણો જ સારો ગણાય. જે સુખી માણસોને નીતિ, દયા કે સદાચારના જીવન-ઘડતરની લેશ પણ ચિંતા નથી; જેમને માત્ર બંગલા, સત્તા, સાહેબી, વગેરે જ જોઈએ છે અને એની ખાતર જ જેઓ પોતાનું જીવન જીવે છે; જગત માટે જેમને લેશ પણ ચિંતા નથી; દીન દુઃખીતો તરફ જેઓ નજર પણ નાંખતા નથી એવા સુખી માણસોને જૈનદર્શનમાં લેશ પણ મહત્ત્વ અપાયું નથી.

સ્વાર્થાન્ધ બની રહેવું કે પેટભરા બની રહેવું કે બાળ-બચ્ચાંના પરિવારની જ ચિન્તા કરવી એટલું તો પશુને ય આવડે છે. કૂતરી પણ પોતાનાં બાળકોને ખવડાવી જાણે છે. માનવ બનીને, જૈન બનીને, તેમાં ય શ્રાવક બનીને એ સુખી માનવ વધુ શું શીખ્યો ? જીવનમાં શું કમાયો ?

જો તમે સાચે જ જૈન હો તો તમારું લક્ષ્ય સુખી જીવન તરફ ન જ હોઈ શકે. તમારું તમામ ગણિત જાતને અને કુટુંબને 'સારા' બનાવવાના મધ્યબિંદુને અડીને જ હોવું ઘટે. ભલે પછી સારા બની રહેતાં સુખ સઘળી પણ જતું હોય.

સામાન્ય માણસની જેમ સુખી જ બનવાનાં સ્વપ્નાં સેવનારને જૈન ન કહેવાય, હોં !

ધરતી ઉપર કાંટા જ નથી, ગુલાબના બાગ પણ છે

આ ધરતી ઉપર કાંટા જ ક્યાં બિછાયેલા છે ? ગુલાબના બગીચાઓ ક્યાં નથી ?

અંધકાર જ નથી; પ્રકાશ પણ છે. ખીણો જ નથી; તવંગરો પણ છે. આગ છે, તો પાણી પણ છે જ.

કાળોતરા સાપ છે તો ગારૂડિકો પણ છે.

હા....જે જેનું ધ્યાન ધરે તે તેવો થાય. દુષ્ટોનું ધ્યાન કરનારો દુષ્ટ જ થાય.

કામાંધની સોબત કરનારો કામાંધ જ થાય. દુર્જનોને રવાડે ચડેલો દુર્જન જ થાય.

તમે કદી એવી કલ્પના કરી લેવાનું જોખમ કરતા મા કે દુનિયા દુષ્ટોથી, દુરાચારીઓથી, અનીતિખોરોથી જ ભરેલી છે.

ના, જરા ય નહિ. એમના વિરોધી સજ્જનો, સદાચારીઓ અને નીતિમાનો પણ આ જ ધરતી ઉપર જીવે છે. એમનાથી જ આ ધરતીમાં ભીષણ કંપો થતા નથી; સમુદ્રો માઝા મૂકતા નથી; સૂરજ અને ચંદ્ર ધરતી ઉપર તૂટી પડતાં નથી.

તમારે 'સારા' બનવું હોય તો સારા લોકોનો સંગ કરો, એમના જીવનને તમારો આદર્શ બનાવો, એમની સુજનતાનું ધ્યાન ધરો.

પછી તમને સારા બનતાં કોઈ અટકાવી શકનાર નથી. ના.... વિરાટ સલ્તનત પણ નહિ, સરમુખત્યારની સત્તા પણ નહિ; દૈવી તાકાત પણ નહિ; કોઇ જ નહિ.

માણસમાં ખામીઓ ભરી છે તેમ ખૂબીઓ ભરી છે. તો શા માટે બાદબાકીનું જ ગણિત જડની જેમ રાખ્યું છે ? 'આમાં આ નથી, આમાં તે નથી' એવા કુવિચારો કરીને આ ધરતીને શાને સારું વધુ ખરાબ કરો છો એના કરતાં સરવાળા જ કરવા મંડી પડોને ! 'આમાં આ આમાં તે છે' એમ બોલતા રહેવાનો એક દિવસનો પ્રયોગ કરી જુઓ ! આખું હવામાન ખુશનુમા થઇ જશે :

સારા સહુ દેખાય છે: પણ ખરેખર સારા છે કેટલા?

એક વિખ્યાત જ્યોતિષીએ કહ્યું છે કે "સામાન્ય રીતે ઘણાખરા માણસો ડ્યુઅલ કેરેક્ટર (બે ચરિત્રવાળા) હોય છે." જગતના લોકોને દેખાડવા માટેનું એક બહિરંગ ચરિત્ર અને પાપ વાસનાઓથી ખદબદી ઊઠેલું બીજું અંતરંગ ચરિત્ર.

આ અનુમાન કેટલું સાચું હશે એ તો જગત-દ્રષ્ટા જગતપતિ જ સમજી શકે.

આપણે તો આપણી જાતનો જ વિચાર કરવો જોઈએ કે આપણે જેટલા સારા દેખાઈએ છીએ તેટલા ખરેખર સારા છીએ કે નહિ?

આપણો પ્રયત્ન સારા દેખાવાનો જ છે? અંદરની ખરાબી છુપાવી રાખવાનો જ છે કે ખરેખર સારા બનવાનો પ્રયત્ન છે? મને તો લાગે છે કે અંદરની ગંદકીઓને છુપાવવા માટે માણસને જેટલો પુરુષાર્થનો જંગ ખેલવો પડે છે તેનો એક લાખમાં ભાગનો પણ પુરુષાર્થ જો તે સારા બનવામાં લગાવે તો અવશ્ય સારો બની શકે.

જો માણસ હકીકતમાં સારો નહિ હોય; છતાં જો તે સારા દેખાવા માટેના વિવિધ 'મેક-અપ'માં રચ્યોપચ્યો રહેશે તો એ વાત નિશ્ચિત છે કે તે વધુ ને વધુ ખરાબ બનતો જશે. છેવટે અંદરની ખરાબીનો રોગ અસાધ્ય બની જશે.

દરેકે પોતાના આવા જીવન તરફ નફરત પેદા કરવી જોઈએ. જેવા 'ભીતરમાં' તેવા જ 'બહાર' દેખાવાની હિંમત કેળવવી જોઈએ. ભીતરની ગંદકીને બહાર કાઢી દેવા માટે ધર્મગુરુ પાસે જવું જોઈએ અને તમામ પાપોનો એકરાર કરવો જોઈએ. રોગનો આ જ ઇલાજ છે. થોડા પણ સાચા સારા માણસો સહુનું કલ્યાણ કરી શકશે. કરોડો દંભી સારા લોકો દુનિયાને રસાતાળ કરશે.

લાલપીળું-દેખાતું સંડેરજન અંદર કોહવાયું છે

જે સંડેરજન ઉપરથી જ લાલપીળું હોય પણ અ
કોહવાતું જતું હોય તે સંડેરજનનાં શા વખાણ કરવાં?
શી રીતે ચલાવી-નભાવી લેવું? એમ કરતા જતાં તો બા
ચકચકાટ પણ એક દી ખતમ કરવામાં જ નિમિત્ત બની

વર્તમાનકાળમાં વસતા માનવોમાંના ઘણા
આવા સંડેરજન જેવી સ્થિતિમાં નથી જણાતા શું?

એ કોહવાટનું સ્વરૂપ મને પૂછશો જ મા! મ
જણાવી શકાય તેમ નથી.

આમ છતાં 'કશુંક' બોલી નાખ્યા વિના મને ચે
નથી ત્યારે હું બોલી પણ દઉં છું. પણ એ તો અંતર
ઊભરાયું છે એનો સોમો ભાગ પણ નથી હોતો.
અંગારમાં બે-પાંચ તણખા જ આમતેમ ઊડી જાય છે.

સુખી ગણાતા માણસો પણ દુઃખીઓનાં આંસુ લૂછ
લાચારી બતાડે છે! એટલું જ નહિ પણ, દયાના દૂત બ
ફરતા દેખાતા લોકો કેટલાયના દિલમાં કારી જખમો લગાવે
જે સદાય દૂઝતા રહે છે.

ઘણી બધી ધર્મની ક્રિયા કરનારા કોઈકના જીવન
ક્યારેક ડોકિયું થઈ જાય તો 'ચીસ' પાડીને બહાર કાઢી લેવા
છે. આ શું બની રહ્યું છે? કાંઈ સમજાતું નથી.

લાલપીળા દેખાવે ધર્મગુરુ કદી અંજાઈ શકે નહિ. એણે
તો સર્જન ડોક્ટરની અદાથી ઓપરેશન કરવું જ રહ્યું. અંદરનો
કોહવાટ દૂર કરવો જ રહ્યો. દર્દી તો ચીસો પાડે જ....એની
દયા કેમ ખવાય? સર્જન અને વળી મા...એ વળી કદી પીછે-
હઠ કરે ખરાં? રોગને દાબીને શાન્તિ માણવા કરતાં તો રોગના
વમનની અશાન્તિ ઘણી જ આવકારદાયક ગણાય.

દુઃખે દુઃખાધિકં પશ્ય

કેવું મઝેનું આ સૂત્રવચન છે ? છાશવારે ને છાશવારે જીવનમાં ત્રાટકતાં દુઃખોની સામે ખૂબ જ સફળ મુકાબલો કરવાની જોડી તાકાત આ સૂત્રના મનનથી પ્રાપ્ત થઇ શકે છે.

પછી તો દુઃખી કોઇ પોતાને દુઃખી માને જ નહિ.

મથાળે ગોઠવાયેલું વાક્ય કહે છે, " દુઃખના સમયોમાં તમારાથી વધુ દુઃખીનું દર્શન કરો."

માથું સખત તૂટતું હોય ત્યારે ટ્યુમરના દર્દીને ભીંત સાથે માથું અફાળતો જુઓ.

ઓપરેશન કરાવ્યા બાદ અસહ્ય પીડા થતી હોય તે વખતે કોઇ ફેક્ટરીના મશીનમાં સપડાઇને ભીષણ વેગથી એ રાક્ષસી યન્ત્રમાં ફૂરચે ઉડતા,–" મને એકદમ શૂટ કરી નાખો" એવી ચીસો પાડતા–કોઇ અભાગિયાના દુઃખને તમારી નજરમાં લાવો.

મોતીઆ કે ઝામરના દર્દની પીડા વખતે જન્મના અંધોને, બે હાથ પહોળા કરીને કે આમતેમ લાકડી હલાવતાં હલાવતાં અસ્તવ્યસ્ત રીતે રાજમાર્ગ ઉપરથી પસાર થતા જુઓ.

પગની પીડા વખતે લાકડાની બે ઘોડી ઉપર ચાલતા લંગડાને નજરમાં લાવો. કાળી ચામડી મઝ્યાના દુઃખે પીડાતા હો તો રક્તપિત્તના દર્દીને નજરમાં લાવો કે કોઢથી ફદફદી ગયેલા શરીરના સ્વામીને જરા વાર જોઇ લો...ભયાનક ગરમી લાગતી હોય ત્યારે ટાટાના જબલપુરના કારખાનાની રાક્ષસી ભઠ્ઠીઓ પાસે, પેટ ખાતર કાળી મજૂરી કરતા કોઈ મજદૂરનું દર્શન કરો.

તમારા દુઃખ કરતાં ય અધિક દુઃખવાળો જગતમાં છે, છે, ને છે જ.... તમે તેને શોધી કાઢો. પછી....તમારું દુઃખ તમને સતાવશે નહિ અને રડાવશે પણ નહિ; પરન્તુ અધિક દુઃખીના દર્શનથી તમે દુઃખને પચાવી લેવાની કળા હસ્તગત કરી લેશો.

વગર ખાધાનું અજીર્ણ ! કામની મનઃપીડાઓ

નાટકનો જ બિચારો કામાસક્ત મરી રહ્યો
કામવાસનાનાં પાપનાં કડવાં ફળ ભાવિમાં–પરલોકમાં તો આવવા
હશે ત્યારે આવશે પણ એ પાપનો ભોગ બને
વર્તમાન દશા જ કેટલી બિહામણી બની જાય છે !

જ્યાં જ્યાં તેની નજર પડે ત્યાં ત્યાં એને ભૂ
જુએ.... ન જુએ.... ત્યાં વિયોગ થઈ જાય. પણ પછી
પેસી ગયેલી એ સ્મૃતિ એના ચિત્તને હલબલાવી મૂકે.
એના આવા વિચારો ! પ્રતિપળ ઉદાસી ! પ્રત્યેક ક્ષણે
.વિચારોનાં શૂળની કારમી પીડા. દેહ પણ કૃશ થતો
જીવન પણ સુખવિહોણું બનતું ચાલે, કૌટુંબિક જીવનમાં ક
અને કંકાસ એ મનઃપીડાના જ પ્રત્યાઘાતરૂપે ફેલાતા રહે; સ્વભ
ચીડિયો બનતો જાય; ક્રોધ વારંવાર ભભૂકી ઊઠતો જાય.

ક્યાં રહી શાન્તિ ? ક્યાં ગયા સુખ ? મળે કાંઈ નહિ
અને મનમાં સંતાપોનો પાર નહિ.

ખાધા વિનાનું અજીર્ણ તે આનું જ નામ ને ?

આ માનવજાતને આટલી સાદી સીધી વાત કેમ નહિ
સમજાતી હોય ?

શાને સારું આજનાં યુવક યુવતીઓ પોતાના જીવનને
જાણી બૂઝીને, હાથે કરીને; મનોવેદનાની ભઠ્ઠીમાં જલાવી દેતાં હશે ?

કો'ક તો બહેન સમજે ! કો'ક તો ભાઈ સમજે !

જે સમજશે તે સ્વસ્થ બની જશે !

જીવનના કડવા દિવસો આવવાની હજી ભલે વાર હોય;
પણ જ્યારે આવશે ત્યારે સ્વસ્થ મન વિના એ દિવસો શે પાર
ઊતરશે ?

ળે પટ્ટો અને મોં સામે દૂધ !

ંતે કૂતરાને પાળ્યો છે. ટોમી એનું નામ છે.
ો બાંધ્યો છે. એને માટે અદ્યતન સગવડોથી સજ્જ
ું છે. સૂવા માટે મખમલની ગાદી; ખાવા માટે
, દૂધ, વગેરે પૌષ્ટિક ખોરાકની બધી સગવડો છે.
એ કૂતરો શેઠ પાસે આવે છે. શેઠ એની સાથે ગેલ
ખવડાવે છે. પંપાળે છે. દોડાવે છે. શેઠાણીનો પ્રેમ પણ
અપાર છે. જાતે જ એને નવડાવે, ધોવડાવે છે. એનાં
ા છે.

હ ! આ બધુંય જોતાં એમ થઇ જાય કે કેવું મસ્તાન જીવન !
ણ... પણ... એના ગળે પટ્ટો છે. એનું શું ? ગુલામીનું
છે. ધાર્યું કશુંય ન કરી શકે એવું એનું સૂચન છે.
મ તો ય તું કુત્તો છે.' એ એની ક્રૂર મશ્કરી છે.
આ વાતની એ કૂતરાને બિચારાને ખબર જ નથી. માટે જ
ભોગ માણતી વખતે ગેલમાં આવી જઇને પૂંછડી ઊંચી કરીને
વે છે. ખેર.... નાદાન છે; માટે દયાપાત્ર છે. પણ
જાતને આ કૂતરાના નાદાન જીવનનો ચેપ લાગ્યો હોય તેવું
લાગતું શું ?

કર્મે દીધેલા ઢોલવોમાં એ ય પૂંછડી વિનાનો પૂંછડી
પટાવે છે ! એના ગળે કર્મની પરાધીનતાનો પટ્ટો છે. એ વાતને
નવ જેવો માનવ સાવ જ વીસરી ગયો કે ?

માનવ એ માનવ છે. કુત્તો એ કુત્તો છે. કુત્તો માનવ કહેવાય
તે પ્રશંસાપાત્ર ગણાશે. પણ માનવ જો કુત્તો કહેવાયો તો તે
ધિક્કારપાત્ર બાબત ગણાશે.

કેવું કડવું સત્ય છે કે દૂધને જોઇને કુત્તો પટ્ટાને ભૂલી
ગયો !

જો માનવોની આ સ્થિતિ હોય તે બધાયને શું કહેવા ?

[illegible]ના યોજન [illegible]ના [illegible] નીકળે તે તમે તમારા જીવનમાંથી અને કુટુંબમાંથી દેશવટો આપી દો. બસ, આટલું કરતાં જ જીવનના ઘણાખરા પાપો આપોઆપ ઓછા થઈ જશે. પછી ખૂબ ઓછા ખર્ચમાં જીવન એવું મજેથી ચાલ્યું જશે કે આપમેળે ઓછું કમાવાના અપરિગ્રહ વ્રત પ્રત્યે પ્રેમ જાગશે. ધર્મના પાયારૂપ ગણાતી નીતિને પણ પછી છેટું નહિ રહે.

સેજ પ્રમાણે સોડ તાણવી

માહ માસની કડકડતી ઠંડી પડતી હોય પણ તમારી પાસે ઓઢવા માટે જે ચાદર હોય તે ટૂંકી હોય તો તમે શું કરો? લાંબી સોડ તાણીને સૂઈ શકો નહિ; તેમ કરવા જતાં તો ટાઢ વાય. માટે જેવી ચાદર તેવી સોડ. ટૂંકી ચાદર હોય તો ટૂંટિયું વાળીને જ સૂવું પડેને? એમાં બીજું કાંઈ ચાલે નહિ.

આ જ 'ટેકનીક' ખર્ચની બાબતમાં અપનાવાય તો? જેટલી આવક હોય તેમાં જ ચલાવી લેવું; ઓછી આવકવાળાએ વૈભવી જીવનના કોડ સેવવા નહિ; લાંબા-પહોળા થવું જ નહિ; કોઈના વાદે ચડવું નહિ; દેખાદેખીમાં પડવું નહિ.

આજે તો ખર્ચા મોટા રાખવાની 'ફેશન' થઈ પડી છે. મોટા ખર્ચા ન રાખે તે ગમારમાં ખપે છે. લોકોએ ભલે આવું ગણિત નક્કી કર્યું હોય પણ શું ભારતમાંથી તમામ ડાહ્યા માણસો મરી પરવાર્યા છે? કોનેઈ ય એ વાતનો પ્રચાર કરવો નથી કે લાંબા-પહોળા થવા જવામાં હાડકાં ખોખરા થઈ જશે અને તો ય બે છેડા ભેગા તો થવાના જ નથી. ઊલટું, અનીતિ અને જૂઠનો આશ્રય લેવો પડશે. આ પાપો ઘરના સંપ શાન્તિને સળગાવી નાખીને જ જંપશે; કલેશ-કજિયાની આગોથી આખું ઘર સળગી જશે. નહિ મળે આ લોકમાં શાન્તિ; નહિ મળે પરલોકમાં સદ્‌ગતિ.

તદ્દન સાદી સીધી વાત છે. જો બેય ભવ બગાડવા ન હોય તો આજે જ સંકલ્પ કરો કે, "હવેથી હું સેજ પ્રમાણે જ સોડ તાણીશ." ઘરના બધા માણસોને ભેગા કરીને તમારો સંકલ્પ જાહેર કરો. સહુને આ વાત સમજાવો અને ઠસાવો. તમારાં અંતરના લાગણીભર્યા શબ્દોની એમની ઉપર જરૂર જાદુઈ અસર થશે. જો આટલું કામ થઈ જશે તો સરકારના ભયોથી; કાયદાની જાળોથી; અનીતિ અને જૂઠના પાપ ધંધાઓથી; લોભીઆ ભાગીદારોના દગાફટકાથી, વિશ્વાસઘાતી મિત્રોથી, ગદ્ધામજૂરીના જીવનથી તમે આબાદ ઊગરી જશો. અને જમાપાસામાં ધર્મનું અનન્ય શરણ, સંતોનો સમાગમ, માનસિક શાન્તિ; કૌટુમ્બિક સંપ; સર્વનો આદરભાવ મળે તેવું સૌજન્ય તમને પ્રાપ્ત થશે.

દુઃખ અને મોત-બે તો મંજૂર છે ને?

તમારે મોક્ષ નથી માનવો? પરલોક પણ નથી
આત્મા જ નથી માનવો? ભલે, જેવી તમારી મરજી!

પણ 'મોત' તો કબૂલ-મંજૂર છે ને? 'કદી નહિ
આપઘાતી ભ્રમમાં તો તમે નથી જ ફસાયા ને?

બીજી વાત, દુઃખો પણ મંજૂર છે ને? કાલ
આવી તો શકે ને કે તમારા ગળે કેન્સરની ગાંઠ ફૂટી
જોવા મળે! કાલે એવું પણ બની શકે તો ખરું ને
પાટા બાંધીને પાળી પોષીને, મોટો કરેલો તમારો એક
દીકરો તમારી મૂડી આંચકી લઈને ક્યાંક ચાલ્યો જા
સાઈઠ વર્ષની વયે તમારે ફરી નોકરી કરવા નીકળવું પડે?

કાલે એવું ય બની શકે ને કે તમારો અટલ
મુનીમ તમને દગો દે અને હાથકડી પહેરાવે?

મને એમ તો કહો કે, તમારી આવતી કાલ
દુઃખની બિલકુલ શકયતા નથી?

જો મોત નિશ્ચિત હોય અને જો જીવનના તમામ
માંના કોઈ પણ દુઃખનો ભડકો જાગવાની શકયતા માથું
નકારી શકાય તેમ ન હોય....તો ભલે મોક્ષ, પરલોક, વ
હોય છતાં ધર્મના શરણે જવું જ પડશે.

એ દુઃખના ભડકા વચ્ચે કર્મનું તત્ત્વજ્ઞાન સ
શાન્તિ કોણ દેશે? દુષ્ટાત્માઓ પ્રત્યે કરુણા કે માધ્યસ્થ
કેળવીને પ્રસન્ન રહેવાની કળા, ધર્મ સિવાય કોણ શી
દુઃખો પ્રત્યે અદીન બની રહેવાનું ધાવણ એ ધર્મમાતા
કોણ પાશે?

જેની પાસે 'ધર્મ' નથી એના દુઃખો રાઈ જેવડા
તો ય પર્વત જેવડા બની જતા લાગે છે. જેની પાસે ધ
છે એને પર્વત જેવડું દુઃખ પણ રાઈ જેવું લાગે છે. એ
વળી મોક્ષ અને પરલોકને જે કબૂલે છે એની દુઃખમસ્તી
શી વાત કરવી?

"મૂડ નથી" ધોયેલા મૂળા જેવા ઉત્તરની નવી જ શોધ

ધર્મ કરવા માટે કોઇ સંતપુરુષ કોઇ સંસારીને પ્રેરણા કરે ત્યારે સંસારી માણસ એવું પણ કહેતો કે, "મુનિવર ! ધર્મ કરવા જોગી સગવડતા મને દુર્ભાગ્યે મળી નથી. સવારે છ વાગ્યાથી લગાવીને રાત્રે આઠ વાગતા સુધી ઢોરની જેમ નોકરી કરું છું."

કોઇ સુખી સંસારીને ધર્મ કરવાની પ્રેરણા થતી ત્યારે બીજી રીતે પ્રત્યુત્તર દેવાતો કે મારે સગવડ તો બધી છે. હું ધારું તો ઉપદેશ શ્રવણ વગેરે જરૂર કરી શકું પણ મને બિલકુલ ફુરસદ નથી. ઓફિસનું ટેબલવર્ક એટલું બધું રહે છે કે ઘરે લાવીને એ બધું કામ રોજરોજ પતાવવું પડે છે. સ્નેહી અને સ્વજન પરિવારનો વ્યવહાર એટલો બધો છે કે લગ્નો, પાર્ટીઓ, કાંણ, મોકાણમાંથી ઊંચા જ અવાતું નથી.

આ બે વાતો તો ઘણી વાર સાંભળી, પણ હવે ત્રીજા પ્રકારનો જવાબ દેતો એક વિચિત્ર વર્ગ ઊભો થયો છે. એમને ધર્મશ્રવણાદિ કરવાની સગવડ અને ફુરસદ બેય હોવા છતાં એ લોકો નવેસરથી [illegible] ભણવા સાથે એવું કારણ આપે છે કે, "ધર્મ કરવાનો 'મૂડ' જ આવતો નથી."

સગવડ હોય, ફુરસદ પણ હોય અને વળી પાછો 'મૂડ' પણ આવેલો હોય તો જ ધર્મનો નંબર લાગે ! ધર્મનું આથી વધુ તો કયું અપમાન હોઇ શકે ?

અગવડે પણ સંસાર ચલાવનારા, સખત કામમાં પણ બીજા કામો પતાવવાનું કૌશલ સિદ્ધ કરનારા, 'મૂડ' વિના પણ કેટલાય સાહેબોને સલામ ભરનારાઓ ધર્મની જ વાતમાં આવા નઘરોળ જવાબો દે છે. એમના દુર્ભાગ્યોની પરાકાષ્ઠા જ છે ને ?

આવા માણસોને કોણ સમજાવશે ? કોણ એમની માતા બનશે ?

ઓહ ! નહિ તો હારી જ જશે આ અમૂલ્ય જીવનનો ફેરો !

માનવજીવન દુર્લભ કોને ? સુલભ માને તેને.

શાસ્ત્રમાં માનવજીવનની દુર્લભતા સારી પેઠે ગવાણી છે. દસ દસ દૃષ્ટાન્તો આપીને તેની દુર્લભતાનું વર્ણન કરવામાં આવ્યું છે. પરમાત્મા મહાવીરદેવે શ્રી ગૌતમસ્વામીને પણ એ જ કહ્યું છે. "હે ગૌતમ !" એક સમયનો પણ પ્રમાદ ન કરીશ."

પણ બીજી બાજુએ જોઈએ તો ચરિત્રગ્રન્થોમાં ઉપરાઉપરી [દેવીજીવનના આંતરે] મનુષ્યજીવન જ પ્રાપ્ત કરનારાઓનાં ઘણાં દૃષ્ટાન્તો મળે છે. પૃથ્વીચન્દ્ર અને ગુણસાગરના ૨૭ ભવોમાં દેવ અને માનવના જ ભવોની હારમાળા દેખાય છે.

આમ કેમ ?

આનું સમાધાન એ જ છે કે, જેઓ માનવજીવનને ખૂબ સુલભ-સસ્તુ-મફતનું માને છે તેમને જ તે ખૂબ દુર્લભ છે. આવા આત્માઓ માનવજીવનની કદર નહિ કરી શકવાને કારણે વિષયલંપટતામાં જીવન વેડફી નાખતા હોય છે. ઘોર પાપોને ઉપાર્જતા અને ભૂતકાળના કમાયેલાં પુણ્યને ખર્ચી મારતા એ બિચારાઓને ફરી માનવજીવન જલદી તો શે હાથ આવે ? પણ જેમને માનવજીવન ખૂબ દુર્લભ લાગી ગયું, એમણે તો એના દ્વારા સાધનાઓ જ કરી...ઉત્તમોત્તમ જીવનનું સ્વામિત્વ જ મેળવ્યું. આવા વિપુલ પુણ્યના સ્વામીઓને તો વારંવાર માનવજીવન પ્રાપ્ત થાય તેમાં શી નવાઈ ? પુરુષાર્થે એમને પાઘડી આપી; પુણ્યે માથું આપ્યું પરન્તુ તરત જ એમના ધર્મે દોડી આવીને એ માથામાં સદ્વિચારોનો બાગ ઉગાડી દીધો. પુણ્યથી આંખ મેળવી અને ધર્મબળે નિર્વિકારભાવ મેળવ્યો. પુણ્યથી બે પગ મેળવ્યા અને ધર્મથી સદાચારનો પંથ મેળવ્યો. પછી માનવજીવન કેવું ધન્ય બની જાય !

માટે જ ટૂંકમાં એમ કહી શકાય કે, માનવજીવનને સુલભ માને તેને તે દુર્લભ....અને દુર્લભ માને તેને તે ખૂબ સુલભ.

આટા ખાતર તો આંટા ઘણા માર્યા માનવજીવનમાં,

અનંતાનંત કાળના વિરાટ ભ્રમણમાં આ આત્મા માનવજીવન પણ અનંતી વખત મેળવી ગયો. આવ્યો....અને ગયો....આવ્યો અને ગયો....

પશુના જીવનમાં ય દયાબુદ્ધિથી પ્રેરાઈને પોતાના ભોજનનો ભાગ બીજા લઈ લે ત્યારે કમને પણ જતો કરે તો ય માનવ તો બની જવાય....એવા માનવ બનવાનું તો જરાય દુર્લભ નથી. ગધેડાનાં જીવનમાં ભાર વેંઢારીને ય માનવગતિની બક્ષિસ ક્યાં નથી પામી શકાતી ?

પરન્તુ આવા માનવજીવનમાં કશો ભલીવાર તો ન જ આવે; સર્વવિરતિધર્મની મોક્ષપ્રદા સાધના તો સ્વપ્ને ય ન ચડે; ક્યારેક વળી સાધુનો વેષ મળી જાય તો ય એ વેષ નટના વેષ કરતાં જરા ય વધુ મહત્ત્વ તો ન જ ધરાવતો હોય.

આવા માનવજીવનો પણ પશુની કરણીથી જ ખીચોખીચ ખદબદી ઊઠયા હોય. સાધુનો વેષ પણ માનપાન અને ખાનપાનની આરાધનામાં જ ચરિતાર્થ થઈ જતો હોય.

શા કામનાં એ આંટા–ફેરા કરતાં જીવન !

શી કિંમત છે એ આંટાની કે જે માનવજીવનને ય એક આંટો જ બનાવી દે છે ?

આત્માનું આ તે કેવું લીલામ ! એના ગુણોની આ તે કેવી કત્લેઆમ ! ખરેખરીના જંગમાં આ તે કેવો ઘોર પરાજય !

જો એક જ માનવજીવન 'આટા' માટેનું ન બને તો ય આ આંટા–ફેરાને તાળું લાગી જાય ! પછી તો સાત કે આઠ ભવમાં જ સમગ્ર ભવભ્રમણ મટી જાય; સદા માટે.

આવા મહાત્માઓના જીવન શાસ્ત્રોમાં સોનેરી અક્ષરે કંડારાયા છે. જરાક નજર નાંખો તો ય એવું જીવન જીવવાનું બળ આવી જાય.

રામ શત્રુના ય હૈયે હતા !
આપણે મિત્રના ય હૈયે છીએ ?

[illegible] શત્રુ સાથે [illegible] જંગ [illegible] હતો. એકાએક રામચંદ્રજી પડ્યા. સૈન્યમાં હાહાકાર મચી ગયો. તે જ વખતે [illegible] રામચન્દ્રજીના આનંદનો કોઈ આરોવારો ન હતો! એમના [illegible] હતો! મસ્તકનો મુગટ નંખાયો હતો!

પણ... અંતે ઉપાયો મળ્યા. વિશલ્યાનું સ્નાનજલ કારગત નીવડ્યું. એના છંટકાવ માત્રથી રામચંદ્રજી ઊભા થઈ ગયા.

હજી ઘણું સ્નાનજલ બાકી રહ્યું હતું. તરત રામચન્દ્રજીએ ફરમાન છોડ્યું કે, તે જલ રાવણના સૈન્યમાં બેભાન બનેલા તમામ સૈનિકોના દેહ ઉપર છાંટવા મોકલી આપવામાં આવે.

આવા હતા શ્રી રામ ! એમના હૈયે શત્રુ હતા ! શત્રુના હૈયે શ્રી રામ હતા !

રામ તો રામ હતા જ પરન્તુ ભરતને રાજ્ય અપાવવા રામના વનવાસમાં નિમિત્ત બની ગયેલા કૈકેયી પણ "બેટા ! રામ" કહીને પોક મૂકતા હતા !

પેલા ભરતને અયોધ્યાની ગાદી મળતી હતી તો ય તેનો તિરસ્કાર કરીને રામની પાછળ વનવાસી થવા દોડ્યા તા ! આવી હતી રામની રામાયણ ! મિત્રના ય હૈયે સ્થાન નહિ પામનારાઓને, લક્ષ્મી લંપટોને, ખુરશી ભૂખ્યાઓને, આ રામાયણ તો માર્ગમાં પથરારૂપ જ લાગે ને ? માટે જ આજકાલ એની હોળીઓ કરવાના કે લાત મારવાના પ્રસંગો યોજાય છે ને ?

જ્યાં સુધી હિન્દુસ્તાનની ધરતી ઉપર રામાયણ ગવાશે ત્યાં સુધી આર્ય સંસ્કૃતિનો ખાત્મો બોલાવી દેવાનું કાવતરું કદાપિ સફળ થનાર નથી.

શ્રીમંત કોને કહેવાય? દુઃખિતોને દેવા જ બેઠો હોય તેને? કે સહુનું લૂંટવા બેઠો હોય તેને?

સહુને શીળી છાંયડી દેતા ખેજુર વડલા જેવો શ્રીમંત હોય કે તાડીને જ માગે ઝીંકતા તાડના ઝાડ જેવો અક્કડ શ્રીમંત હોય!

આજની શ્રીમંતાઈ પોતાનું અત્યન્ત ભયાનક સ્વરૂપ બતાવી ચૂકી છે.

પૂર્વના શ્રીમંતો દુષ્કાળની આગાહી જાણીને અનાજના કોઠારો ભરવા લાગતા; આજના વેપારીઓ પણ તેમ જ કરે છે ને? પરન્તુ ફેર કેટલો?

પૂર્વના શ્રીમંતો સંપત્તિ ખોઈ નાંખવા માટે તેમ કરતા.... આજના શ્રીમંતો દુષ્કાળનો લાભ ઉઠાવાય તેટલો ઉઠાવીને ભયાસને લૂંટે છે. પૈસો પોતાને લૂંટાવતો; આ બીજાને લૂંટે છે!

વધુ ને વધુ પૈસા બનાવવા માટે જ પૈસો ખીરવાની મનો-વૃત્તિ કેવી ડાકણ જેવી ભયાનક ભાસે છે! શ્રીમંત તો હવા મેળવવા, શાખ મેળવવા, પ્રતિષ્ઠા મેળવવા માટે પણ પૈસા દેતો હોય!

હવે આજના શ્રીમંતોની શ્રીમંતાઈ કેવી કહેવી? જો એ શ્રીમંતાઈ લેવા અને લૂંટવા કાજેની જ હોય તો એને ભિખારી-ઓની કે લૂંટારુઓની જ શ્રીમંતાઈ કહેવી ઘટે ને?

ભિખારી તો ભિખારી છે જ, કિન્તુ જો શ્રીમંત પણ ભિખારી કે લૂંટારુમાં ગણાશે તો દેશ ભિખારીઓનો કે લૂંટારુ-ઓનો જ બની ગયો ગણાશે ને?

ન કલ્પી શકાય તેટલું કરુણ ચિત્ર ખડું થઈ ચૂક્યું છે હિન્દુસ્તાનની પ્રજાનું.

સંતો! આપ જાગો અને પાગી બનેલી શ્રીમંતાઈની પ્રતિમા જેના અંતરે પ્રતિષ્ઠા પાગી હોય તેનો ભાંગીને ભુક્કો બોલાવી દો.

ચારસો જતા કરીને, ચાર લાખની દૂવા લો ને !

આજના વેપારીઓને વાણીયા શી રીતે કહેવા? વાણીયો તો ઉસ્તાદ હોય. જો એને લાખું રળવાનું મળી [illegible] હોય તો થોડું જતું કરતા જરાય વાર ના લાગે. એવા સ[illegible] વિચાર કરવા બેસી જાય એ વાણીયો ન કહેવાય પણ [illegible] કે કંજૂસ કહેવાય.

વેપારીઓને સાચા વાણીયા બનવાની મારે સલાહ [illegible] છે. શાસ્ત્રકાર ભગવંતોએ તો અમને–સાધુઓને–પણ ઉપરે વણિગ્બુદ્ધિવાળા વાણીયા બનવાની શીખ આપી છે.

વેપારીઓ [illegible] કરે છે. તેમાં ક્યારેક સો, બસો ચારસો રૂપિયા ખાતર કોર્ટે જાય છે. સામી વ્યક્તિની ગરી[illegible] [illegible]. વગેરે એમની નજરમાં દયા ઉત્પન્ન કરી શકતા ન[illegible] [illegible] ભાગે તો ન એમના અંતર હાલતા નથી.

પછી સો, દસ રૂપિયાના [illegible] કોર્ટે કરી દે છે. [illegible] [illegible] ઘર બેઠા ખાય છે અને [illegible] 'હું જીત્યો' [illegible] [illegible] ઘરે જાય છે.

[illegible] કેટલો મૂર્ખ બન્યો? ચારસો રૂપિયા મેળવવા [illegible] નિરાંતના [illegible].

[illegible] ! [illegible] રૂપિયા [illegible] [illegible] રૂપિયામાં [illegible] [illegible]."

[illegible]

[illegible]

[illegible]

એ પુણ્યના ભરોસે રખે રહી જતા !

વર્તમાનમાં તમને મળેલા મિત્રોમાં રખે અંજાઈ જતા !

ગઈ કાલે એ કેવા ક્યાં હતા ?

કદાચ આવતી કાલે પણ નહિ હોય તો શી નવાઈ?

તમારા બાંધેલા બંગલા નહિ: તમારા જોતાંમાં આવે નહિ સા એ કર્યાં છે.

એના ઝાકઝમાળને એ તમારું જીવન સોંપી દેશો; એની કેમાં એ તમારી સલામતી માની લેશો તો ભારે ઉઠાવના દેશો આવી પડતા જ તમે તેમાં હિંમતભેર ઊભા રહી શકશો જ નહિ.

દીકરો તો આજે તમને પપ્પા: પપ્પા કરે છે આવતી કાલે એ જ દીકરો પૈસા ખાતર છાતી ઉપર ચઢી બેસે !

આજની સંપત્તિ આવતી કાલે તિજોરીમાંથી પગ કરીને ચાલી પણ જાય !

આજના અલમસ્ત શરીરને આવતી કાલે કેન્સરની ગાંઠ નીકળી પણ જાય !

આજનો વફાદાર ગમે તે પળે બેવફા બની પણ જાય !

ક્યાંય પણ વિશ્વાસ મૂકી દેશો મા ! તમારા જીવનની તિજોરી, કોઈના ભરોસે સોંપી દેશો મા !

પુદ્ગલ માત્ર દગાબાજ છે. ગમે ત્યારે દગો રમાઈ જશે. વધુ પડતા વિશ્વાસ મૂકી દેનારાઓને, 'હું-તું'ના અભેદની પ્રેમ-કથા કરનારાઓને ક્યારેક ઝેર ખાવાનો પ્રસંગ આવી જાય છે. દગા-ફટકાના ઝેર ન જીરવાય ત્યારે દુનિયાના ઝેર ખાવાના બાલિશ યત્નો માનવ કરી બેસે છે.

પણ શા માટે? સલામતી માની લીધી માટે જ ને? વિશ્વાસ મૂક્યો માટે જ ને? તો ન મૂકો એવા વિશ્વાસ. પછી? પછી જે ઐશ્વર્ય પામ્યા છો એને આત્મલક્ષી કાર્યોમાં લગાડી દો. આજે આજ ભાઈ ! અત્યારે.

ચાલ્યું જ જાય છે; ગાડરનું ટોળું

ગાડરનું ચાલ્યું જતું ટોળું તમે કદી જોયું છે ? શિસ્તબદ્ધ રીતે એકની પાછળ બીજું ચાલ્યું જ જતું હોય. જો કદાચ પહેલું ગાડર કૂવામાં ઝંપલાવે, તો બીજું ય ઝંપલાવે, ત્રીજું ય ઝંપલાવે....બધા ય ઝંપલાવે.

અપૂર્વ શિસ્ત....પણ સૂઝ અને વિવેકનું નામ નહિ. એટલે જ મોટી ખોડ.

આ જગતના માનવપગાઓ પણ ગાડરના જ માથાના બનેલા નથી શું ?

પિતા પરણ્યા એટલે મોટો ભાઈ પરણે, મોટો ભાઈ લગ્ન કરે એટલે બીજો, ત્રીજો, ચોથો....બધા ય ભાઈ લગ્ન કરે....બહેનો પણ લગ્ન કરે. પાડોશીઓ પણ લગ્ન કરે. આખું ગામ લગ્નની હિમાયત કરે.

એક માણસ કોલેજની ડિગ્રી લે એટલે બધા ય એની પાછળ [illegible]. ગામનો એક છોકરો પરદેશ જાય એટલે બીજો જાય, ત્રીજો જાય....ઘણા જાય.

કોઈ પણ 'નવીનતા'ની શરૂઆત જ કોઈકે કરવાની [illegible] પછી તો એ [illegible] લાઈન બેઠાની જ જાય. બીજાઓને તો [illegible] વિચારવાનું જ નથીને ?

[illegible] જ વિચારે છે. લગ્ન શા માટે કરવા ? સારું કેમ ન [illegible] ? પરદેશમાં શા માટે જવું ? સ્વદેશમાં શી ઊણપ છે ? [illegible] શા માટે જોવા ? ન જોવાના લાભો કેટલા ? [illegible] શા માટે [illegible] ? [illegible] ખાવાનું શા માટે છે ?

[illegible] ! આ તો [illegible] ટોળું છે. [illegible] નથી; એના [illegible] જ [illegible] [illegible] છે, આ ટોળું [illegible] [illegible]

અપમાન કરતાં ય માન પચવું વધુ મુશ્કેલ છે

અપમાન પણ ક્યાં કોઇને પચી જાય છે? સર્વને અધિકારનું સરખું મૂલ્ય અપાયા પછી તો આ દેશમાં શેઠ અને પાલીસ કરતો નોકર—બેય સરખા બની ગયા છે. એથી જ નું અપમાન નોકર પણ ખમી શકતો નથી.

ગુરુના બે શબ્દ શિષ્યથી ખમાતા નથી; પતિના વેણ ની સહી શકતી નથી; બાપ જેવો બાપ દીકરા સામે કડક ની શકતો નથી.

કોઇથી કાંઇ સહન થતું જ નથી. જાણે એ દુઃખ પચાવવાની કાત સહુની મરી પરવારી છે.

પણ હજી કદાચ અપમાન વેઠી લેવાય તેવું ક્યાંક ક્યાંક ણ કોઇને જોવા મળી જશે. ભરસભામાં થતા અપમાનને કોઇ પ્રધાન કદાચ ખમી લે તેવું બનશે.

પણ માન પચાવી લેવાનું કાર્ય તો પ્રાયઃ ક્યાંય જોવા ન મળે એવી સ્થિતિ સર્જાઈ લાગે છે. હજારોની વાહ વાહને કોઇ પ્રધાન વગેરેએ પચાવી નાખી હોય એવા કેટલા માણસો છે? ક્યાં છે?

કામવિજેતા હજી બનાશે અને કંચનવિજેતા પણ હજી બની શકાશે, પણ કીર્તિવિજેતા બનવા માટે તો કદાચ ભવો કરવા પડશે.

"વાહ વાહ"નું પાચન અતિશય દુષ્કર છે. મહિનાઓ સુધી ભૂખ્યા રહી શકનારા માનને પંપાળ્યા વિના રહી શક્યા નથી. આથી જ એક અંગ્રેજે કહ્યું છે કે, સોમાંથી એંશી માનવો ભૂખને સહી શકશે; બાકીના ઓગણીસ હજી કદાચ વાસનાને ય કાબૂમાં રાખી શકશે પરન્તુ એકાદ જ પોતાના અહં (અભિમાન)નો વિજેતા બની શકશે.

લેબલ બદલવાથી વસ્તુ ન બદલાય [illegible] !

ડબ્બામાં ભર્યું ઝેર [illegible] છે. એની ઉપર 'સાકર' લેબલ મારી દેવામાં આવે તો કંઈ ઝેર સાકર ન બની જાય.

આ વાતને સહુ જાણે છે છતાં [illegible] [illegible] [illegible] જીવનમાંની નાની નાની [illegible] વાતો [illegible] જ જાય છે. [illegible] બદલ્યા વિના, બુદ્ધિશાળી માણસ લેબલ બદલતા જાય છે. કે ભયાનક છેતરપીંડી !

આ કોઈ ગાંધીના દુકાનના ડબ્બાઓની વાત નથી કરતો, પરન્તુ ઘણા બધા પ્રગતિશીલ (!), વિચારક, ચિન્તક, સારા ગણાતા માણસોના જીવનને સ્પર્શી ગયેલા કલંકની વાત કરું છું.

આધુનિક પવનથી રંગાયેલા કોઈ પણ માણસને ક્રોધથી ધમધમતો જ્યારે તમે જુઓ અને જો તમે તેને તે વખતે કહો કે, "આવા ધમપછાડા શા માટે કરો છો ? ક્રોધ કરવાથી તો ઘણું નુકસાન થશે." તો તરત જ તમને વળતો ઉત્તર મળી જશે, "અરે ! આ ક્રોધ છે જ નહિ. આ તો માત્ર કામ કરાવવાની એક કળા છે. દરેક માણસે એને શીખી જ રાખવી જોઈએ." !!!

કોઈ અભિમાનીને તમે કહો કે, આટલું બધું ગુમાન શું કરવા રાખો છો ? મૂકોને તમારી વાતને પડતી ! તો તરત તમને કહેશે કે, આ અભિમાન કહેવાય જ નહિ, આ તો મારા સ્વમાનનો પ્રશ્ન છે. અભિમાન ખોટું છે, પણ હું તો મારા સ્વમાનની વાત કરું છું.

ઘરાકને ચા-પાણી પાઈને ખીસું ખાલી કરાવી દેતા વેપારીને આવી માયા ન કરવા સમજાવશો તો તરત કહેશે કે, "આ માયા છે જ નહિ, આ તો ભાઈ! 'સેલ્સમેનશીપ' છે. મહાલોભીના લોભને પડકારશો તો તે સામો પડકાર ફેંકીને કહેશે કે, "આ લોભ છે જ નહિ, આ તો 'ઇકોનોમી (કરકસર) છે. કંજૂસાઈ ખરાબ છે પણ કરકસર તો સારી જ છે."

કેવા કેવા માણસો છે ! રાગદ્વેષના સાણસાએ કેવી ભીંસમાં લીધો છે આખા ય માનવસંસારને !

ખાડા-ટેકરા

એક મોટો ટેકરો છે. એમાંથી એક ઢેફું કોઈ લઈ લે તો તેમાં ટેકરાને શી હાનિ પહોંચવાની હતી ?

નદી કોઈને પીવા માટે પાણી દે તો તે ક્યાં સુકાઈ જવાની હતી ?

આટલી સાદી-સીધી વાત છતાં આજના શ્રીમંતાઈની સમૃદ્ધિથી ભરપૂર ટેકરા જેવા શ્રીમંતોને કેમ સમજાતી નહિ હોય !

એમની આભઊંચી ઈમારતોની અડોઅડ જ મોટા દૈત ગરીબીના ખાડા પડેલા છે. એ ખાડાઓમાં એ લોકો થોડું થોડું નાખતા રહે તો એમનું શું જાય ?

જો કદાચ એ લોકો એમ માનતા હોય કે, "અમારા સુખ-વૈભવ "અમારાથી" જ છે. બાગ, બગીચા, બંગલા, મોટરો અને ઈન્ડસ્ટ્રીઓમાં અમારું જીવન પૂર્ણ રીતે ગોઠવાઈ જાય છે. તો એ લોકો ખરેખર ભીંત ભૂલ્યા છે.

વિજ્ઞાન તો કહે છે કે જો ધરતીની માટીમાં અળસીઆ ન હોત તો માનવની હસ્તિ જ ન હોત.

પણ હું તો એ જ કહું છું કે, જો માનવ ભગવદ્ભક્તિ; ગુરુકૃપા અને દીનદુઃખિતની દયાવિહોણો હોય તો એનો સુખમય સંસાર અશાન્તિની આગોથી ભડકે બળતો હોય. 'એરકન્ડિશન્ડ" રૂમમાં બેસીને પણ એના અંતરની આગ એને સળગાવતી હોય.

જો ખાડાને પૂરવામાં નહિ આવે તો ટેકરાઓની હસ્તિ કોઈક દી અવશ્ય જોખમાશે. કદાચ આખો ય ટેકરો ખાડામાં ફેંકાઈ જશે: એ ભૂમિ સમથલ બની જશે. પેલો હતો મૂડીવાદ; પછી આવશે સામ્યવાદ !

પોતાના જ હિત ખાતર પરાયાનું હિત કરવા સહુ જાગી જાય તો સારું.

ડાળાને પાણી ન પાઓ : મૂળિયાને પાણી રેડો

ડાળીએ બેઠેલા ફળને જોઈને એક અબુઝ માણસ ડાળી કાપી લઈને ઘેર લઈ ગયો. અને રોજ તેને પાણી પાવા લાગ્યો.

ફળ મળવાનું તો દૂર રહ્યું. પણ ડાળી જ સુકાઈને સાફ થઈ ગઈ.

મૂળ સાથે જેનો સંબંધ નહિ તે ડાળીને ફળ આવે જ ક્યાંથી ?

ભોગરસિક માનવો આવા જ અબુઝ નથી શું ? દુકાનને, સ્ત્રીઓને, મિત્રોને, સ્વજનોને, બાળકોને, એ સાચવે છે; એમનું ખૂબ જતન કરે છે. કેમકે એ બધાયમાં તેમને 'આનંદ' નું ફળ દેખાયું છે. પણ એમને એ વાતની ખબર નથી કે આ 'આનંદ' ફળનું કારણ તે બધી ડાળીઓ નથી પણ તે ડાળીઓનો ધર્મરૂપી મૂળ સાથે સંબંધ છે.

ધર્મનું બળ પહોંચે ત્યાં સુધી તો એ ડાળીઓ ફળ દેશે, પણ પછી ? પોક મૂકયે જ છૂટકો છે ! ધર્મને નકામો-ન દેખાતો-માનીને માનવ કેવી આત્મા હત્યા કરી રહ્યો છે ? આવા અત્યન્ત ભોગરસિક આત્માઓને ધર્મનું ગમે તેટલું મહત્ત્વ સમજાવો તો ય તે સમજે તેવા નથી. એ લોકો તો ડાળીને જ પાણી પા પા કરવાના.

મહાભારતકાર વ્યાસમુનિએ સાચું જ દર્દ પ્રગટ કર્યું છે ને કે, "ઊંચા હાથે કરીને, રાડો પાડી પાડીને હું તો કહું છું કે, હે લોકો ! તમારે અર્થકામના સુખ જોઈતા હોય તો પણ તમે ધર્મ જ કરો....તમે અર્થકામની પાછળ ન પડતા ધર્મની પાછળ પડો'....પણ કોઈ મારી વાત સાંભળતું જ નથી ત્યાં શું થાય ?" લોકોને ફળ દેખાય છે, ડાળી દેખાય છે પણ એ બધાનું જન્મદાતા મૂળ દેખાતું નથી માટે એને માનવું જ નથી. એ મૂળનો સાક્ષાત્ કોઈ આનંદ નથી એટલે એ મૂળને સુખપ્રદ તરીકે સ્વીકારવાની તૈયારી નથી. આવા લોકોને તો ભગવાન જ બચાવી શકે.

શું બાવળ વાવનારો કાંટા ખાવાની ના પાડે છે?

કેવું આ જગત છે? કેવા એના માનવો છે?

પાપોના બાવળિયા વાવનારો માણસ દુઃખ ભોગવવાની ના પાડે છે! દુઃખોના પડછાયો દેખતા નારાભાગ કરી મૂકે છે! અરે! નાના બાળકની જેમ પોક મૂકે છે!

સાધુ સંતોની પાસે જઈને એ ફરિયાદ કરે છે, રોજ ભગવાનનું નામ લઉં છું, એની પૂજા કરું છું, કોક તપ પણ કરું છું છતાં મારા જેવા ધર્મીને દુઃખ આવે છે?"

શાબાશ! ચાલાક માનવ, શાબાશ! તારા અંદરના જીવનને તારે પ્રગટ કરવું નથી એમ ને? જરાક અંદર પણ ડોકિયું કરી લે....ભૂતકાળ ઉપર નજર ફેરવી લે.

નર્યા પાપો જ દેખાય છે કે બીજું કાંઈ? તનના મનના અને વાણીના; ગણ્યા ગણાય નહિ એટલા! વિચારતાં કંપ છૂટે તેવા!

ઉપર ઉપરથી અડીને ચાલી જતો ધર્મ! અને આતમના પ્રદેશે પ્રદેશમાં પરગમી જતી પાપોની વાસનાઓ!

કોણ બળવાન?

પાપો સેવનાર સુખી કેમ છે એ જ ખરો પ્રશ્ન છે. (ઉપર છલ્લો) ધર્મ કરનાર દુઃખી કેમ છે? એ પ્રશ્ન જ ...સ્થાને છે.

દુઃખના કાંટા ન જ જોઈતા હોય તો પાપના બાવળીઆ ...ાનું બંધ કરો. નહિ તો બધા સુખોને એ બાવળીઆ ...ક એવી લપડાક મારશે કે જે ઉભરવી પણ નહિ શકાય!

કોક તો સુખી મને દેખાડો કે જેના સુખમાં દુઃખની એકાદ ...ારી પણ ચંપએલી ન હોય? જે ચિનગારી એના બધા ...ોને નિરસ બનાવી દેતી ન હોય?

ત્યારે દુઃખમિશ્રિત એ સુખ પણ શા કામના?

જાગતા રેજો

બી નહિ વાવો તો વગર વાવ્યે ખડ તો ઊગશે જ

જેઠ માસ આવી ગયો હોય ત્યારે ખેડૂત વાળીઝૂડીને, ખેડીને ખેતર તૈયાર કરી દે. ઊંચી જાતનું બિયારણ પણ ઘરે લાવીને તૈયાર રાખે. વાવણીને લાયક વરસાદ થઈ જાય કે તરત બિયારણની વાવણી કરી દે.

પણ ધારો કે ખેતર સાફ કરીને તૈયાર તો કર્યું પણ પછી તરત ખેડૂત માંદો પડી ગયો કે એદી બની ગયો એથી વાવણી લાયક વરસાદ થવા છતાં બીજનું વાવેતર ન કર્યું તો હવે શું થાય? સાફ કરી રાખેલા ખેતરમાં અનાજની હરિયાળી ફસલનું તો દર્શન ન જ મળે પણ ખેતર—એમને એમ—સાફ પડી રહે ખરું? ના, નહિ જ. એમાં ચોમેર ખડ ઊગીજ જાય. પણ ખડ ઉગાડવાનો કોઈ યત્ન નથી તો ય ખડ ઊગી જાય? હા, જરૂર. એ જાત જ એવી છે કે એને કોઈ બિયારણની જરૂર જ પડતી નથી.

આ જ વાતને આપણે આધ્યાત્મિક ચિંતનનો ઓપ આપીએ.

માનવજીવનના ખેતરમાં જો આપણે સારા સંસ્કારોના બિયારણનું વાવેતર નહિ કરીએ તો કુસંસ્કારો અને પાપકર્મોના છોડ આપોઆપ ઊગી નીકળશે.

પૂર્વના અગણિત જન્મોમાં આપણે એટલાં બધાં પાપો કર્યાં છે; એના સંસ્કારો આત્મામાં એટલા બધા જામ થઈ ગયા છે કે એને નવપલ્લવિત કરવા માટે કશું ય કરવાની જરૂર રહેતી નથી. આવા વિચિત્ર કુસંસ્કારોને દૂર હડસેલી રાખવા હોય તો સત્સંસ્કારના બિયારણનું જોરદાર વાવેતર કરી દેવું જોઈએ. સત્સંસ્કારની ફસલ પામવા માટે બિયારણનું વાવેતર અવશ્ય કરવું પડશે. એટલાથી જ નહિ ચાલે, જ્યાં સુધી ફળ ન બેસે ત્યાં સુધી એના સંવર્ધન અને સંરક્ષણ પણ પુષ્કળ જહેમત સાથે કરવાં પડશે. એની આસપાસમાં ય પાપસંસ્કારોનાં ખડ ઊગી નીકળે કે તરત જ તેનું નિવારણ કરવા તત્પર રહેવું પડશે.

પાંચ ફૂકાથી ખેલતો નાદાન માનવ

ચાર છોકરાનો બાપ કોઈ કેમ ન હોય? ફેક્ટરીઓનો માલિક કોઈ કેમ ન હોય? ધરાવતો ચલમસ્ત કોઈ કેમ ન હોય? ... માણ

મોટા સામ્રાજ્યનો માંધાતા કોઈ કેમ ન હોય? ભકતોનો ધર્મગુરુ કોઈ કેમ ન હોય? પણ... પણ જો કંચન, કામિની, કુટુંબ, કાયા અને કીર્તિના પાંચ ફૂકાની રાત ને દિવસ રમત રમ્યા જ કરતો હોય તો જ્ઞાનીઓની એ નાદાન બાળક છે! બિચારો છે! સાવ મૂર્ખ છે!

પાંચ ફૂકાની આ રમતે જ સર્વ જીવનો સંસાર નાખ્યો. એણે જ આત્માના અનંત સુખને રેંસીપીસી આ પાંચ ઉપરના રાગે અને દ્વેષે જ જીવના અનંત દાટી દીધા!

અરે! કંચન, કામિની અને કુટુંબના ત્યાગીને ય કા રોગે રગદોળી નાખ્યા.

અરે! કાયાના ફૂકાને પણ જેણે ફગાવી દીધો તે સંત કીર્તિના ફૂકાએ ધમરોળી નાખ્યા.

ભારે ખતરનાક છે આ પાંચે ય કક્કા.—એની ઉપર રાગ, દ્વેષ.

તમારામાં જો બળ હોય, બુદ્ધિ હોય, તમારી પાસે સુંદર તન હોય, વિપુલ ધન હોય, તંદુરસ્ત મન હોય તો મારી તમને વણમાગી સલાહ છે કે, આ પાંચ ફૂકાના રાગ, દ્વેષને કરી દેવા માટે જ એ બધી સામગ્રીને કામે લગાડજો. પાંચની મમતાઓને મારીને જ મરજો. છેવટે એને માંદી તો પાડજો.

મોટા મોટા રૂસ્તમોને આ ફૂકાએ રમાડીને રણ રગદોળી નાંખ્યા છે. એમાં ય છેલ્લા કીર્તિ નામના ફૂકાએ તે સંતોનાંય જીવનોને ધમરોળી નાંખ્યાં છે.

સહુ સાવધ રહેજો આ પાપી ફૂકાની રમતથી.

જ્યારે વસ્તુ જ આખી તો પૂર્ણ જ ક્યાં
અધૂરામાં તો અંધકાર છે.

વસ્તુની કોઈ પણ વસ્તુ [illegible] સાચું તો કરશો જ ના. એમાં તો ભારે જોખમ છે.

એના રૂપમાધુર્યને કોઈએ આદરી ન પડો.

એની ઉપયોગિતાને કોઈ ન આદરી ન પડો.

મોહક ટેસ્ટીન સ્વરૂપની મોહકતા કોઈએ આદરી ન પડો.

આમેય! એ વસ્તુના બીજા સ્વરૂપોને પણ તમારે જોવા જ પડશે. હા, ઉપરોક્ત સ્વરૂપો ભલે જોવા. તે પદાર્થોના તે મોહક સ્વરૂપોના અસ્તિત્વનો ઇન્કાર કોઈ કરતું નથી. પણ એટલા માત્રથી એના તરફ ધસી ન જાઓ.

એ વસ્તુઓને જેમ તમે એક દૃષ્ટિકોણ (angle)થી જોઈ તેમ બીજા દૃષ્ટિકોણથી પણ તેનું દર્શન કરી લો. બીજી બાજુએ ફરો...ફરતા જાઓ અને જુદા જુદા દૃષ્ટિકોણથી એ વસ્તુને જોતા જાઓ. એક આખું વર્તુળ પૂર્ણ કરો. એક પ્રદક્ષિણા આપો. એ રીતે પણ પ્રદક્ષિણા પૂરી કરજો.

પછી તમને તરત જ કોઈ નવું જ ભાન પ્રાપ્ત થશે. જે વસ્તુની મોહકતાએ તમને મૂંઝવી નાખ્યા એ જ વસ્તુની વિનાશિતા, અશરણતા, એકતા, વગેરેના વિવિધ દૃષ્ટિકોણથી થયેલા ભાન તમને ચમકાવી દેશે. એ વસ્તુને ભેટવા માટે આગળ ધસવાને બદલે હવે એ તમને પાછળ ધકેલી મૂકશે. તમારું અંતર પુકારી ઊઠશે, "નહિ....નહિ....વિનાશી, અશરણ, અસહાય મોહિની ખાતર અવિનાશી એવો હું મારા જીવનની એક પણ પળ બરબાદ કરી શકું જ નહિ. કબૂલ છે એનું મોહક સ્વરૂપ! પણ બીજા દૃષ્ટિકોણથી નજરે ચડેલા એના બીભત્સ, ભયાનક અને રૌદ્ર સ્વરૂપને હવે હું કદી ભૂલી શકું તેમ નથી!"

કોને સંભાળશો ? વિનાશીને કે અવિનાશીને ?

જગતની જેટલી વસ્તુઓને જીવ પોતાના ઉપયોગમાં લે છે તે બધી વિનાશી છે. અવિનાશી જો કોઈ હોય તો તે આત્મા જ છે. જેને 'મારું' ગણવામાં આવે છે, જેની જીવને દુઃખો અને પાપોથી પરેશાન કરી મૂકે છે એ બ પરલોકમાં ક્યારે ય સાથે આવતા નથી. 'હું' એક જ વસ્તુ છે જે સદા અભેદ ભાવથી તમારી સાથે જ રહે છે.

માનવ જેવું બુદ્ધિમાન પ્રાણી પણ વિનાશીના પ્યાર લાગ્યું છે એ કેવી અફસોસની વાત છે? જેના રંગો સદા પલટાતા રહે એના પ્યાર હોય? સવારનું સાંજે ન હોય, સાંજ વળતી સવારે ન હોય એવી તકલાદી ચીજો પ્રત્યે માનવ પલોટાઈ જાય ?

પલટાતા રંગે પલોટાઈ જનારાને બુદ્ધિમાન કેમ કહેવાય? ડૉક્ટર સદા ડૉક્ટર નથી, ક્યારેક એ ય દર્દી બની જાય છે; દર્દી ક્યારેક ડૉક્ટર બની જાય છે. વિદ્યાર્થી શિક્ષક બની જાય છે, પતિત ક્યારેક સંત બની જાય છે, શેઠ ભિખારી થઈ જાય છે, ભિખારી વળી શેઠ બની જાય છે. જગતના બધા ય રંગો પલટાતા જ રહે છે.

ન પલટાતો કોઈ રંગ હોય તો તે માત્ર આત્મા છે. એ કદી જડ બનતો નથી.

હવે તમે જ વિચારો કે, માનવે પોતાની તમામ તાકાત યાં ખર્ચવી? શ્રીમંત બનવામાં કે પરમાત્મા બનવામાં? શિક્ષક બનવામાં કે મહાત્મા બનવામાં? ડૉક્ટર બનવામાં કે ઈ સંતના સાચા સેવક બનવામાં?

હાથમાંથી અવશ્ય સરકી જનારી જગતની વસ્તુઓ ઉપર રી શક્તિ કામે લગાડશો મા! બધું ય નિષ્ફળ જશે. કામ કરો તે અવિનાશી આત્મતત્ત્વ ઉપર! બધું ય નીકળશે.

શરીર ! કેવું વિચિત્ર કારખાનું !

...નિયાના કોઈ પણ કારખાનાની મુલાકાતે તમે જશો ... જોવા મળશે કે રૂની વગેરે સ્વરૂપે કાચો માલ ...માં પ્રવેશી રહ્યો છે: અને અત્યન્ત દર્શનીય કાપરકાણી, તાકા, વગેરે તૈયાર થઈને બહાર નીકળી રહ્યા છે.

આપણું શરીર નામનું કારખાનું તો આથી સાવ ઊલટું ...મળે છે. હલ્વાક, ઘેબર, લાડુ, ચટની, ભજિયા, વગેરે ... દર્શનીય પાકો માલ એમાં દાખલ થાય છે અને એ ...નો એકરસ બનીને અત્યન્ત ગંદો માલ વિષ્ટા—બહાર ...ો છે.

એક જ મિનિટના રસાસ્વાદ માટે બિચારી સીતત કે ...ચારા રસોઇયા કેટકેટલા પ્રયત્નો કરે છે? એક એક વાનગી ...નાવવા પાછળ કેટલી બુદ્ધિ અને કેટલો બધો સમય કામે ...ગાડે છે?

અને પેલો પુરુષ વર્ગ? એ બધી સામગ્રી ઘરભેગી ...કરી આપનાર પૈસો કમાવા માટે કેવો આખોદૂણ મજૂર બને છે? કેટલા કાવાદાવાઓ રમે છે?

બધાંયનું પૂર્ણ વિરામ! વિષ્ટા!

જોવી ન ગમે તેવી! સાવ ગંદી!

એક ચિંતકે સાચું જ કહ્યું છે કે, "રોજ સવારે માણસ જો મળનું દર્શન કરે તો એને ભરપૂર વિરાગ પ્રાપ્ત થઈ જાય." રસનાનાં ઘણાં પાપોથી, સમયની ઘણી બરબાદીમાંથી માનવજાત ઊગરી જાય! ભગવદ્‌ભક્તિમાં અને શાસ્ત્રસ્વાધ્યાયમાં રમમાણ બનીને એકેકો આત્મા રામ બની જાય.

કોઈ વિચારશે ખરું આ વાતને? ભારે ગંભીરતા સાથે?

ચક્રવર્તી રાજા ભરતના આંસુના બે બુંદ

પટખંડ ઉપર વિજય મેળવીને ચક્રવર્તી બનેલા રાજા ભરત ઋષભકૂટ નામની શીલા ઉપર પોતાનું નામ લખવા જાય છે. પણ આ શું ? ભૂતકાળના ઢગલાબંધ ચક્રવર્તીઓના નામથી એ શિલા આખી ય ખીચોખીચ ભરાઈ ગઈ હતી ! ક્યાં ય–એક નામ લખવા જેટલી પણ–જગા દેખાતી ન હતી.

છેવટે રાજા ભરતે ભૂતપૂર્વ કોક ચક્રવર્તીનું નામ ભૂંસી નાંખ્યું અને ત્યાં પોતાનું નામ લખ્યું, 'ચક્રવર્તી રાજા ભરત.'

પણ હાય ! આ શું થયું ? એ વખતે ચક્રવર્તીની આંખમાંથી આંસુના બે બુંદ કેમ સરી પડ્યા ?

રાજાનું અંતર રડી ઊઠ્યું હતું. એ બોલતું હતું, 'એક દી આ જ રીતે મારા નામનો પણ કોક ચક્રી નાશ કરશે ! હાય ! આવા વિનાશી ચક્રીપદ ખાતર મેં યુદ્ધો ખેલીને કેટલો માનવસંહાર કર્યો !'

રાજા ભરતની આંખોમાંથી સરી ગયેલા આંસુના એ બે બુંદ ભરતક્ષેત્રની અત્યન્ત મૂલ્યવાન સંપત્તિ નથી શું ?

ઓ ! ચન્દ્રલોકના (!) અવકાશયાત્રીઓ ! વિજ્ઞાનવીરો ! ચન્દ્રલોકની ધૂળના સંશોધનમાં તમે કરોડો ડોલર જેવી જંગી રકમ કાં બરબાદ કરો ! એ કરતાં આંસુના આ બે બુંદનું 'રિસર્ચ' કરો તો ! જગતના જન્તુઓનું કેટકેટલું કલ્યાણકર તત્ત્વજ્ઞાન પ્રગટી જાય ! યાદ રાખજો કે, પેલી ધૂળમાંથી ધૂળ જ પામશો....સિવાય કાંઈ નહિ.

કોઈને પી. એચ. ડી. થવું હોય તો 'આંસુના બે બુંદ' ઉપર જ તે પી. એચ. ડી. થાય.

એ બુંદના જ સર્જનો અભ્યાસ કરે ! કવિઓ એની ઉપર જ કાવ્યો રચે. લેખકો લેખો લખે, ચિન્તકો ચિન્તન કરે....તો જે અદ્ભુત માહિતી પ્રાપ્ત થશે તે સમગ્ર જીવજગતનું અચૂક કલ્યાણ સાધશે. કોણ સાંભળશે મારી વાતને ?

" ઇદમપિ ગમિષ્યતિ "

માનવ જીવનને પામ્યા પછી પણ રાગ અને દ્વેષના મળો મોળા પણ ન પડે તો એના જેવી દુઃખદ બાબત એક પણ નહિ ગણાય. ચોવીસ વર્ષના એકના એક યુવાન દીકરાના મોત કરતાં કે એક જ રાતમાં કોઇ શ્રીમંત ભિખારી બની જાય તે કરતાં ય વધુ દુઃખદ બીના આ જ ગણાય.

આ મળોને મોળા પાડવા માટે અનેક ઉપાયો શાસ્ત્રકાર મહર્ષિઓએ દાખવ્યા છે. તેમાંનો એક ઉપાય " વિનાશી " નો વિચાર સતત કરતા રહેવાનો છે. જે પદાર્થો રાગાદિ કરાવે છે એ બધાય વિનાશી છે એ વિચાર મનમાં સતત રગડતા રહેવું જોઇએ. જ્યાં ક્યાં ય પણ રાગ થવાનો પ્રસંગ આવે ત્યાં તરત જ તમારા આત્માને જાગૃત કરો અને એને સ્પષ્ટ રીતે જણાવી દો કે, આ ચીજ પણ એક દિવસ વિદાય પામી જવાની છે– ઇદમપિ ગમિષ્યતિ ! કાં તું પહેલો વિદાય પામીશ કાં તે જ તારી પહેલાં વિદાય પામી જશે. જેમ સુખમાં આ વિચારો, તેમ દુઃખમાં ય આ વિચાર કરો કે આ દુઃખ પણ જવાનું છે. કોઇ સદા રહેતું નથી. સુખ પણ નહિ; દુઃખ પણ નહિ. Every tunnel has its end. દરેક બુગદાને છેડો તો હોય જ છે.

વિશાળ બંગલાને જોતાં જ વિનાશી ભાવનાનો તેજાબ એને લગાડો. તરત જ ઇંટ–મટોડાના બિહામણા ખંડિયેર રૂપે ઊભેલો એ મહાલય તમને દેખાશે. રૂપવતી સ્ત્રીને જોતાં જ "વિનાશી' ભાવનાને શરણે જાઓ; તરત જ સ્મશાનમાં પડેલી રાખની ઢગલીનું તમને દર્શન થશે.

કાળપુરુષની જાદુઇ લાકડી ફરે એટલી જ વાર. બધાંય સર્જનો વિસર્જનમાં પરિણમી જાય છે.

ઘરની દરેક દીવાલ ઉપર જાતજાતના બોર્ડ મુકાવો. બધું વિનાશી છે; દુઃખ પણ જવાનું છે, સુખ પણ જવાનું છે. ઇદમપિ ગમિષ્યતિ. તમારા ગળે વિચારનું આ માદળિયું તમે બાંધી દેશો તો ઘણા સારા માનવ તરીકેની સાચી ખ્યાતિ પામી જશો.

યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્

જૈનેત્તર શાસ્ત્રનું પણ એ વચન છે કે, જે પળે વિરાગ થાય એ જ પળે સંસાર ત્યાગી દેવો.

કેમ વારુ ?

વિરાગની ભાવના તો કેળના તાર કરતાં ય પાતળી! જરાક નિમિત્ત મળે તો તૂટી જતા એને જરા ય વાર ન લાગે.

ગઇ કાલનો મુમુક્ષુ-બાળ જો આજે ચૂક્યો તો આવતી કાલે એ મહાનાસ્તિક તરીકે પણ જોવા મળે! એવા તો ઢગલાબંધ દૃષ્ટાન્તો આ ધરતી ઉપર જોવા મળે છે.

રાગ સર્વત્ર થવો સુલભ છે; વિરાગ તો ક્યાંક પણ થવો દુર્લભ છે. જીવનનો ભંગાર કરી દેનાર રાગભાવ છે. જો એની ભીંસમાંથી એકાદ પળ પણ છૂટા થઇ જવાનું સદ્ભાગ્ય ગમે તે દુઃખના નિમિત્તે પણ મળી જતું હોય અને સુખમય સંસાર પ્રત્યેની નફરતમાં પણ એ વિરાગ પરિણમી જતો હોય તો એ જ પળે સાધુ થઇ જવાનું ખૂબ હિતાવહ છે.

એમાં થોડો પણ વિલંબ; થોડી પણ મનની મનામણી, થોડી પણ સલાહ લેવાની વૃત્તિ આત્મહત્યારી બની જાય. માટે બીજા કોઇ પણ વિચારને અવકાશ આપવો જોઇએ નહિ.

વીજ ઝબૂકી! તરત જ દોરો પરોવી લેવો જોઇએ. એના કરતાં ય વધુ ઝડપથી અને વધુ સાવધાનીથી વિરાગની પળમાં સંસાર ત્યાગી દેવો જોઇએ.

ઉંમરને ત્યાં કશી લેવાદેવા નથી.

હજી તો હાથે મીંઢળ બાંધ્યા છે ત્યાં વનમાં મુનિના દર્શન થયા અને રાજકુમાર વજ્રબાહુ વિરાગી બની ગયા. નવોઢા મનોરમા પણ એમના પગલે ચાલી નીકળી.

લક્ષ્મણજીના અપમૃત્યુના સમાચાર મળતાં જ લવણ અને અંકુશે સંસારનો પરિત્યાગ કરી દીધો!

તરતની પરણેલી સ્ત્રીનું પતિમૃત્યુજનિત કરુણ રૂદન સાંભળતાં જ બે યુવાનો રાતોરાત ભાવથી સાધુ બની ગયા!

રના બાહ્ય રૂપની અંદર બાબડેલા બેઠંગા સ્વરૂપની જેને
જાય તેને બાહ્યરૂપના સૌન્દર્યોમાં કદી અંજામણુ થતી
તો એ આત્મા ભોકતા ન બનતાં દૃષ્ટા જ બની રહે છે.
વા આત્માઓ જગતમાં ખૂબ થોડા હોય છે, હા, ભોકતૃત્વ
ભાવની, પૂર્ણતા કે મગ્નતાની અથવા તો આત્માના અછેદ્ય,
રૂપની વાતો કરીને લોકોને આંજી નાખનારાઓની જમાત
માં કાંઇ નાનીસૂની નથી; પણ એવા કોરા જ્ઞાનવાદી–દંભીઓની
કરતો નથી.

હું તો તે સાચા જ્ઞાનીની–અનાસકતની–વિરાગીની વાતો
ું કે, જેના જીવનમાં સંસારનું પ્રત્યેક દૃશ્ય ભરપૂર વિરાગ ભરી
હાય.

આવા વંદનીય આત્માઓને સંસાર પરિત્યાગ કરવાનું કાર્ય
આસાન બની રહે છે. વિરાગનો પ્રચંડ દારૂગોળો તો તૈયાર જ
ા છે. હવે તો એકાદ નિમિત્તનો તણખો પડે એટલી જ વાર !
એ દારૂગોળો ફૂટે; એ આત્મા સંસારત્યાગી બની જાય.

અયોધ્યાપતિ મહારાજા દશરથના જીવનમાં આવું જ બન્યું ને ?
ાતાના નોકરની કારમી વૃદ્ધાવસ્થાને જોઇને એ મહારાજાએ સંસાર
યાગી દીધો !

અરે, ભાઇ ! જીવનના પલટાની તો કશી ખબર પડે તેમ
નથી. મહાવિલાસી મોગલ બાદશાહ પણ ' ચલણા હૈ રેણા નહિ '
એક વાકય સાંભળે અને ફકીર બની જાય !

અનેક નીકળી ગયા....તમને કોણ કાઢશે ? પત્ની ધક્કો મારે
તો ય નીકળી જાઓ ખરા ?

જેને નીકળવું જ ન હોય એને તો ખુદ ભગવાન પણ
ન કાઢી શકે. ઘણા ભગવાનોને આપણે મોક્ષના પંથે વળાવી આવ્યા
છીએ ને ?

"સોઽહં" નું બળપૂરક ચિંતન

"હું તે છું" એટલે હું તે ભગવાન છું.

એટલે હું અને તે ભગવાન બે ય એક સ્વરૂપ છીએ.

એટલે હું સંસારી છતાં અને ભગવાન સિદ્ધ છતાં અમારું બન્નેયનું સ્વરૂપ એક જ છે,

પાપોના રવાડે ચડી ગયેલા; જીવનને બરબાદ કરી નાખનારા આત્માઓનાં હતાશ જીવનમાં આ વિચાર અત્યન્ત બળપૂરક બની રહે છે.

ભૂતકાળમાં કરેલા પાપનો વિચાર નિષ્પાપ બનવાનું બળ આપે તો તો ઘણું સુંદર.... પણ ક્યારેક કોઇ આત્માને એ વિચાર ખૂબ હતાશ કરી નાખતો હોય છે. પાપમય જીવનનો વિચાર કરતાં જ એના પગ ભાંગી જાય છે. એને એમ લાગી જાય છે કે, હવે મારા જેવા પાપાત્માનો તો કોઇ આરોવારો હોઇ શકે જ નહિ....

ના....એ વાત ખોટી છે. "સોઽહં" નો વિચાર તેને કહે છે કે તું ગમે તેવો–તોય–ભગવત્સ્વરૂપ છે. તારું એ સ્વરૂપ તો આજે પણ એવું ને એવું જ પ્રકાશિત છે. પ્રશ્ન માત્ર કર્મના આવરણનો છે.

એ પોલાદી આવરણોને જો તારા પુણ્યપુરુપાર્થની મુક્કી મારે તો તૂટી જ પડે તેવા છે.

પછી તારું પરમાત્મસ્વરૂપ પૂરબહારમાં ખીલી જ ઊઠવાનું છે. કેમકે તું તે સ્વરૂપ જ છે. "પાપી" એ કાંઈ તારું સ્વરૂપ નથી. એ તો બાહ્ય્તી વસ્તુ છે, એને ફેંકી દેતાં તને જરા ય વાર લાગે તેમ નથી. ઊઠ, ઊભો થા....જાગ....પછી ?

એકલો આનંદ....એકલી પવિત્રતા.

સબૂર ! એક વાત ભૂલશો મા કે "તે" સ્વરૂપ "હું" ને પ્રગટ કરવા માટે "તે" ના દાસ બનવું જ પડશે. માટે જ પહેલો પાઠ 'દાસોઽહં' ! અને પછી 'સોઽહં'

[illegible]

બકરીના [illegible]

[illegible] બિલકુલ નાલાયક [illegible].

એક દિવસની વાત [illegible] ત્રાડ નાખતો એક સિંહ ચડી આવ્યો. બકરાં નાસી ગયાં પણ પેલું સિંહશિશુ તો એ વનરાજને ટીકી ટીકીને જોવા લાગ્યું.

એ દર્શન થતાં જ—[illegible] નહિ ઊઠેલા—પ્રશ્નો એના મનમાં જાગી ગયા.

હું કોણ છું ?

હું બકરી નહિ ? બેં બેં કરનાર નહિ ? ઘાસ ખાનાર નહિ ? ઠેકડા મારનાર નહિ ?

ના. ના. ના....હું તેમાંનું કાંઇ જ નહિ.

તો હું કોણ છું ?

હં. હું તે છું. તે સિંહ જ હું છું. એ જ મારું સ્વરૂપ છે.

એક મોટી ત્રાડ નાખીને ફલાંગ ભરતું સિંહ બચ્ચું સિંહની પાસે પહોંચી ગયું. સિંહની સામે જોઇને જાણે કહેતું હતું કે, "તું જ હું છું." અને અંતે "હું જ હું છું." ના ભાનમાં એ લય પામી ગયું.

સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા ! અનંતજ્ઞાની ! અનંત દર્શની ! અનંત ચારિત્રી ! મહાસમૃદ્ધિમાન ! ખરેખરો સિંહ !

અફસોસ ! બકરીના ટોળે ફસાણો છે ! વિષયકષાયનાં ઘાસ ખાય છે. તુચ્છ અને ક્ષુદ્ર યાચનાઓ વડે બેં બેં કરે છે. ક્ષણિક જીવનનાં સુખો ખાતર નાનકડા ઠેકડા મારે છે. અબજોપતિએ પોતાની જાતને ભિખારી માની છે ?

હવે તો સિંહશા પરમાત્માનાં—પ્રતિમાનાં—દર્શને એને સ્વરૂપભાન થઇ જાય તો સારું.

જગત અંધ છે કે આંખ-મીચેલું છે?

સ્વાર્થીઓ પ્રત્યે પણ પ્રેમ રાખનાર આ જગતના ાનવોને નિઃસ્વાર્થી સંતો પ્રત્યે પ્રેમ જ જાગતો નથી શું? ી દિલગીરીભરી વાત!

જે સંતો કદી કોઈને કનડતા નથી; સહુને સહાય કરે . કદી કોઈનું બૂરું વિચારતા પણ નથી; સર્વના હિતની જ ાવના રાખે છે; જેમને કોઈ સ્વાર્થ નથી; જેઓ પરાર્થ અને રમાર્થ કરવાનું જ શીખ્યા છે એમણે જગતનું તે શું ગાડયું છે?

અરે! કોક તો જુઓ એમના જીવન તરફ! કોક તો ોમના જીવનમાં ડોકિયું કરો, રુંવાંડે રુંવાંડે અસ્તિત્વ ધરાવતી ાગ-રોષની વાસનાઓનું જ્ઞાનયોગથી ઊર્ધ્વીકરણ કરવાની કે ક્તિના પ્રયોગ દ્વારા શાન્ત કરી દેવાની આશ્ચર્યજનક કળાને તેમણે કેવી સિદ્ધ કરી લીધી છે? છે કોઈ આ જગતનો સંસારી માનવ કે જે યૌવનના ઊંબરે પગ મૂકતાંની સાથે જ એ વાસનાનો ભોગ બનીને લપસી ગયો ન હોય?

સંતોની એ અનોખી દુનિયા-તમારી જ દુનિયાના ઝેરી વાયુમંડળ વચ્ચે અમૃતનાં પાન કરતી એ દુનિયા-ને જરાક તો નિહાળો.

શું આંખો જ નથી? કે પછી આંખો હોવા છતાં ઉઘાડીને જોવું જ નથી?

એક વાર જોઈ લો....તમારું હૈયું નમી જશે....તમે એમના ભવ્યતમ સફળ પુરુષાર્થને કોટાનકોટી વંદન કરી જ લેશો.

મારે તમારી પાસે એટલું જ કામ કરાવવું છે. કેમકે એ વંદનમાં જ તમારા ક્રોડો હિતો સમાયેલાં છે.

છતી આંખે કોઈ અંધ બનશો મા.

[illegible]

તીર્થભૂમિઓમાં પરમાત્માના [illegible]

અને એ પુણ્યકર્મનો [illegible] જન્મોમાં [illegible]

તેનું ફળ મળે.

જ્યારે સંતો તો પરમાત્મા જેવા મૂંગા નથી ને? [illegible]

તો પરમાત્માનો સંદેશો પ્રચારનારા, બોલતા, વિચરતા, આચારસંપન્ન

મહાત્માઓ છે.

સંતો જગતના મુગ્ધ જીવોને ધર્મ સમજાવે, અધર્મ

સમજાવે, પુણ્ય અને પાપ સમજાવે. દુષ્કૃતોની ગર્હા કરાવ[illegible]

આંખમાંથી અશ્રુની ધારા રેલાવે; જગતના જીવોનાં સર્વ સુકૃતોન[illegible]

અનુમોદના કરાવીને હર્ષવિભોર બનાવે.

ઉન્માર્ગે પડેલા જીવનને થોડી જ ક્ષણોમાં સન્મા[illegible]

ચડાવે.... તરત જ પાપવાસનાઓને શાન્ત કરાવે. પ્રતિજ્ઞા[illegible]

આપીને ભાવિ જીવનને વ્યવસ્થિત બનાવી દે.

સંતોના સમાગમમાં તરત જ ફળની પ્રાપ્તિ. તી[illegible]

તો મુખ્યત્વે નમસ્કારાદિ દ્વારા પુણ્યબંધ કરાવે, જ્યારે સં[illegible]

પ્રાયશ્ચિત્તાદિ દ્વારા તરત પાપનાશ કરાવે.

પુણ્યકર્મ તો ઉદયમાં આવે ત્યારે ખરું.

પાપકર્મનો નાશ તો તત્કાળ જ થઈ ગયો ને? [illegible]

આ અપેક્ષાએ તીર્થભૂમિ કરતાંય સંતસમાગમને વધુ મહત્[illegible]

કહી શકાય; એની તારકતા અત્યન્ત બલવતી કહી શકાય.

જગત અંધ છે કે આંખ-મીંચેલું છે?

...ાર્થીઓ પ્રત્યે પણ પ્રેમ રાખનાર આ જગતના નિઃસ્વાર્થી સંતો પ્રત્યે પ્રેમ જ જાગતો નથી શું? ...ગીરીભરી વાત!

જે સંતો કદી કોઈને કનડતા નથી; સહુને સહાય કરે ...ી કોઈનું બૂરું વિચારતા પણ નથી; સર્વના હિતની જ ... રાખે છે; જેમને કોઈ સ્વાર્થ નથી; જેઓ પરાર્થ અને ...ર્થ કરવાનું જ શીખ્યા છે એમણે જગતનું તે શું ...ડ્યું છે?

અરે! કોક તો જુઓ એમના જીવન તરફ! કોક તો ...મના જીવનમાં ડોકિયું કરો, રુંવાડે રુંવાડે અસ્તિત્વ ધરાવતી ...ગ-રોગની વાસનાઓનું જ્ઞાનયોગથી ઊર્ધ્વીકરણ કરવાની કે ...ક્તિના પ્રયોગ દ્વારા શાન્ત કરી દેવાની આશ્ચર્યજનક કળાને ...મણે કેવી સિદ્ધ કરી લીધી છે? છે કોઈ આ જગતનો ...સંસારી માનવ કે જે યૌવનના ઊંબરે પગ મૂકતાંની સાથે જ ...ો વાસનાનો ભોગ બનીને લપસી ગયો ન હોય?

સંતોની એ અનોખી દુનિયા—તમારી જ દુનિયાના ઝેરી વાયુમંડળ વચ્ચે અમૃતનાં પાન કરતી એ દુનિયા—ને જરાક તો નિહાળો.

શું આંખો જ નથી? કે પછી આંખો હોવા છતાં ઉઘાડીને જોવું જ નથી?

એક વાર જોઈ લો....તમારું હૈયું નમી જશે....તમે એમના ભવ્યતમ સફળ પુરુષાર્થને કોટાનકોટી વંદન કરી જ લેશો.

મારે તમારી પાસે એટલું જ કામ કરાવવું છે. કેમકે એ વંદનમાં જ તમારા ક્રોડો હિતો સમાયેલાં છે.

છતી આંખે કોઈ અંધ બનશો મા.

'અતિ પરિચયે અવજ્ઞા'

સંસ્કૃતમાં એક ઉક્તિ છે, "અતિપરિચયાત્ અવજ્ઞા" જેનો પરિચય (સંબંધ) અતિ થઈ જાય તેની પ્રત્યેનું બહુમાન ઘટે, તૂટે અને કદાચ છેવટે સાફ થઈ જાય.

જગતમાં જે જે વસ્તુઓ ખૂબ મૂલ્યવાન છે તેનો માનવને અતિપરિચય થયો લાગે છે અને તેથી જ તેનું મૂલ્ય ખતમ થઈ ગયેલું જોવા મળે છે.

હવા અને પાણી કેટલાં મૂલ્યવાન? છતાં એનું મૂલ્ય કોણે કદી આંક્યું? કાયમના થઈ ગયા માટે જ ને?

શ્રીનમસ્કાર મન્ત્ર કેટલો મુલ્યવાન? છતાં માનવે એની શી દશા કરી? અરે! એની ઉપરનો વિશ્વાસ ખોઈ બેઠો! 'નવકાર તો ઘણા ગણી નાખ્યા' એવું કહેનારને હવે બચાવશે કોણ?

અરે! માનવજીવનનું પણ મૂલ્ય કોના હૈયે બેઠું છે? જન્મતાં જ આ જીવન મળ્યું એ જ એનો અપરાધ ગણવો? ક્રોડો–અબજો જીવનોનાં પાપ પળે પળે ધોઈ નાંખવાની તાકાત જે જીવનથી પ્રાપ્ત થાય છે એ જ બેકદર બન્યું! ક્રોડો ભવો ચાલે એટલા પાપોનું પળે પળે સર્જનહાર એ જ બન્યું!

સદ્ગુરુના સંગનું કેટલું મુલ્ય? "સંગત સંતકી કટે કોટિ અપરાધ."

પણ જેને કાયમ સંતો ભટકાય છે એની શી દશા થઈ? સંતોના નિમિત્તે જ બિચારા કર્મથી ભારે થયા ને? બિચારાઓએ સંતોની નિંદા–કૂથલી કરી. 'પાર્ટી'ઓ સર્જીને યુદ્ધખોર અને બંડખોર મનોવૃત્તિ પામીને એમનાં તો જીવન ઝેર થઈ ગયાં!

શું સમજવું? એમ કહી દેવું યોગ્ય નથી લાગતું કે આવા અવજ્ઞાપ્રેમી લોકોને આ બધી વસ્તુઓની પ્રાપ્તિ જ ન થાય તો સારું?

નાહકનાં પાપો બાંધતા તો બિચારા અટકે?

...સહુને મેળીઆ ...
...પુસ્તકો સંતોના તો આજે ... પુસ્તકોના ... તમને
...આજના ... મોટો ભાગ
...ના પ્રભાવમાં ગયો

...અને ગ્રન્થ તો જીવનના ... વંચાયા ?

...ની દૃષ્ટિ કે જ્ઞાન વિશાળ છે. કોના ગ્રંથો ... ધર્મગ્રંથોમાં ય અધર્મ
...આજે તો ખૂબ મજબૂતી બની છે. ... અને ... પ્રચાર
...ના ... છે. ... તે નામધારી ગ્રન્થ વાંચવો ન
...ના ગ્રંથ છે....માટે જ ગ્રંથ છે

ગ્રન્થ તો સંતનો જ વંચાય. સાચુ ! સંતોનો ય ... લોકો
...તો ... છે. ... લઈને ... જગતને ઠગી
...ને સંત કહેવડાવે છે. આચાર્ય ... કરીને ... કોટમાં ... ગોગલી
... છે. ... ભિક્ષુ ધારણ કરીને ... કરનારા, એરકન્ડિશન્ડ રૂમમાં ... ક્યાં દર્શન
...ને ... માં ... ના ... ના માનવીઓ ... જવાનું; અને
...તો કરનારા સંત (!) ના ... લઈને કૃતાર્થ બની ... વાતો કરતા આશ્રમ-
...ક્યાં નથી ? આત્માને આગળી લઈને ... વાતો કરતા આશ્રમ-
...પછી આશ્રમમાં ... ચલાવી ... કહેવડાવે છે ને ?
વાસીઓ પણ પોતાને સંત જ કહેવડાવે છે ને ?

સંત કોને કહેવાય ? જાણો છો ?

મોક્ષના પરમધામે પહોંચવા માટે શાસ્ત્રનીતિથી મુખ્યત્વે આચાર શુદ્ધિના પંથે જે ચાલે અને સહુને તે પંથ ચીંધે તે જ સંત.

તેવા સંતોનો જ ગ્રન્થ વંચાય. બીજાના ગ્રન્થોની તો સામે ય ન જોવાય.

જો તમારા જીવનની તમને ચિંતા હોય, જીવન આડમાર્ગે ન ચડી જાય તેવી ભાવના હોય તો મુક્તિપંથનો માર્ગ ચીંધતા સંતના જ ગ્રન્થ વાંચજો.

તમે કેવા છો ? એ વાતની જાણ તમારા પ્રિય ગ્રન્થો અને મિત્રો ઉપરથી થાય

માનવજીવન-ઘડતરમાં બહુ મોટો હિસ્સો ભજવનાર કે કોઈના કહી શકાય તો તમને પ્રિય ગ્રન્થો અને તમારા મિત્રો જ કહેવાય.

તમારા શયનખંડમાં કયા પુસ્તકો પડેલાં છે? તે મને બતાવો અને તમારા મિત્રોને મારી મુલાકાત કરાવો પછી હું તરત તમારી જીવનસરિતાના વહેણની વાતો કરી દઈશ.

શાક લાવતાં ભૂલશો તો ભોજનનો એક ટંક બગડશે; ઘરેણાંના ઘડામણમાં ચૂકશો તો પાંચ વર્ષ બગડશે; કન્યાની પસંદગીમાં ચૂકનારો બાપ છોકરાનો ભવ બગડવાનું જોશે છે. પણ ગ્રન્થો અને મિત્રોની પસંદગીમાં ચૂકી જનારો માનવ તો પોતાના ભવોભવને બરબાદ કરી નાંખે છે.

'ખાધા વિના રહેવું સારું પણ આચર-કૂચર ખાઈને પેટ ભરવું ખોટું" એમ જે કહેવાય છે તે જ રીતે એમ પણ કહી શકાય કે નવરા માણસે ઊંઘી જવું સારું પણ ખરાબ પુસ્તકો કે કુમિત્રોના સંગે જઈને જાગવું ખોટું.

માનવજીવનના મૂલ્યો સમજાણા હોય તો કદી પણ ગ્રન્થો અને મિત્રોની પસંદગીમાં થાપ ખાશો મા ! નહિ તો અતિ-મૂલ્યવાન માનવજીવન બરબાદ થઈ જશે. જીવનનો અન્ત સમય આવશે ત્યારે વીતેલા જીવનનું વિહંગાવલોકન કરતાં પોક મૂકીને રડવું પડશે. જીવનની જે પળો કાળી બની ચૂકી એને પાછી લાવીને કદી ઉજળી બનાવી શકાય તેમ નથી. તમામ સંપત્તિ કોઈના ચરણે ધરીને પણ તમે એ પળોને પાછી મેળવી શકો તેમ નથી.

જો પળના આ મૂલ્ય સમજતા હોય તો એને બરબાદ કરી દેતા ગ્રન્થો અને મિત્રોનો પડછાયો પણ લેશો નહિ.

સાચા સંતોના જ ગ્રન્થો વાંચજો.

સાચા સંતોને અને તેમના સાચા સેવકને જ તમારા મિત્ર બનાવજો. પછી તે સેવક સંસારી હશે તો ય ચાલશે.

સાધના, સિદ્ધિ, પ્રસિદ્ધ અને પતન

કોણ જાણે કેમ ? કોઈને કશી સાધના જ કરવી નથી ! સર્વત્ર ' શૉર્ટ-કટ ' નો જ યુગ દેખાય છે ! વેપારીને ન્યાયનીતિનું ધન કમાવાની સાધના કર્યા વિના જ લક્ષાધિપતિ કે કરોડપતિ થવાની સિદ્ધિ પામી જવી છે ! ' શેઠ ' તરીકેની માનનીય પ્રસિદ્ધિ લઈ લેવી છે !

વિદ્યાર્થીઓને સાચી મહેનતની સાધના કર્યા વિના જ ' પાસ ' થવાની સિદ્ધિ મેળવીને ' ગાઈડો ' ગોખી મારીને જગતમાં પ્રસિદ્ધ થઈ જવું છે !

મુનીમને પહોંચો નીચોવવાની સાધના કર્યા વિના જ પૈસાની ગોલમાલ કરીને શેઠ બની જવું છે.

અરે ! નવા યુગની નારીને રસોઈ પણ કરવી નથી ! પતિ પણ ભાણું મંગાવીને જમી લે છે ! શ્રીમતી પણ ભાણું મંગાવીને ઑફિસમાં જ ભોજન કરી લે છે !

કંઈ જરા આગળ વધું !

સાધના વિનાની સિદ્ધિઓ અને પ્રસિદ્ધિઓ એટલે મોં ફાડતી ભયાનક ખીણો ! જેમણે આવી પ્રસિદ્ધિઓ પ્રાપ્ત કરી તેમના અંતે તો પતન જ થયા. કાં તો એમના જીવનના સુખોની વિરાટ ગંજીમાં કોઈક ભયાનક દુઃખની ચિનગારી ચંપાઈ; કાં તો એમની ઉપર એ જ સુખે પાપમય જીવનનાં પાણી ફેલાવી દીધા !

દુઃખ પણ ભયાનક ! પાપ તો એથી ય ભયાનક !

કોઈ લલચાતા મા....એ સાધના વિહોણી સિદ્ધિ–પ્રસિદ્ધિમાં ! પતનના એ ઊંડા સ્થાનમાં !

સાચી સાધનાથી જે સિદ્ધિ તમને પ્રાપ્ત થાય તેનો જ અપાર આનંદ અનુભવો. ભૂલશો મા ! જગતને બતાડી દેવા દોડી જશો નહિ.

ને કયાંક પ્રસિદ્ધિ પામી ગયા તો પતનના કાળમુખા ભણકારા તમારા કાને અથડાવા લાગશે. અને....અને એક દી પતન તમારા ઊંબરે આવીને ઊભું રહેશે.

વિષકન્યા જેવી પ્રસિદ્ધિ છે. એ જેને અડી; આ પ્રલેપી એનાં એણે મોત લીધાં.

હા....કેટલાંકનાં ઉઘાડાં મોત ! કેટલાંક જીવતાંના ભીતરમાં મોત !

ત્રિપુટી : દુવા, આશીર્વાદ અને ભક્તની

જગત દુઃખી કેમ છે ? નાગરિક પાપોના જીવનમાં ઊભરાઈ ગયા છે ? સુખીના જીવનમાં શાન્તિ કેમ નથી ?

આવા અનેક જાતના પ્રશ્નો કેમ જાગતા રહે છે ?

આવા પ્રશ્નોના ઉત્તર સાવ સરળ છે.

બાવળ વાવે તેને કાંટા જ વાગે ને ? એમાં
શું કરવાનો ?

સંપત્તિની અધમાધમ મૂર્છાના કારણે જે લોકો
નિસાસા જ લેતા હોય તે દુઃખી જ થાય ને ? કુસંગે
જીવનમાં પાપો જ ઊભરાય ને ? સુખમાં છકી ગયેલા આત્
વોને શાન્તિ તો મળે જ શેની ?

જો કોઈને આ વાતનું દુઃખ હોય; અને જો તેને
દુઃખનાશ, પાપનાશ અને શાન્તિ જોઈતા હોય તો તેણે
આ ત્રિપુટીને વહેલામાં વહેલી તકે સ્થાન આપી દેવું
ગરીબોની દુવા લો, ધર્મગુરુના આશિર્વાદ પામો અને પરમ
સાચા ભક્ત બનો.

દુવાએ દુઃખ જશે, આશિર્વાદે પાપનાશ થશે, ભ
શાન્તિ મળશે.

પણ દુવાથી તો દુઃખો જ જશે, પાપોનો નાશ તો આશિ
જ થશે. હા, એ આશીર્વાદ દુઃખનાશ પણ કરશે. અને ભગવ
તો બધું ય કરી દેશે. 'ગરીબ' એ પાત્ર જ ઘણું ગરીબ
એની પાસે દુઃખનાશથી વધુ કંઈ ન મળે. જ્યારે ધર્મગુરુ
પાત્ર જ ઘણું શ્રીમંત છે. પાપોની ભેખડોને તોડી પાડ
પ્રચંડ તાકાત એ ધરાવે છે. અને "ભગવાન !" એની તો
જ શી કરવી !

આ માટે જ મુક્તિપંથની પેટીની યોજના કરવામાં
છે. તેમાં ભેગા થતા પૈસાનો ૭ ક્ષેત્રે અને અનુકમ્પામાં ઉપ
કરો. દુવા પામો–લવાજમ વિનાના માસિકના ચિંતનથી પ
દૂર કરીને આશીર્વાદ પામો અને ભગવદ્ભક્તિમાં મસ્તાન બ

...ર્વસ્વ પરિત્યાગના માર્ગે જ ચાલી નીકળો. ... હાથમાંથી તમંચા ફગાવી

પણ કદાચ એ વાત શક્ય ન બને તો કાંઇ બે ય હાથેથી ...મંચકના ભાર ચલાવી શકાય નહિ જ. છેવટે એક હાથમાં તો ...માળા પકડવી જ જોઇએ.

મારે તમને શું કહેવું છે એ તમે સમજી ગયા ? હું ...મ કહેવા માગું છું કે, જીવનનો કેટલોક ભાગ તો ધર્મના શરણે ...ી દેવો જ જોઇએ.

જોગીદાસ ખુમાણ જેવા બહારવટીયાએ પણ બે ય હાથમાં ...ંચા પકડ્યા ન હતા.

એના એક હાથમાં તો માળા હતી જ. એવા ધાડપાડૂને ય ...ી મા–બહેન સમાન' વગેરે ચાર પ્રતિજ્ઞાઓનો ધર્મ હતો.

અને તમારે ? 'સારા' માણસ તરીકેની ઘણી મોટી શાખ ...ારા માણસોના જીવનમાં પણ અનાચાર વ્યાપેલો હશે, વિકારભાવથી ચક્કરવક્કર ભમતી રહેશે. હાથ માત્ર ઉડાઉ અને દીનદુઃખિતોની દયા, ભગવદ્ભક્તિ, સુજનતા, વગેરે ...ાય તો હવે કહેવું કોને ?

યાદ રાખજો કે પરલોક અવશ્ય છે. દુર્ગતિઓ મો... ઊભી છે. બિલાડીને જોઇને ધ્રુજતો ઉંદર આંખો મીંચી ... કાંઈ મોતનો ભય મટી જતો નથી. પરલોકનો ઇન્કાર ...ી પરલોક મટી જવાનો નથી. ઝેર ભરેલી બાટલી ઉપર ..."નું લેબલ મારવાથી ઝેર કદી અમૃત બની જતું નથી. ...ને ધર્મના કઠોર ત્યાગ–તપના જીવન પ્રત્યે સૂગ છે ...ોએ જ પરલોકની માન્યતાને ઠુકરાવવાનું કાળું પાપ ...મે એમાં કાં ફસાઓ ?

...ને અસંખ્ય ભવોની બરબાદી નોતરવી ન હોય ...ંચો તો ફેંકી જ દો, માળા પકડી જ લો.

"સીપ એન્ડ સીપીંગની"

માનવજીવનના મૂલ્ય તો 'અણમોલ' અમૂલ્ય ગણાય. ભગવાન વીરે ગૌતમને કહ્યું, 'સમયં ગોયમ મા પમાયએ' નરસૈયે પણ કહ્યું ને ? નહિ આવે આ જનમ બારંબાર.

પણ વર્તમાન કલિયુગનો માનવ પોતાના જીવનનું કેટલું ભયાનક અવમૂલ્યન કરી રહ્યો છે ! ભોગસુખોની રાખ મેળવવા માટે એ બિચારો હજાર રૂપિયાની નોટોનું મૂલ્યવાન બંડલ સળગાવી મારે છે ! રાખ મળતાં ઉપરથી રાજી થઇ જાય !

આવા માનવને શું કહેવું ? પવિત્રતાને જીવનના ખૂણે ખૂણામાં સ્થાન દેવા માટે કયો માર્ગ દેખાડવો ? કયી સમજૂતી આપવી ?

એક વાત સૂઝે છે. રોજ સવારે ઉઠીને પથારીમાં જ બેઠા બેઠા પરમાત્માનું સ્મરણ કરીને તે કહે "હે; ભગવાન્ ! આ ૨૪ કલાક માટે તો હું અવશ્ય પવિત્ર રહીશ. એ માટે હું સંકલ્પ કરું છું કે આગામી ૨૪ કલાકમાં પરધનને પત્થર સમાન જોઇશ અને પરસ્રીને મા-બેન સમાન નીરખીશ.

ફક્ત ૨૪ કલાક ! હા.......પછી ગમે તે કરું. પણ આ ૨૪ કલાક તો હું મારી આટલી પવિત્રતા અવશ્ય જાળવી રાખીશ."

જો આ રીતે પવિત્રતાને થોડી થોડી પણ પીવામાં આવે (સીપીંગ કરવામાં આવે.) તો મને પૂર્ણ વિશ્વાસ છે કે, એ પવિત્રતાના રસાસ્વાદને એક વાર પણ પામેલો માનવ એને ઘૂંટડે ઘૂંટડે પીવા માટે અધીરો બની જશે. પછી મારે તો એને કંઈ જ કહેવું નહિ પડે.

ભગવાન હરિભદ્રસૂરિજીએ ઉપદેશપદ ગ્રન્થમાં આજ વાત કરી છે ને ? તેમણે દૃષ્ટાન્ત આપતાં કહ્યું છે કે, શુકલપક્ષમાં એકવાર ચાંદનો પ્રવેશ થઇ જવા દો ! ભલે હમણાં તે બીજનો પાતળો ચાંદ હોય પણ આવતી કાલે એ પૂનમનો પૂરો ચાંદ બનીને જ રહેશે.

કેવું સુંદર દૃષ્ટાન્ત છે !

...ત્યાગી સાચા સાધુની ઇચ્છા તો એજ હોય કે
આખું ય જગત્ સંસાર ત્યાગી દઈને સારું સાધુત્વ પામી જાય
તો કેવું સુંદર ! પણ વો દિન કહાં–

ખેર....તમે ય જીવનનું પરિવર્તન કરવા માટે કાયર છો ?
અતિરમણીય શ્રમણજીવનને સ્પર્શવાની કલ્પના માત્રથી કંપી
...ઠો છો ? અફસોસ....તો હમણાં એ વાતને જરાક વેગળી મૂકીએ.

હૃદય પરિવર્તન તો તમે કરી શકો ને? સંસારમાં
...ને ય હાલપૂરતું હૈયું ફેરવવું પડે તેમાં તો તમને કશો
...ા નથી જ ને ?

મારે તમને એમ કહેવું છે કે તમારા હૈયામાં સતત એ
...ર જ કેન્દ્રસ્થાને રહેવા પામ્યો છે કે, "બસ ! મારે સુખી
... છે !" હવે તમે એ વિચારને નાબૂદ કરીને આ વિચાર
... કરો કે, "બસ, મારે ધર્મી થવું છે." ખૂબ આત્મીયતા
...તમને કહું છું કે સુખી બની જવાનો તમારો ઉદ્દેશ
...ય ખતરનાક છે. અતિશય ઘોર પાપોનું એ જન્મસ્થાન
...ડાસ્વાર્થી, પ્રપંચી, ક્રૂર અને સર્વ પાપે શૂરા બની જવાની
...તાકાત આ જીવન–ઉદ્દેશમાંથી જન્મ પામીને જ રહે છે.
...ભગવાન બનાવવાને બદલે માણસ તરીકે પણ ન રહેવા
...વાન બનાવી દેવાની તાકાત પણ આ ઉદ્દેશમાં રહેલી
... થવાનો જીવનો ઉદ્દેશ એ એવો પ્રચંડ દારૂગોળો છે કે,
... એકાદ તણખો એમાં પડે અને ધડૂમ........કરતોકને
...ભીષણ હોનારતોનું સર્જન કરે.

... માટે જીવનને આ રીતે સળગાવી મારવું ? સુખી
...વનોદ્દેશથી દુઃખી જ થવાનું હોય તો જીવનને સળગાવી
... ઉદ્દેશને જ કેમ સળગાવી ન મારવો ?

શાન્તિ : સમાધિ : સદ્ગતિ : મુક્તિ

તમારે મુક્તિના પંથે જવું છે? શું તમે આ સંસારથી ખૂબ ત્રાસી ગયા છો? જન્મ, જરા, મરણના, ઈર્ષા-હોળીના, કલેશ કંકાસ અને કજિયાનાં દુઃખો હવે તમારાથી બિલકુલ ખમાતાં નથી? ખેર....

પણ કંટાળીને મુક્તિ માંગવાથી કાંઈ મુક્તિ મળતી નથી. પળે પળે પાપમુક્તિ, પળે પળે કર્મમુક્તિ....એમ કરતાં કરતાં પૂર્ણમુક્તિ પ્રાપ્ત થાય છે એ વાત તમે જાણો છો ને?

વળી, અહીં મરણ પામીને તરત તમારી કે તમારી મુક્તિ થાય તેવું તો આપણું સદ્ભાગ્ય જ નથી. અહીંથી મરીને તો આપણે કોક ગતિમાં જવું જ પડશે. એ ગતિ પણ સદ્ગતિ જ હોવી જોઈશે.

સાત આઠ વખત સદ્ગતિઓ જ પામ્યા કરીએ તો જ મુક્તિ મળે.

પણ આ સદ્ગતિ પામવાનું ય સહેલું નથી.

મરણ વખતે સમાધિ પ્રાપ્ત ન થાય તો સદ્ગતિ પણ ન જ મળે.

અને મરણની સમાધિ પણ કાંઈ, "સમાહિમરણં ચ બોહિલાભો અ" રોજ બોલવા માત્રથી મળતી નથી. જીવનમાં શાન્તિ સિદ્ધ કરી હોય તો જ મરણમાં સમાધિ પ્રાપ્ત થાય.

સમાધિ મરણ એટલે વેદના વિનાનું હાર્ટફેલ વગેરેનું મરણ રખે સમજતા!

વેદના તો વીરના સપૂતને મંજૂર છે, જો એ વખતે સભાનપણે વીરને વંદનાઓ અર્પવાની મળતી હોય. આનું જ નામ સમાધિ મરણ.

અને જીવનમાં શાન્તિ એટલે? સુખમાં અલીનતા અને દુઃખમાં અદીનતા એ જ! બીજું કાંઈ નહિ. લાવી દો આ શાન્તિ. પછી મુક્તિ પણ આઘી નથી.

... નથી ... શું !

... આમાંથી ...

... વિનાની અવસ્થામાં ...

... છતાં આવું કેમ

પૂછતા હશો ?

શું તમો રોજ ... નથી. ... માં સુખ તો છે જ ને ? આ ...માં સ્ત્રી, ધન, પાન, બીડી, સિગારેટ કોઈનો ય યોગ છે ખરો ? નહિ જ...છતાં સુખ કેટલું ? એ બધાના યોગ કરતાં ય ગણિયાતું !

વળી, અમારી સામે જ જુઓ ને ? અમારે ધન, સ્ત્રી, પાન, બીડી, બંગલા, મોટર, વગેરે કાંઈ જ નથી; છતાં અમે તો તમારા કરતાં ય ખૂબ સુખી છીએ.

હવે એવા પ્રશ્નને અવકાશ જ રહેતો નથી કે ધનાદિ વિનાના મોક્ષમાં સુખ શું ?

આ તો ધનાદિના યોગથી સુખ મેળવવાની કલ્પનામાં ટેવાઈ ગયા છો એટલે જ આવો પ્રશ્ન થાય છે. બાકી, જ્યાં કોઈ પણ પ્રકારની વાસના જ નથી ત્યાં તે વાસનાને શાન્ત કરવા મથતાં સાધનોની જરૂર પણ રહેતી નથી. તમને કોઈક દિવસ ભૂખ જ ન લાગી હોય તો ભોજનની જરૂર ખરી ? એ વખતે તમે ભોજન વિનાના સુખી ખરા કે નહિ ?

એક માણસ છે. એને ખુજલી થઇ છે. સદા ખણ્યા કરે છે. દાંત કચકચાવીને ખણે છે અને ખણવામાં એને મોજ આવી જાય છે. આ માણસને કોઈ કહે કે, "તારી ખુજલી જ મટાડી દઉં તો ?" પેલો મૂર્ખ બરાડીને કહે છે, "ના, જરા ય નહિ; પછી ખણવાની મજાનું શું થાય ? ખણ્યા વિના તો મજા જ ન આવે.

(જુઓ પાનું ૧૬૫)

સાજીજાંત ન કેતાં જીવીરાજ કેતું

'આહૃદીકિત સાજીજાંત ન કેતાં આહૃદીકિત જીવીરાજ કેતાં.' બેલાબિજ ઉપાધ્યાય બાપાજીનું નાનકડા-વાક્ય આ વાક્ય જોઈ છે. કેવું સુંદર અને વાસ્તવિક છે! આપણામાં કોઈ પર નહીં કે એકલા સાજીજાંત કેતાનું પાપ તો જીવે કરતાં વધુ ભારે હશે.

જીવન કેવું સુંદર રહ્યા જ નહીં પણ આદેશોને આપણે કેમ ન જોઈએ? જીવનું બધું ન સમજાયું છે જ નહિ. એક બાજુ જીવન સમજણથી જીવું પણ તો કેમ આદેશ વધુ ભારે છેમ સમજુ પણ છે. બીજાને જીવન જ કહેવાનું મન થઈ જાય છે, જેને જે કેવું સ્વર્ગતંત્રનું જીવવાનું હોય તે આત્મ-આદીકિત રચના કરવામાં જરૂરથી સફળ, જીવન અનુભવોની પોથ-સમા સાથે સાથે જો બધું જ કેવું જણાવી શકે એટલો ઉપકાર કરી ગયા છે!'

રહેવું અનુભવ તો કેતા. આપણાના પુરુષો અને આપણ-સ્વરીના જીવીરાજ રાખીને જીવીરાનું જીવન અને વધારે જોઈએ તો આજ! જીવ ચાહે તો મેં અનુભવ કરી જુઓ! પછી કદાચ કોઈ જ કોઈનું નહિ પડે. આપણામાં તો સાત્વિકતાનો ભાર છે; જીવનમાં કે એકથી અપાર શાન્તિ.

(પાનું ૧૬૪ થી ચાલુ)

આવા મૂર્ખ માણસ જેવી સંસારસ્થિતિની મનોદશા છે. ધન, સુખ, સ્ત્રી, વગેરે વાસનાની ખુરશીને અનુસાર તે ડોલે છે. તેને ખુરશી મળે ત્યાં તેને શોભી જરૂર લાગે. જે તેનામાં વાસના જ નથી ત્યાં આ વસ્તુઓની જરૂર જ નથી. ખુરશીઓ ભલે બહુમાની બનાવે ભાગ, ભાંગી ઉંચો કલાસ આપી શકે પણ ખુરશીના મોહ વિનાનો માણસ પોતાની નીતિમત્તાની વસ્તીનું વર્ણન જેવી ભારે ન પણ કરી શકે. જેમ સાગર જેવો, ગામ-સ્વરૂપે સુખ જેમ ગામ સાગરના સુખ જેવું કહેવાય છે, તેમ ગોપાલુણ-ગોપાલુણ જેવું જ કહેવું પડે.

ઉત્કૃષ્ટ ચિંતન અને સાવ સાદું જીવન

Highest thinking with simplest living.

જો તમે ખૂબ જ સમૃદ્ધ ચિંતનના સ્વામી બનો અને ખૂબ જ સાદગીભર્યા જીવનના જીવનારા બનો તો જ ઘણા સારા સજ્જન બની શકો.

જેની પાસે અધ્યાત્મનું જીવન ચિંતન નથી અથવા જેની પાસે સાદગીનું જીવન નથી એ માણસ સુખી કે વૈભવી હોઈ શકે પણ એનામાં સજ્જનતાના અસ્તિત્વમાં તો મોટી શંકા પડી જાય તેવું છે.

હવે આ વાત ઉલટાઈ ગઈ છે અને તેથી જ વર્તમાન સંસારની વધુમાં વધુ ખરાબી થઈ છે.

હવેનો માણસ સાદુ જીવન નથી જીવતો પણ સાદા-સરળ-ના, તુચ્છ વિચારો-ના મડદાના પોસ્ટમોર્ટમના કાર્યમાં અટવાઈ ગયો છે.

અને સમૃદ્ધ ચિંતનને બદલે જીવનને વૈભવ-સમૃદ્ધ બનાવવાનો ઉદ્દેશ એણે કેન્દ્રસ્થાને મૂક્યો છે.

તમે જ વિચાર કરો, હલકું ચિંતન+વૈભવી જીવન=?

સમૃદ્ધ ચિંતન+સાદું જીવન ભારતીય સંસ્કૃતિ.

હલકું ચિંતન+વૈભવી જીવન= પશ્ચિમની વિકૃતિ.

આ વિકૃતિને શરણે જીવન સોંપીને આપણે શું ઉજાળશું એ તો દરેકે વ્યક્તિગત રીતે જ વિચારી લેવું જોઈએ.

" Travel light "

વિમાનઘરમાં જ્યાં ને ત્યાં લખેલું હોય છે, ' ટ્રાવેલ લાઇટ.'

ઓછામાં ઓછા ભાર સાથે મુસાફરી કરો.

આ વાક્ય આપણને કેટલું બધું પ્રેરક બને તેમ છે ?

હજી તો કોણ જાણે કેટલી ય મુસાફરી કરવાની હશે આ ભવચક્રમાં !

વાસના અને દુષ્કર્મોના ભાર ઊંચકીને આગળ વધવામાં આ કેટલું જોખમ છે ?

કોણ જાણે ક્યારે ક્યાં અસ્માત થઇ જાય ?

ઉપરોક્ત વાક્ય આપણને આધ્યાત્મિક ચિંતન આપતાં કહી જાય છે, ' ભાઇ, ખૂબ હળવા બનીને મુસાફરી કરજો.'

વાસનાઓના અને દુષ્કર્મોના ભાર હળવા રાખજો.... બને તો ભાર રાખશો જ નહિ. સૌથી સુંદર તો એ જ છે.

આ ઉદ્દેશને બર લાવવા માટે સીધો, સાદો અને સરળ રસ્તો એક જ છે. હૈયે પ્રભુશાસનને પધરાવીને ભોગોની ભૂતાવળથી એનાં પ્રલોભનોથી; એના આકર્ષણોથી સદા સો કદમ છેટા રહેવું.

ન બની શકે ?

કેમ ન બની શકે ?

માનવ જો આટલો મજબૂત નહિ બને તો કોણ એ તાકાત કેળવી શકશે ? તેમાં ય જૈન ધર્મને પામેલા માટે તો આ અપેક્ષા અનિવાર્ય બની જ છે.

જો આ વિશ્વમાં અપરિગ્રહવ્રતનો મહિમા સહુ હૃદયથી સમજી લે અને એ ભારને ઓછો કરવા લાગે તો સંપત્તિનાં અનેક પાપોમાંથી આપમેળે મુક્તિ મળી જાય અને અનેક ધર્મોને જીવનમાં સ્થાન મળી જાય.

શાન્તિ તો શોધવા ય ન જવી પડે. એ તમારા આંગણે આવીને ઝૂમવા લાગી જાય.

ક્યાંકથી આવ્યા છીએ; ક્યાંક જવાનું છે

શાસ્ત્રકાર પરમર્ષિ જણાવે છે કે, આ જગતમાં માનવ
જન્મ લીધા પછી પણ તે માણસો ધર્મ તરફ નજર જ ન
શકે; કદાચ ધર્મ તરફ નજર કરે તો ય ધર્મમાં નિપુણ
જ બની શકે. જેમને એ વાતનો પળે પળે જીવંત ખ્યાલ
કે, 'હું ક્યાંકથી આવ્યો છું; અને મારે અહીં બધું ય
દઈને ક્યાંક ચાલ્યા જ જવાનું છે.'

આ છે પરલોકદૃષ્ટિ.... પરલોકના અસ્તિત્વને સ્વીકારવા
કનો આત્મકલ્યાણનો વિચાર.

જેની પાસે વિચારની આ મૂડી નથી એ માણસ ધર્મ
તો ય એના ધર્મમાં કશો ભલીવાર આવતો નથી. હકીકતમાં
એ ધર્મને ધર્મ જ કહી શકાતો નથી. ધર્મ તો તે કહેવાય
જે આત્મામાં જામેલા રાગાદિમળોને મોળા પાડે અને અન્તે
મ કરે. જો એ સિદ્ધિ પ્રાપ્ત થતી ન હોય તો એને ધર્મ
કહેતાં ધર્મક્રિયા કહેવી જોઈએ.

જે આત્માને ક્યાંકથી આવ્યાનું ભાન થાય અને ક્યાં
વાનો ભય ઊભો થઈ જાય તેને આ સંસારની મોહિની ઉપ
મમત્વ ચોંટી શકતું નથી. જ્યાં આસક્તિ ન રહે ત્યાં ધર
ણ સાંસારિક આસક્તિથી ખરડાય નહિ. એ આરાધના ખૂબ
ડપથી એ આત્માને મુક્તિપદની ઢેન કરી જ દે.

ઉપરોક્ત ભાન અને ભય જેને નથી એ જ બેભા
બનીને આ જગતનાં તમામ પાપોમાં ફસાઈ પડે છે... ફલ
સર્વ દુઃખોની અગનવર્ષા એની ઉપર સદા માટે તૂટી પડે છે.

ખૂબ જ મહત્ત્વનું ચિંતન આપીને શાસ્ત્રકાર ભગવંતે
આપણી ઉપર અપાર કરુણા ઉતારવામાં શી બાકી રાખી છે!

આજથી આરાધો એ ભાનને અને એ ભયને.

તમે તમારી જાતને તો [illegible] ! પોતાની [illegible]

[illegible] સર્વ આ માણસોને [illegible] આજનો માનવ પોતાની જાતને ચાહે છે ખરો ? ના ! પોતાની જાત એટલે કોણ એની જ એને ખબર છે ખરી ? [illegible] કહેશે કે "મારી જાત એટલે હું" પણ એ 'હું' તે કોણ ? અહીં જ તો સમગ્ર વિશ્વમાં ફેલી અશાન્ત [illegible]નું મૂળ પડ્યું છે. 'હું' ની જ એને ખબર નથી.

'હું' એટલે દેહાદિ નહિ. 'હું' એટલે આત્મા–ચેતનતત્વ.

હવે કહો કે માણસ પોતાને–'હું' ને–પોતાના આત્માને ચાહે છે ? ખરેખર ચાહે છે ? અંતરથી ચાહે છે ?

મને તો નથી લાગતું. જે માણસ આત્માને સાચે જ ચાહતો હોય એ કદી એવાં કામો કરે ખરો કે જેનાથી એના પ્રિય આત્માને દુઃખ ભોગવવું પડે ? જૂલમો સહવા પડે. હજારો વર્ષો સુધી ચીસો પાડીને છાતીફાટ રુદન કરવાં પડે !

આવા કાળઝાળ દુઃખોમાં પટકાવનાર ભોગસુખો છે. દેહને ભોગના માલમલિદા મળે અને આત્માને માર ખાવાનો મળે. 'જમવામાં જગલો અને કુટાવામાં ભગલો' એના જેવી આ વાત થઈ. આત્માના ચાહકને આ વાત કદી મંજૂર હોઈ શકે ખરી ?

માટે જ કહું છું કે પોતાને ચાહનારા કોક વિરલા જ જોવા મળે છે. કોઇ માણસ સ્ત્રી, પુત્ર, નોકર, વગેરે પ્રત્યે પ્રેમ દાખવે તો ય તે સ્વાર્થી જ હોય છે. જો એના સ્વાર્થને કોઈ ધક્કો લગાડે તો સ્ત્રીને પણ મારી નાખે; પુત્રને ય કાઢી મુકે, મુનીમને જેલ ભેગો કરી દે. એટલે સ્ત્રી આદિને ચાહનારો માણસ હકીકતમાં તો સ્ત્રી આદિને ચાહતો હોતો જ નથી. અને નથી તો પોતાને ય ચાહતો. જો ખરેખર પોતાને ચાહતો હોય તો એના દેહનાં અંગો અને ઉપાંગો જે ભયાનક પાપોથી ખરડાયાં છે; એની જીવનરૂપી ચાદર કાળાં પાપોના લેપથી કાળીમેંશ જેવી થઇ છે તે કદી ન બન્યું હોત.

[જુઓ પાનું ૧૭૧]

સમ્યગ્દર્શન : પૂર્ણ દર્શન

જગતનું અને જગત્પતિનું પૂર્ણ દર્શન એ સમ્યગ્દર્શન એમ અપેક્ષાએ કહી શકાય ખરું ?

જગતનાં અધૂરાં દર્શનો જ જીવને એની તરફ લલચાવીને દુર્ગતિમાં ધકેલી મૂકે છે ને ?

'લોભામણી' દશાનું જ જે દર્શન કરે એ અધૂરદર્શી આ મિથ્યા-દર્શનના પરિણામે સંસારમાં ભમતો રહે.

કરવું જ હોય તો "બિહામણી" દશાનું પણ દર્શન કરવું જ જોઈએ આ લોકની વિષમતાઓ, વસ્તુના સ્વરૂપમાં પડેલી અનિત્યતાદિ, પરલોકકટુતાઓ, વગેરે તમામ બિહામણી દશાઓનું પણ દર્શન થાય તો એ જ જગતથી પૂર્ણવિરાગ જાગી જાય. સંપત્તિમાં એકાદ લોભામણી બાજુના દર્શનથી તેની ઉપર ભારે રાગ જાગે છે ને ? પણ તેની બધી બાજુઓનું દર્શન થાય તો શું એ અતિરાગના ભુક્કા ન ઉડે ?

સ્ત્રીના રૂપરંગે જ જીવ આકર્ષાય છે ને ? પણ એની અશુચિ આદિના દર્શને એટલા જ જોરથી દૂર ફેંકાઈ ન જાય ?

આમ, સર્વ પદાર્થનું પૂર્ણ દર્શન થાય તો સુખ પ્રત્યેનો અતિરાગ ખતમ થાય જ ને ?

આવી સ્થિતિનું જ નામ સમ્યગ્દર્શન નથી ?

મિથ્યાત્વમોહનીયના ઉદયના સૂચક સુખાતિરાગનો આમાં ધ્વંસ નથી ?

જેને જગતના બિહામણા સ્વરૂપનું દર્શન થાય તે નવા જીવનને કારમાં પાપોથી ન જ ખરડે.

અને પછી એ બિહામણા જગતથી ભયભીત થઈને નાસી છૂટે અને ઉજ્જવળતમ પરમાત્માનું શરણું લઈને તેમનું પૂર્ણ દર્શન કરે. એ આત્મા જૂના કરેલા પાપોના અણુ જેટલા ડાઘને પણ સ્પષ્ટ રીતે મેરૂ જેવડો જુવે, રડે. અને એ પાપોને પખાળીને સ્વયં ઉજ્જવળ બને.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મુખ્ય વિરતિ પણ પ્રથમ તો સમ્યગ્દર્શન

મોક્ષપદ પામવા માટે વિરતિધર્મ વિના તો ચાલી
નહિ. માટે મુખ્ય તો વિરતિ જ છે.

પરન્તુ એ વિરતિધર્મને સાર્થક બનાવવા માટે
સમ્યગ્દર્શન જ છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિનાની વિરતિ મોક્ષપદ આ
સમર્થ નથી.

જ્યાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટ્યો નથી ત્યાં દયા, દા
ઉદારતા, શીલ, તપ કે સાધુવેષ વગેરેનો ઝાઝો મહિમા જ નહિ

આગળ વધીને તો એટલે સુધી કહી શકાય કે સમ્યગ્દ
ર્શનની હાજરીમાં અવગુણો પણ ગુણનું કામ કરે. પાપ કરનારો
પ્રાયશ્ચિત્ત પણ એવું કરે કે એના જન્મજન્માંતરોના પાપોનું ધ
ધોવાણ થઈ જાય. જેની પાસે સમ્યગ્દર્શન નથી એના ઔદાર્ય
વગેરે ગુણો પણ અવગુણનું કામ કરી જાય કેમકે એનું ઔદાર્ય
ગોગ્યસ્થાન તરફ વહેતું ન હોય. યોગ્યાયોગ્યનો વિવેક જ એની
પાસે ન હોય ત્યાં શું થાય?

માટે 'બાહ્ય વિરતિ' પણ
મોક્ષનો સંતોષ ...

સમ્યગ્દર્શનઃ ભક્તિ, મૈત્રી અને મનઃશુદ્ધિ વિહોણું હોય ખરું ?

ચતુર્થ ગુણસ્થાને પ્રાપ્ત થતી સમ્યગ્દર્શનની અવસ્થામાં વિશિષ્ટ કક્ષાના વ્રત-નિયમ વગેરેના આચારો કદાચ ન હોય તેમ પણ બને, પરન્તુ સમ્યગ્દૃષ્ટિ આત્મામાં દેવગુર્વાદિ પ્રત્યેનો ભક્તિભાવ પણ ન હોય, સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ પણ ન હોય અને પાપના પશ્ચાત્તાપથી થતી મનઃશુદ્ધિ પણ એની પાસે ન હોય એમ તો કેમ કહી શકાય ?

જેને જગતનું અને જગત્પતિનું સમ્યગ્દર્શન થયું એના અંતરમાં જગત્પતિ પ્રત્યેના ભક્તિભાવનો સાગર તો હિલોળે ચડેલો હોય-એથીસ્તો એ ભગવાનનો ય ભક્ત હોય અને ભગવાનના ભક્તોનો પણ ભક્ત હોય એ ય એને ખૂબ મીઠા લાગે.

ભગવદ્દર્શન કરતાં ભગવંતોની સર્વજીવો પ્રત્યેની કરુણા એની નજરમાં રમતી હોય એટલે એ પણ સર્વ જીવ મૈત્રીથી વાસિત બનતો જ જાય.

અને અસીમોપકારી માનેલા ભગવંતની આજ્ઞાઓનું કઠોર પાલન જીવનમાં ન આવે; એથી ઊલટા જ પંથે જીવન ઢસડાતું રહે ત્યારે એના આત્મામાં અપાર ક્લેશ થાય; એને પારાવાર પશ્ચાત્તાપ થાય. આ પશ્ચાત્તાપ જ એના અગણિત પાપોનો વિનાશ કરતો રહે અને નવા પાપોને દૂબળાં બનાવતો રહે.

સમ્યગ્દર્શન અવશ્ય અતિ દુર્લભ છે પરન્તુ જ્યારે એ ઉજ્જ્વલ ભાવ આત્મામાં પ્રગટે છે ત્યારે ઉક્ત ભક્તિ, મૈત્રી અને શુદ્ધિના ભવ્ય ગુણોનો પણ આવિર્ભાવ થાય છે.

આ ત્રિપુટી જ સર્વવિરતિ આદિ ધર્મોને વહેલામાં વહેલી ખેંચી લાવવામાં મદદગાર બની રહે છે.

સંમતિ અને સન્મતિ

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ આત્માના વાસ્તવિક વિકાસના પ્રથમ સોપાનમાં બે ગુણોની પ્રાપ્તિ બતાવી છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આ બે ય ગુણો એક સાથે જ ઉત્પન્ન થાય છે. દીપ અને તેનો પ્રકાશ એકસાથે જ ઉત્પન્ન થાય છે ને? સમ્યગ્ એટલે સાચું....પદાર્થમાત્રનું સાચું દર્શન એટલે પદાર્થમાત્રનું પૂર્ણ દર્શન. હા....સર્વજ્ઞોને આત્મચક્ષુથી એ પૂર્ણ દર્શન વગેરે થાય; આપણને સર્વજ્ઞાનાં વચનો ઉપરની શ્રદ્ધાથી એ પૂર્ણ દર્શન અને પૂર્ણ જ્ઞાન થાય. સર્વજ્ઞો પણ કંદમૂળમાં અનંત-જીવરાશિ કહે તો આપણે ય તેમ જ કહીએ.

જ્યારે જડ જગતનું પૂર્ણ દર્શન થાય ત્યારે એ આત્મા પુકારી ઊઠે કે, આ જડ પરમાણુઓ જ મારા આત્માના પૂર્ણ ચૈતન્યપ્રકાશની પૂરબહારને રૂંધી રહ્યા છે. ઓહ! જૂલમગાર છે જડ પરમાણુમાંથી ઊભી થયેલી આખી દુનિયા. કેવો કમનસીબ હું કે એ પરમાણુના સંગ ત્યાગી શકતો નથી પણ, તો ય સર્વજ્ઞોની એ વાતમાં મારી પૂર્ણ સંમતિ છે કે હેયમાત્ર હેય જ છે; ઉપાદેય સઘળું ઉપાદેય છે.

જેવી આ સંમતિ સંધાઈ કે તરત જ – તે જ પળે – પદાર્થમાત્રનું સાચું–પૂર્ણ જ્ઞાન પણ થઈ જ જાય. આને જ આપણે સન્મતિ પણ કહી શકીએ.

સહુ પાસે આપણે કદાચ કોઈ ત્યાગ, તપ, જપ ન પણ માગીએ તો ય ચાલશે પણ આપણે એટલું તો જરૂર કહીએ કે, સર્વજ્ઞોએ જે કહ્યું છે તેમાં તમે હૈયાની સંમતિ તો જરૂર આપો.

અમારી પાસેથી અમારે આ સંમતિનું દાન જોઈએ છે. સન્મતિ વગેરેનું દાન અમે માંગવાના નથી. એ તો પછી આપોઆપ [illegible] સન્મતિની પાછળ આવતાં જ આવવાનાં છે.

સાધના બે પ્રકારની : છોડવાની અને રડવાની

જેને પરમપદની પ્રાપ્તિની ઉત્કટ તમન્ના જાગી હોય તેણે વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ બતાડેલા રત્નત્રયીના સાધનાપંથે પ્રયાણ કરવું જ રહ્યું. એ માટે ઘરબાર ત્યાગવા જ રહ્યાં; ત્યાગેલા કરતાં સવાયું મળે તો ય તેની સામે થૂંકવાની કળા શીખી લેવી જ રહી.

ભોગોને છોડો....તનથી અને મનથી...એ પ્રથમ કક્ષાની ઉત્તમ સાધના.

પણ જેનાથી આ સાધના ન બની શકે તે શું કરે ?

કરવાનું કાંઇ નથી; આ સાધનાને જેઓ પામે છે તે હસે છે; જેઓ નથી પામી શકતા તેઓ આપોઆપ રડે છે. માનવજીવન એળે જવા બદલ; ષટ્ જીવનિકાયની હત્યાનાં પાપો ઉપર સંસારી જીવન જીવવા બદલ.

માત્ર શાબ્દિક વાતો નહિ ચાલે. સાચું રુદન જોઈએ. મગરનાં આંસુ નહિ ચાલે; અંતરના વલોપાતમાંથી પ્રગટતાં સ્વયંભૂ અશ્રુપાતની ધારાઓ જોઇશે. દેખાવ (appearance) નહિ ચાલે; રુદનનો સાચો પદાર્થ (substance) જ જોઈશે. કરો પ્રયત્ન અને પામો સફળતા.

આ આંસુ સારવાની સાધના કરવી પડતી નથી; આપમેળે જ થઈ જાય છે. કાં તમે છોડો સંસારને; કાં તમે રડો એ સંસારમાં રહેવા બદલ. રડવાની પણ સાધના છે. સહુને એ સિદ્ધ થતી નથી. ત્યાગવું હજી સહેલ છે; પણ ભોગના જીવન ઉપર રોજ રડતા રહેવું ઘણું જ મુશ્કેલ છે.

આવી રડવાની સાધનામાંથી ભોગ ત્યાગવાની સાધનાનું બળ પ્રગટે છે અને અંતે ભોગોનો ત્યાગ થઈ જાય છે. એટલે જો ત્યાગી ન બની શકાય તો ત્યાગી બનવા માટે આજથી જ પાપોની ઉપર રડવાનું શરૂ કરો. સંસારમાં રહેલા આત્માઓ આ સાધના વિના આગળની સાધનાઓમાં સફળતા પામવાનું બળ મેળવી શકે તેમ નથી.

સંસાર: જ ગમે, પણ ગમે, ન જ ગમે

મહામિથ્યાત્વની [illegible] સ્થિતિમાં [illegible] એમને તો સંસાર જ ગમતો હોય. મોક્ષની વાત સાંભળવી [illegible] હોય.

આવા જીવો અચરમાવર્તકાળમાં [illegible] નવાઈ નહિ.

પણ પછીથી એ [illegible] આત્માઓની એક એવી સ્થિતિ આવે છે જેમાં તેમને સંસાર અને મોક્ષ બેય ગમવા લાગી જાય છે. હવે 'સંસાર જ ગમે' એવો મનોભાવ ન રહેતાં 'સંસાર પણ ગમે' એવી માનસિક અવસ્થા તૈયાર થાય છે.

આવા જીવો ચરમાવર્તકાળમાં પ્રવેશ કરી ચૂક્યા હોય તો જ એમની આવી સ્થિતિ તૈયાર થાય છે.

આથી પણ જ્યારે વિકાસ વધે છે ત્યારે એ જીવોનો અભિપ્રાય બદલાઈ જાય છે. હવે 'સંસાર ન જ ગમે' એ સ્થિતિમાં તેઓ ગોઠવાઈ જાય છે. સમ્યગ્દર્શનની આ જ ભૂમિકા છે. આવા આત્માઓ સંસારમાં રહે એ હજી બની જાય પરન્તુ એ સંસારમાં તેમનું મન કદી રમે નહિ. એમનું તન સંસારમાં પડેલું હોય; મન તો મોક્ષમાં જ રમતું હોય. ક્યારેક પણ કોઈ પાપ કરવું પડે ત્યારે આવા આત્માઓને એનો તીવ્ર વલોપાત હોય. એ અસહ્ય સ્થિતિમાંથી જ વિરતિધર્મની આગામી ભૂમિકાઓ તૈયાર થઈ જાય છે.

હૃદયના પરિવર્તનથી જ જીવનનું સાચું પરિવર્તન થાય છે.

ભોગોને ભોગવવા છતાં એને હૃદયથી ભૂંડા માનનારા સમ્યગ્દષ્ટિ આત્માઓને જીવન પરિવર્તનથી ભવ્ય ભૂમિકાથી ઝાઝું છેટું રહેતું નથી.

મિથ્યાત્વની કાતીલ ગાંઠના ત્રણ વિકારો

આત્મામાં સમ્યગ્દર્શનગુણ પ્રગટયો છે કે નહિ તે જાણવાનાં બાહ્ય લક્ષણો ત્રણ છે. (૧) દેવગુરુ પ્રત્યે મહાભક્તિ ભાવ. (૨) જિનવાણીશ્રવણનો તીવ્ર રસ. (૩) ચારિત્ર ધર્મ પ્રત્યે કટ્ટર પક્ષપાત.

મિથ્યાત્વની ગ્રન્થિ ભેદાય પછી જ સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે. આ ગ્રન્થિ ભેદાઈ ન હોય તો એ આત્મામાં ત્રણ બાહ્ય વિકારો જોવા મળી શકે. (૧) સુખ પ્રત્યે અતિરાગ (૨) દુઃખ પ્રત્યે અતિદ્વેષ. (૩) જૂઠને સત્ય માનીને પકડી રાખવાનો કદાગ્રહ.

મિથ્યાત્વની ગ્રન્થિનો ભેદ કરવા જેટલી કઠોર કદાચ બીજી કોઈ પણ સાધના નહિ હોય. આ ગ્રન્થિનો ભેદ થઈ ગયા બાદ તો મુક્તિ ઝાઝી દૂર રહેતી નથી. વિકાસનાં બાકીનાં સોપાનો ઉપર ઝડપી આરોહણ કરવાનું જરા ય અશકય રહેતું નથી.

મુશ્કેલ છે ગ્રન્થિ ભેદ.

કઠોર છે સુખ પ્રત્યેના રાગનો ધ્વંસ.

અતિમહાભારત કાર્ય છે દુઃખ પ્રત્યેના દ્વેપ ઉપર દ્વેપ કરવાનું.

બહુ ભારે કામ છે સત્યને સમજવાનું, સ્વીકારવાનું અને કદાગ્રહને હિંમતપૂર્વક ત્યાગી દેવાનું.

ઘણો મોટો સંસાર આ ત્રણ વિકારોમાં સપડાયેલો છે એમ કહી શકાય. ઘણાખરાને સુખરાગ, દુઃખદ્વેપ અને કદાગ્રહ પજવી જ રહ્યાં છે ને ! આનું નામ જ મિથ્યાત્વની ગ્રન્થિ.

સુખના રાગ ઉપર અને દુઃખના દ્વેપ ઉપર જ્યારે દ્વેપ થાય ત્યારે જ મિથ્યાત્વની ગ્રન્થિ ભેદાઇ છે એમ કહી શકાય.

સુખ ઉપર દ્વેપ જગાડો.
દુઃખ ઉપર પ્રેમ જગાડો.
કયારે ય કદાગ્રહી ન બનો.
આ છે સુખી અને ધર્મી બનવાનો સાચો પથ.

બેશક ! પ્રથમના અભિપ્રાય કરતાં આ અભિપ્રાય ઘણો સારો જરૂર છે, પણ વિકાસનો સૂર્યોદય તો હજી ઘણો છેટો છે. હજી તો આ અભિપ્રાયથી એક જ કોઠો ભેદાયો છે.

પણ જેણે ચરમાવર્ત્તમાં પ્રવેશ કર્યો એનું આત્મારૂપી રોકેટ પ્રત્યેક સમયે મોક્ષ તરફ વણથંભી કૂચ કરતું જ રહે છે.

આથી જ વળી એક સમય આવી લાગે છે જ્યારે તેનો બીજો અભિપ્રાય પણ ફરે છે. એ આત્મા વિચારે છે, 'ના....ના....સ્ત્રી સારી, અને સાધુ પણ સારા ! આ તો બે ય સરખાં થયાં.... અરે ! આવું તે હોય ? મને સ્ત્રી જો સારી લાગતી હોય તો સાધુ ખુબ સારા લાગે છે. આ વિચારનું સ્ફુરણ પ્રગટતાં જ બીજો કોઠો ભેદાય છે. વિકાસની કૂચ વણથંભી ચાલુ છે. વળી એક ધન્યાતિધન્ય દિવસ આવી લાગે છે જ્યારે એ આત્મા પુકારી ઊઠે છે, 'શું ધૂળ ! સ્ત્રી સારી છે ? કદી નહિ.... સ્ત્રી વગેરે સંસાર તો ખરાબ જ.... સાધુ, મંદિર, ઉપાશ્રય વગેરે જ સારાં.... ખુબ સારાં... ગોળ તે ગોળ, ખોળ તે ખોળ.' ત્રીજા કોઠાનો.... ભેદ થયો. સમ્યગ્દર્શનની વરમાળા એ આત્માના કંઠે આવીને પડી. શાસ્ત્રીય પરિભાષામાં, 'पस अट्ठे, पस परमट्ठे', सेसे अनट्ठे ના ત્રણ કોઠા કહી શકાય.

ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન એટલે (!) (,) (.)

શાસ્ત્રકાર પરમર્ષિઓએ અનેક રીતે ગુણસ્થાનોની વાતો કરી છે. મુગ્ધ જીવોને સરળતાથી સમજાવી શકાય તે રીતે અહીં એક વિચાર રજૂ કરું છું.

સુદેવાદિની શ્રદ્ધા, નવ તત્ત્વની જાણકારી; જિનાગમના પ્રત્યેક અક્ષર ઉપર અટંકી વિશ્વાસભાવ વગેરે વગેરે સમ્યગ્દર્શનના ચમકારાઓ છે.

આ બધાયની સાથે એક વિચાર તો અવશ્ય હોય છે કે, સંસારનું સુખ જ અતિભયાનક છે! જેને સુદેવ, સુગુરુ, સુધર્મ ઉપર પૂર્ણ શ્રધ્ધા હોય તેને સુદેવાદિએ શું કર્યું અને શું કહ્યું? એ વાતો અને વર્તન પણ અતિશય પ્રિય જ હોય ને? એમણે સુખ ત્યાગ્યું; અને સુખને જ ખરાબ કહ્યું હવે સુદેવાદિને માનનારાને સુખ ખરાબ લાગે જ ને? નવતત્ત્વની જાણકારીમાંથી પણ અંતે તો આ જ તત્ત્વજ્ઞાન નિષ્પન્ન થાય છે. 'તમેવ સચ્ચં' ના પ્રઘોષમાંથી પણ આ જ ભાવ ઘુંટાઈને બહાર નીકળે છે. એટલે જ સમ્યગ્દર્શન ગુણ તેને જ પ્રગટ થયેલો કહેવાય કે પ્રગટ થવાની તૈયારીમાં કહી શકાય જે સંસારના સુખને હવે અત્યન્ત ખરાબ માનતો હોય. હવે જ્યારે પણ કોઈ ભોગરસિક એવી વાત કરે કે, સંસારનાં ભોગસુખો ખુબ સારાં છે ત્યારે તરત એ આશ્ચર્ય વ્યકત કરતાં એ જ વાકય બોલે, 'સંસારનાં ભોગસુખો ખૂબ સારાં છે!!!.... હોય નહિ.... અસંભવ.... આમ, આવું આશ્ચર્યચિહ્ન એ સમ્યગ્દર્શન ગુણનું પ્રતીક બની રહે છે.

આ સ્થિતિમાં જે આત્મા આગળનો વિકાસ સાધે છે તે સંસારના ભોગોના ત્યાગસ્વરૂપ અણુવ્રતાદિને ગ્રહણ કરીને અબ્રહ્મસેવનાદિના કેટલાક સંસાર ઉપર ચોકી મૂકે છે. આમ સંસારનો અલ્પ ત્યાગ [વિરામ] કરવાથી પાંચમા ગુણસ્થાનનું પ્રતીક ચિહ્ન અલ્પવિરામ બને છે.

કેટલા આત્માઓ સંસારનો પૂર્ણ ત્યાગ [વિરામ] કરીને નિર્ગ્રન્થ બને છે, માટે છઠ્ઠા ગુણસ્થાનનું પ્રતીક ચિહ્ન 'પૂર્ણ વિરામ' કહી શકાય.

પણ શી રીતે વિજ્ઞાનને માથું નમાવવું ?

વિજ્ઞાને જડ સૃષ્ટિનો-અણુ પરમાણુથી માંડીને મિગમિસાઈલ જેવાં પ્રક્ષેપાસ્ત્રોનો, સ્વયંસંચાલિત રોકેટોનો, ચન્દ્રની ધરતીની માટીના સંશોધન ક્ષેત્રનો પ્રચંડ વિકાસ સાધ્યો છે એમ બહુ-સંખ્યાનો વર્ગ જણાવે છે.

પણ માનવ કેમ પાછળ પડતો જાય છે? માનવની માનવતા કેમ મરતી જાય છે? આર્ય સંસ્કૃતિનાં પ્રાણવાન તત્ત્વો એક પછી એક કેમ લુપ્ત થતાં જાય છે? શીલ અને સદાચાર પ્રત્યે સૂગ કેમ વધતી જાય છે?

લાંચરુશ્વત અને દાણચોરીનાં પાપોથી માંડીને ઉઘાડા વ્યભિચારનાં કાળાંધબ્બા પાપો કેમ ફેલાતાં જાય છે?

વિજ્ઞાને જડની દુનિયાનો વિકાસ સાધીને માનવતાનો વિનાશ સાધ્યો છે કે શું?

દુરાચાર, દેશદ્રોહિતા, દગા-ફટકા અને પ્રપંચોની ખેલાડી રમતોમાં વિકાસ સાધ્યો છે ને?

વિજ્ઞાનની વણથંભી આગેકૂચ આ જ દિશામાં થઇ રહી છે ને?

પ્રગતિવાદીઓ આ જ પ્રકારની પ્રગતિની વાતો કરે છે ને?

અમારી પ્રજાના દિલમાંથી દયા નાશ પામી કે મરવા પડી! મરતી દયાને જિવાડવા ગરીબ માતાઓ-પોતાના જન્મ પામેલા તાજા બાળકોના હાથપગ કાપી નાંખવા લાગી કે આંખો ફોડી નાંખવા લાગી!

ક્યાં એ મરતા કર્ણની સોનાનો દાંત આપી દેવાની દયા! ક્યાં એ માઘ કવિની પત્નીનું છેલ્લું સુવર્ણકંકણ દઇ દેવાની દયા! અને ક્યાં આ વિજ્ઞાનયુગની ક્રૂરતાઓ. કો'ક લક્ષાધિપતિને કે કો'ક કરોડપતિને કહો કે, 'દયાનું આ કાર્ય કરો.' વળતો જવાબ તરત જ મળી જશે; 'અમારી પાસે જે છે તે અમને જ ઓછું પડે છે ત્યાં બીજાની શી વાત કરવી?

લોગભૂખ કેટલી કારમી બની છે? આવા વિજ્ઞાનયુગને અમે શિર ઝુકાવીએ? એ શી રીતે બને?

વિજ્ઞાનની મહાન શોધ : અતૃપ્ત માનવ

વિજ્ઞાને રોકેટ શોધ્યું. નવી ક્ષિતિજો ઉઘાડી. બધું ય કર્યું પણ એ બધાય ને ટપી જાય તેવી તેણે શોધ કરી છે, અતૃપ્ત માનવની.

કદાચ એમ કહી શકાશે કે, માનવ આજના જેટલો ક્યારે પણ અતૃપ્ત ન હતો.

માનવની અતૃપ્તિએ તો માઝા મૂકી છે; ભયજનક સપાટીને પણ એ ક્યારની વટાવી ચૂકી છે. ભોગ દ્વારા તૃપ્ત થવાના નિષ્ફળ પ્રયત્નોમાં માનવે શું શું નથી કરી નાખ્યું? કયા કયા મૂલ્યોને નથી ઉથલાવી માર્યાં? કયી કયી મર્યાદાઓને એણે ફગાવી નથી દીધી એ જ પ્રશ્ન છે.

ભોગભૂખે ધમપછાડા કરતા માનવને એનું નસીબ જો યારી આપી દે તો મને લાગે છે કે એ પચાસ રૂપિયાનું પણ પાન ખાવા લાગે, સો રૂપિયાનો સાબુ વાપરતો થઈ જાય. આજનો સમય, 'એઈજ ઓફ લકઝરી એન્ડ કમ્ફર્ટ' નો ગણાય છે. હવે માત્ર રહેવા પૂરતા મકાનની જ જરૂર રહી નથી, પરન્તુ મકાનમાં ગાલીચા અને બારીના પડદાઓની ટેપેસ્ટ્રીનો પ્રશ્ન પણ એટલો જ મહત્ત્વનો બન્યો છે. પીવાના ગ્લાસની સાથે સપ્તરંગી ડિઝાઈનો પણ આવશ્યક બની છે. મકાનો શણગારાય છે અને બગીચાનાં ઝાડ–પાનની વિધવિધ આકૃતિઓની સલામતી માટે સેંકડો રૂપિયાના પગારદાર નોકરો નિભાવાય છે. ટોમી કૂતરાના પટ્ટાની પસંદગી માટે શ્રીમંતોનાં કુટુંબીજનોની 'કોન્ફરન્સ' બેસે છે.

આટલું બધું છતાં આધુનિક યુગનો માનવ તૃપ્ત થયો નથી! એ અતૃપ્તિ જ એને સમૃદ્ધો પ્રત્યે ઈર્ષ્યાળુ બનાવતી જાય છે. આગોની વચ્ચે રહેલો એ વૈભવી આત્મા શેકાઈને સુકાતો જાય છે; આ બે ય જીવનની અંતિમ પળોમાં રિબાઈને મરતો જાય છે.

જરૂર છે આજે ઘરદીઠ એકેકા તૃપ્ત માનવની! તૃપ્ત માનવની પેદાશ વિજ્ઞાનના સામર્થ્યની તદ્દન બહારની એ ચીજ છે. સંતો જ એ કરી શકે.

જિનનો ભક્ત વિજ્ઞાનના ચમકારાઓમાં શું અંજાઈ જાય ?

અર્થ શું રહ્યો છે વિજ્ઞાનની ભરપેટ પ્રશંસા કરવાની.

જેને અરિહંતની વિરાટ 'ઈમેજ'નું દર્શન ન થયું હોય એવા માણસો જ વિજ્ઞાનના પ્રશંસક બને.

લાખો સેંકડો કરોડો ડોલરો—ખર્ચીને જે સિદ્ધિઓ પ્રાપ્ત કરવા મથે છે તેને અરિહંતોએ એક જ સમયમાં કરી લીધી હતી. તેમાં એક પણ માણસનો ભોગ લીધો ન હતો; એક પણ પૈસાનો ખર્ચ કર્યો ન હતો. પરમાણુ, જીવ, આકાશ, ધર્માસ્તિકાય, વગેરે અંગેનાં ચિંતનો વિજ્ઞાને તો હમણાં છેલ્લા સ્વરૂપમાં પ્રગટ કર્યાં પણ અરિહંતે તો એ બધું—બાળકને ડોશીમા વાર્તા કહેતાં હોય એવી સાહજિકતાથી પોતાના અનુયાયીને જણાવી દીધું હતું. જેમાંનું આજે ય કેટલુંક વિજ્ઞાનના ગ્રંથોમાં જોવા મળે છે.

વળી, વિજ્ઞાનની દુનિયા તો સેંકડો કાવાદાવાના રાજકારણથી હવે તો ખરડાઈ ચૂકી છે. એની વાતમાં ભરોસો ય કેમ મુકાય ?

અરિહંતની વિરાટ 'ઈમેજ'ને જો તમે ઓળખી લેશો તો મને ખાતરી છે કે, આજના કહેવાતા સ્કોલરો, લેક્ચરરો, પ્રોફેસરો અને વૈજ્ઞાનિકોની વાતોમાં તમે કદી અંજામણ નહિ અનુભવો. એટલું જ નહિ પણ, એમની 'થીઅરી' લઈને ફરનારા પશ્ચિમપરસ્ત લોકોના હૈયામાં પણ અરિહંતને પધરાવી શકવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી લેશો.

દુનિયા ગમે તે રસ્તે આંધળુકિયાં કરીને દોડે, કેમકે એને અરિહંત મળ્યા નથી; પણ અરિહંતના અનુયાયીની તો એ દશા ન જ હોવી ઘટે.

સર્વત્ર વિશ્વાસે જ વહાણ ચાલે છે ને ?

"ધર્મશાસ્ત્રો ઉપર વિશ્વાસ મૂકો." એ વાક્ય સાંભળતાં જે વિજ્ઞાનપરસ્તોનું માથું ફરી જાય છે અને જેઓ બંડખોરની અદાથી સાફ સાફ સુણાવી દે છે કે, "વિશ્વાસમાં અમે માનતા જ નથી, તર્કથી દરેક વસ્તુ સાબિત થાય તો જ માનીએ."—આ જ તર્ક પ્રેમીઓનું ઘણું ખરું જીવનનાવ વિશ્વાસનાં હલેસાંએ જ હંકારાતું હોય છે.

પણ માથું ફેરવીને વાત કરવા ટેવાયેલા એ લોકોને આ વાત કોણ સમજાવે ?

ડૉક્ટર ઉપરના વિશ્વાસ સાથે જ એ લોકો "પોઇઝન" લખેલી દવા ટપ કરીને મોંમાં મૂકી દેતા હશે ને ? કોઈ "ઝેરી દવા" લેવા અંગે કોઈ તાર્કિક ચર્ચા કરતા હશે શું ?

સેંકડો રેલ્વે-એક્સીડન્ટ થઇ ગયા તો ય એ રેલ્વેમાં બેસીને જનારા એ ક્રોડો બિરાદરો પાસે જીવનના વિશ્વાસનું તત્ત્વજ્ઞાન છે કે કોઈ તર્ક છે ?

ઘણાં પ્લેઇનો આકાશમાં ઊભાં ને ઊભાં સળગી ગયાં તો ય પ્લેઇનની મુસાફરી કરનારા પાસે, "સળગી નહિ જવાના" વિશ્વાસ સિવાય, તર્કની કયી મૂડી છે એ અમારે જાણવું છે

લોટરીના જુગારમાં જોડાતા લાખો લોકો પાસે ઇનામ લાગી જવાના વિશ્વાસ વિના બીજું કયું બળ હસ્તી ધરાવે છે એ તો કહો !

લગ્ન કરતી કયી સ્ત્રી પાસે પોતાના સૌભાગ્યની અખંડિતતાના વિષયમાં તર્ક લગાડેલો હોય છે ?

ન માનવું હોય તો ધર્મતત્ત્વ ન માનો. પણ, "તર્ક વિના નહિ જ માનીએ" એવું કહેવાનો તર્ક વિના વિશ્વાસ માત્ર ઉપર જીવનનું નાવ હંકારનારાઓને શો અધિકાર છે ?

આ તે કેવી ઘેલી વિજ્ઞાન-શ્રદ્ધા ?

અરે ! વૈજ્ઞાનિકો ખુદ કહે છે કે, "અમે સદા સત્ય જ જાહેર કરીએ છીએ એવું કદી કોઈ માનશો નહિ." અજ્ઞાનતાની અમારી નદીનો પ્રવાહ સતત બદલાતો રહે છે. અમારે હવે સત્યની જાહેરાત કરવાની માંડવાળ કરી દેવી જોઈએ. કેમકે આગળ વધી ગયા પછી અમે પાછા અમારા મૂળ સ્થાને આવીને ઊભા રહીએ છીએ. અમારું સત્ય તો સાપેક્ષ સત્ય છે; પૂર્ણ સત્ય તો સર્વજ્ઞ જ પામી શકે. આજ સુધીમાં અમે જેટલા સત્યો પ્રગટ કર્યાં એ બધા અમારી કલ્પનાના તરંગો હતા અને બધા ય અનિશ્ચિતતાનો ભોગ બન્યા છે. ઓગણીસમી સદીનાં ઘણાખરા અમારાં સત્યો આજે તો બરફની જેમ ઓગળીને સાફ થઈ ગયાં.

મીસ્ટીરીઅસ યુનિવર્સ, ફિઝિક્સ એન્ડ ફિલોસોફી, આઈબીડ, વગેરે પુસ્તકોમાં ઉપરોક્ત વિધાનો જોવા મળશે.

વૈજ્ઞાનિકો પોતે જ જ્યારે પોતાની આ વિચિત્ર જ્ઞાન-દશાનો એકરાર કરતા હોય તો પણ તેમનાં વિધાનોને પૂર્ણ સત્ય માનવાનો આગ્રહ રાખવો એ તો કેટલી વિચિત્ર, કેવી ઘેલછાભરી શ્રદ્ધા છે ?

જો તમારી બુદ્ધિ પૂર્ણ નથી તો એનાં શોધેલાં સત્યોને પૂર્ણ માનવા શી રીતે અમારાથી તૈયાર થઈ જવાય ?

શ્રદ્ધામાં ન માનનારાઓ જ આવી શ્રદ્ધાને પંપાળે છે એના જેવું ફારસ બીજું કયું જોવા મળશે ?

બીજાઓને અંધશ્રદ્ધાળુ કહેનારા વિજ્ઞાનપરસ્તો પોતે જ ખરેખર અંધશ્રદ્ધાળુ નથી ? પણ મિયાંજીની ભેંસને ડોબું કહેવું શી રીતે ?

ઓ વિજ્ઞાનપ્રેમીઓ ! થોડું સમજો. શાણા બનો અને એ વિજ્ઞાનપરસ્તીને વેગળી મૂકો.

સ્વર્ગ નથી ! શા માટે ? વૈજ્ઞાનિકો ના કહે એ માટે !

વૈજ્ઞાનિકો [illegible] ન માને માટે આપણે પણ ન માનીએ એ તો કેવો વિચિત્ર અભિગમ ગણાય.

વૈજ્ઞાનિકોની તો આખી વાત જ જુદી છે. એ બધી વાત તમે જાણો તો આવો અભિગમ અપનાવવાની વાત [illegible] માટે માંડવાળ જ કરી દો.

વૈજ્ઞાનિકો આકાશમાંથી પડતી ઉલ્કાને પણ માનતા ન હતા. ઈ. સ. ૧૮૦૩ ની સાલથી જ એમણે એનું અસ્તિત્વ સ્વીકાર્યું છે.

આત્માના પૂર્વજન્મ અને પુનર્જન્મની વાતની તો એમણે પુષ્કળ હાંસી ઉડાવી હતી. વળી, એમાં બાઈબલના પણ એમને સાથ મળ્યો હતો.

પણ હવે વૈજ્ઞાનિકો જ એ વાતને સત્ય માનવા લાગ્યા છે.

રે ! આત્મા જેવા તત્ત્વના અસ્તિત્વ માટે પણ એવો ઉહાપોહ શરૂ થઈ ગયો છે, જે ક્યારે ય ન હતો.

'એટમ'ને એમણે 'અચ્છેદ્ય' જાહેર કર્યો હતો તે વખતે જ જૈન શાસ્ત્રોનાં પ્રાચીનતમ વિધાનો એની સામે ટકરાયા હતા અને એ વાતનો અસ્વીકાર કર્યો હતો. હવે તો સહુ જાણે છે કે એટમ પણ છેદાઈ ગયો છે.

જો વૈજ્ઞાનિકોની આ જ પરિસ્થિતિ છે તો તેમની કોઈ પણ વાતને અંતિમ સત્ય તરીકે માની લઈને દરેક વિધાનને એમના વિધાનના કાંટા ઉપર તોલવાનો વિચાર કેટલો હાસ્યાસ્પદ છે ? સતત પરિવર્તનશીલ વિજ્ઞાને સ્વર્ગનો ઇન્કાર કર્યો એટલે કંઈ એ વાતને મત્તુ મારી દેવાય નહિ. અને "સ્વર્ગ નથી" એમ કહેવાનું મહા દુઃસાહસ કદાપિ થઈ શકે નહિ.

સ્વર્ગલોક નથી ? શા માટે ? દેખાતો નથી માટે ?

શાસ્ત્રકારોએ એક મતે સ્વર્ગલોકની એક દુનિયાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. છતાં ય ભૂલોમાંથરોથી બૂમ ઊઠી છે, "સ્વર્ગ જેવી કોઈ દુનિયા જ નથી, એ તો માત્ર રોચક કલ્પના છે."

આવું કહેનારને આપણે પૂછી શકીએ કે "સ્વર્ગ છે" એવું સર્વજ્ઞો અને અરિહંતોનું અવિરુદ્ધ સત્ય શાસ્ત્રના પાને ટંકાયું હોવા છતાં, "સ્વર્ગ નથી" એવું ખંડખોર વિધાન કરવાનું કારણ શું ?

જવાબ મળે છે. "સ્વર્ગલોક દેખાતો નથી માટે નથી; જો હોત તો જરૂર દેખાત."

ભલે. આ તર્ક ઉપરથી એ વાત ફલિત થઈ કે ચીજ દેખાય તેને જ એ લોકો માનવા માંગે છે. ન દેખાતી કોઈ પણ ચીજનું અસ્તિત્વ તેમને કબૂલ નથી. તો હવે મને જવાબ દો કે :—

ધરી ઉપર ફરતી ધરતી તમે જોઈ છે ?

એપોલોની અવકાશયાત્રા તમારી આંખે તમે જોઈ છે ?

તમારા દાદાના દાદાઓને તમે જોયા છે ?

તમારી બુદ્ધિને તમે જોઈ છે ?

પેટના દુઃખાવાનું તમે ક્યારે ય કોઈ પણ એક ઇન્દ્રિયથી દર્શન કર્યું છે ?

આફ્રિકાનાં જંગલની કીડીઓનું ઊંદર જેવડું કદ તમે જોઈને બોલો છો ?

ન દેખાતું છતાં કદાચ બીજાનું દેખેલું પણ બીજું બધું માનવું હોય તો "સ્વર્ગલોક પણ નથી દેખાતો માટે નથી માનવો ?" એ તર્ક તો સાવ જ નિરાધાર સાબિત થઈ જાય છે હો ! સ્વર્ગાદિનો સાક્ષાત્કાર સર્વજ્ઞો વગેરેએ કરેલો છે. માટે એમના વિશ્વાસે આપણે ય તેને માનવાં જ જોઈએ.

વિજ્ઞાનમાં શંકાથી અને ધર્મમાં શ્રદ્ધાથી; સિદ્ધિ

પ્રયોગશાળાના ટેબલ ઉપર બેઠેલો વૈજ્ઞાનિક પળે પળે શંકા કરે છે, 'આ આમ કેમ ? આમ શાથી ? How ? Why ?' અને યોગ્ય સમાધાન મેળવે છે. ફરી શંકા; ફરી સમાધાન.... એ રીતે પ્રયોગની સિદ્ધિ પામે છે.

પણ ધર્મની બાબતમાં આ નીતિ સર્વથા ખતરનાક છે. ધર્મના ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવી હોય તો શ્રદ્ધા રાખીને જ આગળ વધો. હા, તમારે શંકાઓ કરવી જ હોય તો ધર્મના પ્રકાશક પરમાત્માના વિષયમાં હજી પણ તે ચાલશે. તમે જરૂર પૂછી લો કે મહાવીર એ પરમાત્મા શાથી ? એમણે મત ચલાવવા માટે જ આ ધર્મ સ્થાપ્યો નથી શું ? એમણે ય જૂઠ તો નહિ ચલાવ્યું હોય ને? એમનામાં રાગ-દ્વેષ હતા કે નહિ ? ઈત્યાદિ.

પછી જો આ બધી શંકાઓ દૂર કરી દેવામાં આવે અને મહાવીરને સાચા પરમાત્મા તરીકે–વીતરાગ, સર્વજ્ઞ અને સત્યવક્તા તરીકે–સાબિત કરી દેવામાં આવે તો તેમણે કહેલાં જીવ, અજીવ, આશ્રવ આદિ તત્ત્વોની બાબતમાં એક પણ શંકા કરી શકાશે નહિ. જીવ છે કે નહિ ? બટાટામાં અનંતાનંત જીવો શી રીતે હોઈ શકે ? નારક, નિગોદની ગતિઓને કેમ માની લેવાય ઇત્યાદિ શંકા કરશો જ મા !

જો તમને તત્વ પ્રકાશક મહાવીરદેવ ઉપર વિશ્વાસ જામી જાય તો તેમણે કહેલી તમામ વાતોને તમે આંખ મીંચીને કે સ્વીકારી ન લો ?

જો ડૉકટર ઉપર તમને હિતૈષી તરીકેનો પૂર્ણ વિશ્વાસ બેસી જાય છે તે ડૉકટરની દવાની બાટલી ઉપર ભલેને Poison નું લેબલ લગાડ્યું હોય તો ય તેની ઉપર તમને કદી અવિશ્વાસ જાગ્યો છે ? શું તમે આંખ મીંચીને એ દવા લઈ લેતા નથી ?

[જુઓ પાનું ૧૬૯]

પરમાત્માએ પ્રકાશેલો પ્રત્યેક અક્ષર ત્રિકાલાબાધિત સત્ય છે એની સાબિતી

અઢી અઢી હજાર વર્ષનાં વહાણાં વાઇ ગયાં; યુગો, દસકાઓ અને સૈકાઓ ચાલ્યા ગયા; પ્રભુ મહાવીરના નિર્વાણ પછી. આજે પણ એનું શાસન જયવંતુ વર્તે છે. સેંકડો રાજાઓ અને રાજકુમારોએ, હજારો શ્રેષ્ઠીઓ અને શ્રેષ્ઠીપુત્રોએ વીરના નામ ઉપર સંસારના માયોપમ સુખને એક પળમાં લાત મારી દીધી! લાખો બુદ્ધિમાનોએ એમના શાસનની સેવા કાજે સ્વૈચ્છિક રીતે ભેખ લીધો! લાખો સ્ત્રીઓએ પ્રભુશાસનને પોતાનું જીવન સમર્પી દીધું. લક્ષ્મીપતિઓએ અબજો રૂપિયાની લક્ષ્મી એ શાસનને સોંપી. બળવંતાએ પોતાનું બળ અર્પ્યું, ધીમાનોએ પોતાની બુદ્ધિ સમર્પી. શું આજે ય?

હા, આજે ય શહાદત, બલિદાન અને સમર્પણના એ જ પવિત્ર પ્રવાહો અવિચ્છિન્નપણે વહી રહ્યા છે. ૨૧ હજાર વર્ષ સુધી વહ્યા જ કરશે. આ જ એ પરમાત્માનાં પ્રકાશિત સત્યોની સત્યતાની સાબિતી નથી શું? નથી રમાયો અહીં કોઈ દગો! નથી કોઈ અહીં દ્રોહ! નથી કોઈ 'પરતાયા' નો પાછળથી પડતો પડઘો! નથી કોઈ સ્વાર્થી પ્રપંચી રાજકારણ! કોટિશઃ વંદન એ વંદનીયના શાસકને!

[૧૯૯ મા પાનાનું ચાલુ]

'એ હૃ ચાર' નો એકડીઆનો પાઠ શીખતાં શંકા કરી હોત તો શિક્ષક લપડાક મારત અને માત્ર ગોખવાનું જ કહેત, 'આગળ ઉપર આપમેળે સમજાઈ જશે' એમ પણ કહી દેત. અનેક અકસ્માતોની યાદ આપવા છતાં જે લોકો પ્લેન, ટ્રેઈન, સ્ટીમર, વગેરેમાં બેસે છે ત્યાં કોઈ તર્ક કામ કરે છે કે અટંકી વિશ્વાસ! કશું ય ખરાબ નહિ જ થાય એવી શ્રદ્ધા! હજારો લોકોને પીણાં પીવાથી ઝાડા-ઊલટી થયાની જાણકારીવાળો શ્રદ્ધાથી જ પીણું ગટગટાવી જાય છે ને? અમુક પુરુષને શ્રદ્ધાથી જ પોતાના પિતા માનનારો માણસ અમારી પાસે આવીને માથું ઊચકીને કહે કે, "હું તર્ક વિના કશું ય માનવા તૈયાર નથી." એ કેટલી દુઃખદ બાબત છે?

theory in practice and vices out of picture

તીર્થંકર ભગવંતોએ તો વગર લેબોરેટરીએ અને વગર કાચની પ્યાલીએ....કશાય સાધન વિના—સમગ્ર બ્રહ્માણ્ડનું દર્શન કરી લઈને કેવી કમાલ કરી નાખી છે! એટલું જ નહિ પણ, સમગ્ર વિશ્વદર્શનમાંથી જે વિશ્વવિજ્ઞાન નક્કી કરીને પોતાના ગણધરોને આપી દીધું એ ય ઓછો ગજબનાક તરખાટ મચાવ્યો છે!

આથી ય વધુ આશ્ચર્યજનક તો એ કામ કર્યું કે સર્વજીવમૈત્રી વગેરેના તમામ સિદ્ધાન્તોને સાવ વ્યવહારુ બનાવી દીધા! જીવનના ક્રિયાત્મક માર્ગો જ એવા નિરુપ્યા કે તેમાં એ સિદ્ધાન્ત આપમેળે ઊતરી જ ગયા હોય. જુઓને બ્રહ્મચર્યપાલનનો સિદ્ધાંત ઉદ્ભટવેષનો પરિત્યાગ કરવાના આચારમાર્ગમાં આપમેળે ઊતરી નથી જતો શું?

તપધર્મથી ચિત્તશુદ્ધિનો સિદ્ધાન્ત રાત્રિભોજનત્યાગાદિના વ્યવહારુ જીવનમાં ઊતરી જ ગયો છે ને?

પારતન્ત્ર્યની આવશ્યકતાનો સિદ્ધાન્ત ગુરુશિષ્યભાવમાં ઓતપ્રોત થઈ જ ગયો છે ને?

સાધુનો દેશદેશાન્તર પગપાળા વિહાર એ સર્વજનહિતના સિદ્ધાન્તનું જ મૂર્તિમાન સ્વરૂપ છે ને!

કોઈને ત્યાં જઈને ભોજન નહિ કરવાનો સાધુનો આચારમાર્ગ તો કેટલા બધા સિધ્ધાન્તોનો જીવંત પરિપાક છે!

સિધ્ધાન્તોને વ્યવહારુ બનાવી દઈને અરિહંત પરમાત્માએ તો જીવનમાંથી અનેક પાપોને સહજ રીતે દૂર કરી નાખ્યાં છે.

અરિહંતના આવા વિશટતમ વ્યકિતત્વને આપણા કોટાન કોટિ વંદન.

કદી કતલ કરશો મા એ ગુઢતમ સિદ્ધાન્તોને વણી લેતા ક્રિયા માર્ગને!

સબૂર! ખડીઆ વિના શાહી રહી શકતી જ નથી. ક્રિયા વિના ભાવનાં જતન થઈ શકતાં જ નથી. રખે ચેડાં કરતા ક્રિયામાર્ગ સાથે.

ભગવાન મહાવીરમાં શ્રદ્ધાવાળાને પરલોકાદિમાં કેમ અશ્રદ્ધા થઈ છે?

કેટલાક કહેવાતા ભણેલાઓ મારી પાસે આવે છે ત્યારે પરલોક, આત્મા, નિગોદ, મોક્ષ, વગેરેના અસ્તિત્વની બાબતમાં ખૂબ શંકા વ્યક્ત કરે છે. એ લોકો એમ જરૂર કહે છે કે, "ભગવાન મહાવીરે ન્યાય, નીતિની જે વાતો કરી છે તે તો ખૂબ ગમે છે પણ મોક્ષ–બોક્ષ (!)ની વાતો અમારા મગજમાં બેસતી નથી!"

ઠીક છે....આવા લોકોને થોડી ડિગ્રી મળી ગઈ હોય. અંગ્રેજીમાં જરાક ગીટ–પીટ કરતાં આવડી ગયું હોય, કપડાં એકદમ ગીઝીયનનાં વાઘા પહેર્યાં હોય એટલે લોકો અંજાઈ જાય તે સંભવિત છે. પરન્તુ મારા જેવાને તો આવા અવિનયી, ઉદ્ધત અને ઉચ્છૃંખલ માણસો પ્રત્યે સદ્ભાવ પણ જાગતો નથી.

ફાવે તેમ બોલવું. વિચાર્યા વિના બોલવું. પ્રયોગ કર્યા વિના પૃથ્વી માપવું, મણિયાળનો કાંટો જોતા જોતા પૂછવું, એ શું મોક્ષને સમજવાની સારી અભિરુચિનું લક્ષણ છે? તીવ્ર જિજ્ઞાસા અને વિવેકવિહોણાઓ સાથે આવી વાતો પણ કેમ કરાય?

હું તો એમને પહેલો જ પ્રશ્ન એ કરું છું કે, "તમને લોકોને ૨૬૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીર થયા છે એ વાતમાં શ્રદ્ધા છે કે નહિ? જો ત્યાં જ વાંધો હોય તો એમણે કહેલી મોક્ષાદિની વાતોની શંકા કરવાનું કામ જ શું છે?

બાપને પણ બાપ માનવામાં શંકા વ્યક્ત કરતાં ભણેલા (કે બગડેલા?) માણસો સાથે મહાવીર પરમાત્માની આધ્યાત્મિક વાતો કરનાર પણ પાગલ ઠરે છે એ વાત મારા ધ્યાન બહાર નથી.

કદાગ્રહી માણસ સાથે ચર્ચામાં ઊતરવું એ પરાર્થ નથી; પાપ છે.

મહોપાધ્યાયજીએ એને કૂતરીના શરીરે કસ્તૂરિકાનો લેપ કરવા જેવી બેવકૂફી કહી છે.

[illegible] જ [illegible]

જ કારણ બન્યો છે. પરમાત્મા ત્રિકાળદર્શી બન્યા
જીવના અનંતાના અનંત જન્મો જોયા. એમાં
જોયાં સર્વ જીવોના અનંત જન્મોમાં જેણે જેણે [illegible]
આચરણ કર્યું તે બધા જ ભાવીકાળમાં સુખ[illegible]
હિંસાદિનું સેવન કર્યું તે બધા જ તેના ફળરૂપે દુઃખી થયા.

સુખ આપે તે પુણ્ય કહેવાય; ધર્મ કહેવાય.

દુઃખ આપે તે પાપ કહેવાય; અધર્મ કહેવાય.

માટે જ સુખ આપનારા અહિંસાદિને ધર્મ કહ્યો, પુણ્ય કહ્યું. અને દુઃખ દેતા હિંસાદિને અધર્મ કહ્યો, પાપ કહ્યું.

કેવું વ્યવસ્થિત દર્શન ! કેટલું સ્પષ્ટ ગણિત !

પાપ અને પુણ્યની રેચક અને રોચક વાતો

કેટલાક ભોગરસિક બુદ્ધિજીવીઓ ધર્મ પ્રત્યે અકળાઈ જાય છે ત્યારે નવી જાતનો એક ગણગણાટ હવામાં પ્રસરાવે છે. ધર્મી જનોની ધર્મ ભાવનાને ધક્કો મારવા માટે તેઓ કહે છે કે, 'હિંસા, જૂઠ, દુરાચાર, અનીતિ, પ્રપંચો, વગેરે કરવાથી દુર્ગતિમાં જવાની અને ત્યાં ભયાનક દુઃખો પામવાની જે કાંઈ શાસ્ત્રની વાતો છે એ બધી વાતો લોકોને ભડકાવી મારવા માટે જ છે. ધર્મગુરુઓ આવા ભય પમાડવામાં બહુ એક્કા હોય છે. પણ આવી રેચક વાતોની જરા ય ગભરામણ ન રાખીએ, કેમકે પરલોક વગેરે બધું જ ગપ્પ છે.

'અમુક વસ્તુઓથી હટાવવા માટે જેમ રેચક વાતોનો આશ્રય લેવામાં આવે છે તેમ દયા, નીતિ, સદાચાર, વગેરેનાં જીવનમાં બંધનો લાદવા માટે પુણ્યની રોચક વાતો પણ કરવામાં આવે છે. દયા વગેરેથી સ્વર્ગાદિ મળે, શ્રીમંતાઈ મળે, આરોગ્ય અને મોક્ષ મળે. આવી આવી કેટલી ય લાલચો દેવામાં આવે છે!'

ભોગરસિક આત્માઓનું આ વિધાન કેટલું ભયાનક છે?

એમને ખબર નથી કે જે તીર્થંકર ભગવંતોએ આ રેચક-રોચક વાતો કરી છે તેઓ સાચે જ વીતરાગ હતા અને સર્વજ્ઞ હતા. એમનું સમગ્ર જીવન અને એમનો બોધ આ વાતની પૂરેપૂરી ખાતરી આપે છે. તમે એ જીવન જુઓ અને એ બોધ પામો તો તમને જ સ્પષ્ટ રીતે સમજાશે કે એ મહાપુરુષને મત કે મમત ન હતા, વાદ કે સંપ્રદાયના રાગ ન હતા. કાંઈ જ ન હતું!

તો પછી ભડકાવાની કે લાલચો દેવાની વાત જ ક્યાં રહી? એમણે ત્રિકાળદર્શી આયનામાં જે જોયું તે જ કહ્યું. દયાદિના પરિણામે સ્વર્ગાદિ જોયાં, ક્રૂરતા આદિના પરિણામે નરકાદિ જોયાં માટે જ કહ્યાં. આ નરી વાસ્તવદર્શી ભૂમિકાને કેમ અવગણી શકાય?

ભગવાન તો રાગદ્વેષ વિનાના જ હોય.

જેને આપણે પરમ આત્મા-પરમાત્મા-તરીકે સ્વીકારીએ તેઓ રાગ દ્વેષવાળા હોય એ વાત કોઈને પણ કદાપિ મંજૂર હોઈ શકે ખરી ?

ભગવાન અને તે રાગ, દ્વેષવાળા ! અસંભવ ! તો તો પછી આપણેય શામ માટે ભગવાન નહિ ?

મને તો લાગે છે કે અજૈન ધર્મીઓ પણ પોતાના ભગવાનને રાગ, દ્વેષવાળા તરીકે ન જ સ્વીકારે.

કોઈ રાગદ્વેષની એમની ક્રિયાને 'લીલા' કહીને એમનામાં વીતરાગતા સ્થાપિત કરવાનું પણ મને તો ઠીક લાગતું નથી. જો એમ થશે તો એ ધર્મના લોકો પણ રાગદ્વેષને ખતમ કરવાની ભાવનાને મોળી બનાવી દેશે. એમને ય પોતાની એવી ક્રિયા ઉપર 'લીલા' કહેવાનું દિલ થશે.

પુરાણ વગેરેમાં કેટલેક ઠેકાણે ભગવાનની રાગ-દ્વેષની પ્રવૃત્તિઓના વર્ણનો આવે છે. એ વર્ણનો અત્યન્ત અશ્લિલ હોય છે. એને 'લીલા' કહેવા કરતાં તો, 'પાછળથી કરવામાં આવેલી શાબ્દિક ઘૂસણખોરી' કહીને રદબાતલ કરવા સારા. કે જેથી ભગવાનનું રાગદ્વેષ વિનાનું સ્વરૂપ ખૂબ સારી રીતે જળવાઈ રહે.

સહુ એક અવાજે કહે, "ભગવાન તો રાગાદિથી મુક્ત જ એમની રાગાદિયુક્તતાની વાતો શાસ્ત્રમાં ઘુસાડેલી હોવી જોઈએ.

આટલું થાય તો એ કારણે જીવનમાં પેસતી કેટલીક શિથિલતાઓ સત્વર દૂર થઈ જાય.

રાગાદિને સારી માને તે હેવાન, ભૂંડા માને તે ઈન્સાન, સર્વથા ખતમ કરે તે જ ભગવાન.

ગૃહત્યાગ, અગાર મટીને અણગાર બન્યા

[illegible] આગારમાંથી અણગારમાં પ્રવેશ.

કેવું અદ્ભુત [illegible] વિતરાગી ! [illegible] માતપિતાના [illegible]

[illegible] કેમ કર્યું ? [illegible] કેમ ન કર્યું ? [illegible]

[illegible] વિતરાગી [illegible] હોઈ શકે છે. [illegible] વિરાગી જ [illegible] હોઈ શકે છે. [illegible] વિરાગીમાં વિરાગીને જ [illegible] ક્યાં ? [illegible] ક્યાં ? [illegible] ક્યાં ? [illegible] જ ક્યાં ? જો ઘર નથી તો નથી તેને પૈસા, સ્ત્રી, માતપિતા [illegible] નથી જ.

આવી જ રીતે ઘર વિનાના [illegible] તે, ભગવાન વિનાના [illegible] જ ગયા [illegible] આવી જ [illegible] અગાર મટીને અણગાર [illegible] વાત કરી. કેવી અદ્ભુત વાત છે ? કેવું અનુપમ [illegible] છે ?

[illegible] ઘર 'ઘર' જ છે. [illegible] ઘર જ છે. ઘર મૂકે...પણ [illegible] નથી.

(પેઇજ ૨૦૯ થી ચાલુ)

સબૂર....ઘર મૂકવા માત્રથી નહિ ચાલે. જે મૂકો તેના કરતાં લાખગણું સુંદર પછીથી કદાચ મળતું હોય તેને ફેંકી દેવાની પૂર્ણ તાકાત હોવી જ જોઇએ. તો જ એ સાચો સંત કહેવાશે.

દળાણું દળે મા અને લીટ ભરે ભૂલકાં

લગાતાર ૧૨ાા વર્ષ સુધી ઘોર અને ઉગ્ર સાધનાના
ર પંથે શ્રમણ ભગવાન મહાવીર ચાલ્યા. શૂળીએ ચડ્યા.
ોમાં ઊતર્યા. અગ્નિએ ધખ્યા અને દેવોએ ખૂણ પીડ્યા.
ાવામાં શું બાકી રહ્યું એ જ પ્રશ્ન છે.

વૈ. શુ. ૧૦ મનો દિવસ આવી ગયો. ભગવાન વીતરાગ
યા, સર્વજ્ઞ બન્યા, જગદુદ્ધારક બન્યા, જગત્પૂજ્ય બન્યા.

જેને વીતરાગ–સર્વજ્ઞ બનવું હોય તેણે રાગદ્વેષને ખતમ
વાની સાધના કરવી રહી.

પણ આવી ઘોર અને ઉગ્ર સાધના શી રીતે કરવી ?
ની પ્રચંડ તાકાત લાવવી ક્યાંથી ? આવો એક પ્રશ્ન ઊભો
ય છે. આ રહ્યો તેનો ઉત્તર.

તમારે એવી સાધના જેટલું બળ ઊભું કરવું હોય તો
ા સાધનાના પારગામીઓને નમો. અંતરથી નમો; પૂરા
ાવ સાથે નમો; સંસારની અસારતાને કબૂલ્યા વિના સાચો
મસ્કાર શક્ય જ નથી માટે એ અસારતાને ભાવપૂર્વક
વીકારી લો.

બસ.... તમે નમો. આખાય યોગશાસ્ત્રનો ઘૂઘવતો વિરાટ
ાગર એના પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ – ' નમો ' માં
માઈ જાય છે. ' નમો ' વિના યોગ જ નથી. સાચા નમસ્કારમાં
ો ઉગ્ર તાકાત પડેલી છે. જો તમે એને પામી જશો તો કદાચ
એ ઘોર સાધના વિના જ સિદ્ધપદ પ્રાપ્ત કરી લેશો.

' દળાણું ' દળ્યું માએ ! અને ભૂલકાં પેટ 'ભરે' તે આનું
જ નામ ! જેને નમવા માત્રથી જીવાત્માનાં કર્મોના ભુક્કા
ઊડી જાય એ વીતરાગોની આત્મ–શુદ્ધિમાં કેવી પ્રચંડ
તાકાત હશે ?

વીર ! મધુરી વાણી તાહરી

માલકૌસ રાગમાં, મેઘગંભીર ઘોષથી તીર્થંકર પરમાત્મા જે દેશના દેતા હશે એ કેટલી મધુર હશે ! એમાં કેટલો અમીરસ વહેતો હશે ? એની તો કલ્પના પણ મુશ્કેલ છે.

શેઠાણીએ ૮૦ વર્ષની ડોશીને વહેલી સવારે લાકડાં લેવા જંગલમાં મોકલી. એક વાર લાકડાં લઈ આવી પણ તે તો ઘણાં ઓછાં પડયા એટલે શેઠાણીએ તાડૂકી ઊઠીને ડોશીને કહ્યું, "આટલા લાકડાં તો તને મસાણમાં બાળવામાં ય ઓછા પડે... જા, હમણાં ને હમણા ફરી લઈ આવ."

થાકેલી, ભૂખી અને તરસી ડોશી ફરી જંગલમાં ગઈ. ભારો તૈયાર કરીને માથે ઊંચકયો. રસ્તામાં એક લાકડું ધરતી ઉપર પડ્યું. બાજુમાં જ દેવાધિદેવ પરમાત્મા મહાવીર દેશના આપી રહ્યા હતા. ડોશીએ પડેલું લાકડું લેવા હાથ નીચે વાળ્યો. બીજા હાથે માથાનો ભારો ટેકવ્યો ત્યાં જ એ અમીરસ કાનમાં પડ્યો.... બસ.... એની એ જ સ્થિતિમાં ડોશી સ્થિર થઈ ! એ મધુરવાણી સાંભળતી જ રહી.

મોનાલીસાના વિશ્વવિખ્યાત ચિત્રમાં તો મોહને જ ઉત્પન્ન કરવાની શકિત પડી છે.

કોઈ ચિત્રકાર ડોશીની આ અવસ્થાનું ચિત્ર દોરે તો ? એ ચિત્ર જોતાં જ વીરવાણીની મધુરપનો સહુને સાક્ષાત્કાર થઈ જાય ! સહુના શિર એને નમી જાય ! મોહના સામ્રાજ્યના કૂરચા ઊડવા લાગે !

કેવું હશે એ માધુર્ય વાણીનું ? કલ્પનાતીત વાત છે ત્યાં કલ્પના ય શું કરવી ?

અનંત અનંત વંદન હો એ વાણીને.

[૪]

યોગની સાધના

બળતા બપોરે ય લીમડો લીલોછમ !
ભગવદ્ભક્તિનું રહસ્ય

દર વર્ષે ઉનાળો આવે છે. ધોમ ધખે છે. ને તાપ કે આકાશમાંથી આગ વરસે છે તો ય...

કેટલાય વડલા અને કેટલાય લીમડા તોયે લીલાછમ રહે છે ! ક્યારે ય સુકાતા નથી.

શાથી વારુ ? આની પાછળ રહસ્ય શું હશે ?

એ જ કે એના મૂળિયાં ધરતીના પેટાળમાં વહી જ ઝરણાંઓને સ્પર્શીને રહેલા છે. એ ઝરણાંની શીતળતામાં જ એ મસ્તાનિયતનું રહસ્ય છુપાએલું છે.

માનવમાત્રનાં જીવન સંસારના તાપથી શેકાઇ નથી ર શું ? હૈયાના સંતાપોનો કોઇ આરોવારોય ક્યાં દેખાય ? દગા, ફટકા, અને પ્રપંચોની લૂ તો એના જીવનની રોજબરોજ ઘટના બની ગઇ છે.

પેલા વડલા મોજથી જીવી શકે તો આ માનવવડલો મોજથી જીવી ન શકે ? આગ વરસાવતા દુર્ભાગ્યના ગગન ઊભા રહીનેસ્તો ?

હા.... એ માનવનો આત્મા કોઈ ઝરણાની શીતળ સદા સ્પર્શી રહે તો એ ય જરૂર મોજમાં રહી શકે.

એ ઝરણું છે ભગવદ્ભક્તિનું........ તમે ભગવદ્ભક્તિમાં ઓળઘોળ બની રહો. પછી આફતોની અગનવર્ષા તમને જરા ય દઝાડી નહિ શકે....તમે એની વચ્ચે અડોલ બનીને ઊભા રહેશો; અલબેલું સ્મિત કરવાની કળા હાંસલ કરી લેશો.

ઓ ! અભાગીઆ માનવ ! તારા સેંકડો, દુર્ભાગ્યોમાં આ પરમ સદ્ભાગ્ય છુપાયેલું છેઃ ભક્તિના ઝરણાની શીતળતાને સ્પર્શી લેવાનું. હવે વિલંબ કર મા.

જૈન શાસ્ત્રકારો કહે છે કે જગત્પૂજ્ય અરિહંત તીર્થંકર ભગવંતો પોતે તો આપણને પવિત્ર કરે છે એટલું જ નહિ, તેમનું નામ, તેમની પ્રતિમા અને તેમનું [illegible] પણ આપણને પવિત્ર [illegible] કરવાનું તેમનામાં [illegible] આત્માઓને [illegible] કરવાનું સામર્થ્ય [illegible] છે.

તમને પ્રશ્ન થશે કે તો પછી આપણે તેમના નામ, પ્રતિમા લઈએ આજ સુધી કેમ પવિત્ર થઈ શકતા નથી? સર્વને પવિત્ર કરવાની તેમની તાકાત શું આપણી બાબતમાં નિષ્ફળ ગઈ છે?

તેનો ઉત્તર એ છે કે, ભાઈ, તમે પવિત્ર ન બન્યા હો તો એ તાકાત તો તેમની છે જ. પણ એટલી જ છે કે વસ્તુ [illegible] પોતાનું કાર્ય [illegible] કરવા [illegible] અપેક્ષા રાખે છે.

અગ્નિમાં બાળવાની તાકાત છે પણ કોઈ આગળ અગ્નિને [illegible] તો બાળે ને?

પાણી તૃષા છીપાવે છે પણ પીવામાં આવે તો ને?

દૂધ તાકાત આપતું હોય તો પણ તેનું પાન કરે તેને જ તાકાત આપે ને? [illegible] હોય તો પણ તેને [illegible] પડે જ ને? હોડી સામે પાર લઈ જવાના સામર્થ્યવાળી હોય પણ જે તેમાં બેસે તેને જ સામે પાર લઈ જાય ને?

એમ જગત્પૂજ્ય પરમાત્માનાં નામ, પ્રતિમા, દ્રવ્ય, વગેરે પણ તેને જ પવિત્ર બનાવવા સમર્થ છે જેઓ તે નામ પ્રતિમા વગેરેને ધ્યાવી શકે, ઉપાસનાથી વધાવે.

